उन्नति

# વિચાર

વર્ષ ૧૫ અંક ૧ જાન્યુઆરી – એપ્રિલ, ૨૦૧૦

## અનુક્રમ


**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- અન્નના અધિકાર દ્વારા અન્ન સલામતી 2

**મતવ્ય**

- મહિલાઓને ધારાગૃહોમાં અનામત 8

**આપણી વાત**

- અન્નનો અધિકાર: ત્રણ સંગઠનોના અનુભવ 15

**સાંપ્રત પ્રવાહ** 23

**સંદર્ભ સાહિત્ય** 30

**અમારા વિશે** 34


**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### અન્નના અધિકાર દ્વારા માનવ વિકાસ

ભારત ૮૮ દેશોમાં વિશ્વ ભૂખમરા આંકમાં ૬૬મા ક્રમે આવે છે ત્યારે અન્નના અધિકારનો કાયદો અથવા રાષ્ટ્રીય અન્ન સલામતી ધારો ભૂખમરાને ડામવામાં અને અન્ન તથા પોષણની પરિસ્થિતિ સુધારવામાં ખૂબ જ મહત્ત્વનું કદમ સાબિત થઈ શકે છે. દેશમાં સત્તાવાર રીતે ૬.૫ કરોડ પરિવારો ગરીબ છે અને તેમાં પણ ૨.૫ કરોડ પરિવારો અત્યંત ગરીબ છે ત્યારે તેમને સસ્તા ભાવે પર્યાપ્ત અનાજ પૂરું પાડીને અન્ન અને પોષણ ક્ષેત્રે નોંધપાત્ર સુધારો કરી શકાય એમ છે. ગરીબોને અનાજ પૂરું પાડવાની અનેક યોજનાઓ વર્ષોથી ચાલે છે અને તેમાં અનેક ખામીઓ છે તથા સૂચિત અન્ન અધિકાર ધારામાં પણ ઘણી ખામીઓ નજરે પડે છે તેમ છતાં આવા ધારાની આવશ્યકતા વિશે કોઈ બેમત નથી. પ્રશ્ન ધારામાં યોગ્ય જોગવાઈઓ હોય, તેમનો અસરકારક અમલ થાય, અમલ માટે જરૂરી નાણાકીય ફાળવણી થાય, અમલ ઉપર દેખરેખ રાખવા માટેનું તંત્ર ઊભું થાય તથા અધિકારના ભંગ બદલ દંડની જોગવાઈ થાય અને અસરગ્રસ્તને વળતર મળે તે છે. આ ધારો અન્નની પર્યાપ્ત પ્રાપ્તિ દરેક વ્યક્તિને થાય તે માટેની કાનૂની જોગવાઈ કરે છે એ હકીકત જ અન્નના વિતરણ માટેની ભૂતકાળની અને વર્તમાન તમામ યોજનાઓ કરતાં આ ધારાને અલગ ભૂમિકા ઉપર મૂકી આપે છે. અન્નનો અધિકાર મૂળભૂત માનવ અધિકાર છે એ બાબત આ ભૂમિકા માટે અગત્યની બને છે. જાહેર વિતરણ વ્યવસ્થા સાર્વત્રિક બને, અનાજ વિતરણના વર્તમાન ધોરણ કરતાં નવું ધોરણ નીચું ના હોય અને અનાજના ભાવ વધારે ના હોય એ અન્ન અધિકાર ધારાની અસરકારકતા ઊભી કરવા માટેની પૂર્વશરતો છે. વારંવાર દુકાળ, ભૂકંપ, પૂર અને વાવાઝોડાથી અસર પામતા દલિત સમુદાયો, મહિલાઓ અને બાળકો, વૃદ્ધો, અશક્તો, નિરાધાર લોકો અને વિકલાંગ લોકો જેવા વિશિષ્ટ રીતે અસહાય સમુદાયો માટે આ ધારો આશીર્વાદરૂપ બની શકે છે. અપોષણની પરિસ્થિતિને દૂર કરવામાં અને ભૂખમરાને ટાળવામાં સરકારો ભારતમાં ઘણી વાર નિષ્ફળ ગઈ છે ત્યારે વેઠિયા મજૂરો, ખેત મજૂરો, રસ્તે રખડતાં બાળકો, એકલ નારીઓ, આકસ્મિક મજૂરો અને ખેતમજૂરો જેવાં અસહાય જૂથોને આ ધારાનો લાભ મળે એ જરૂરી છે.

અન્ન સલામતી એ માત્ર ઉત્પાદન અને ટેક્નોલોજીનો કે ઉત્પાદન માટેનાં સાધનો સાથે સંબંધિત સવાલ નથી પણ એ અન્નના યોગ્ય અને સમતાપૂર્ણ વિતરણનો પ્રશ્ન પણ છે. જેમ રોજગારીની બાંયધરી સામાજિક જરૂરિયાત છે, તેમ અન્નની બાંયધરી પણ સામાજિક જરૂરિયાત છે અને આર્થિક અનિવાર્યતા છે. આ સંદર્ભે સાથે ભરતમાં અન્ન અધિકાર ધારાનો અમલ થવો ઘટે છે. માનવીય અને ઉત્તરદાયી શાસન હોવાનો એ પુરાવો બનશે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાના અને માહિતી અધિકાર ધારાના કંઈક અંશે સફળ અમલે અન્ન અધિકાર ધારાના અમલ માટે સાનુકૂળ રાજકીય વાતાવરણ ઊભું કર્યું છે. સંતુલિત આહાર માટે જરૂરી ભૌતિક, સામાજિક, આર્થિક અને પર્યાવરણીય માહોલ ઊભો થાય તો જ અન્ન સલામતી ઊભી થાય. તેથી અન્નની પ્રાપ્યતા અને અન્નની પહોંચ ઉપર જેટલું ધ્યાન આપવું જરૂરી છે એટલું જ અન્નની સર્વગ્રાહી વ્યાખ્યા કરીને તેનો નીતિગત સમાવેશ પણ જરૂરી છે. શાસનમાં ભાગીદારીની સિદ્ધિ ત્યારે મળે કે જ્યારે લોકો પોતાની પસંદગીઓ માટે અવાજ ઉઠાવે. અન્નનો અધિકાર એવી શક્યતાઓને ઉજાગર કરી આપે છે. માનવ વિકાસમાં એ રીતે અન્ન અધિકાર ધારાની વિધાયક ભૂમિકા ઊભી થાય એવી વાજબી અપેક્ષા અસ્થાને નથી.

# અન્નના અધિકાર દ્વારા અન્ન સલામતી

ભારત સરકાર અન્ન અધિકાર ધારો લાવી રહી છે. ગરીબોને સસ્તા ભાવે પૂરતું અનાજ મળે અને તેમનું પોષણનું સ્તર ઊંચું આવે તે માટે આ કાયદો ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવશે. તેનાં કાનૂની પાસાં, સાર્વત્રિકતાની આવશ્યકતા અને તેની સાથે સંબંધિત વહીવટી પ્રશ્નો વિશેની છણાવટ **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આ લેખમાં કરવામાં આવી છે. ગરીબીનું નિવારણ અને અન્ન સલામતીના વ્યાપક સંદર્ભ સાથે આ લેખ અન્નના અધિકારનાં વ્યાપક પાસાંને લક્ષમાં લે છે.

## પ્રસ્તાવના

ભારત સરકાર દરેક ગરીબ પરિવારને પર્યાપ્ત અનાજ મેળવવા કાનૂની અધિકાર મળે તે માટે એક કાયદો લાવી રહી છે. નાણાં પ્રધાને તેમના ૨૦૧૦-૧૧ના અંદાજપત્રીય પ્રવચનમાં સરકાર રાષ્ટ્રીય અન્ન સલામતી ધારો સરકાર ઘડી રહી છે એમ જણાવ્યું છે. આ નિર્ણય જેટલો આર્થિક છે તેટલો જ રાજકીય છે. માહિતી અધિકાર ધારો, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો અને વન્ય જમીન અધિકાર ધારા બાદ આ ધારો દેશના આર્થિક, સામાજિક અને રાજકીય માહોલને બદલવાની ગુંજાશ ધરાવે છે.

આ ખરડો અથવા અન્ન અધિકાર ધારો પોષણ અને આરોગ્યની પરિસ્થિતિ દેશમાં સુધારવામાં સહાયરૂપ થશે. અન્ન સલામતી અને પોષણ નિર્દેશકો દુનિયાભરમાં જે દેશોમાં સૌથી ખરાબ છે એમાં ભારતનું સ્થાન છે. વળી, તાજેતરનાં વર્ષોમાં કેટલીક બાબતોમાં પરિસ્થિતિ ભાગ્યે જ સુધરી છે. ઓછું વજન ધરાવતાં બાળકોનું જે પ્રમાણ ૧૯૯૮-૯૯માં હતું તે જ ૨૦૦૫-૦૬માં હતું. નોંધનીય બાબત એ છે કે પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પીયુસીએલ)ના અન્નના અધિકાર કેસ તરીકે જાણીતા કેસમાં જે હુકમો સર્વોચ્ચ અદાલતે આપ્યા તેણે પણ દેશમાં અન્નના અધિકારના કાનૂની માળખા વિશે પૂર્વભૂમિકા તૈયાર કરી હતી.

## કાનૂની દૃષ્ટિકોણ

કાનૂની દૃષ્ટિએ જોઈએ તો, અન્નના અધિકારને ખરડો ઘડવા માટે પૂરતી ભૂમિકા છે. તેમાં આ બાબતો અગત્યની છેઃ

(૧) ભારતના બંધારણમાં કલમ-૨૧માં જીવન જીવવાનો મૂળભૂત અધિકાર સ્વીકારાયો છે. અનેક વાર આ અધિકારનું અર્થઘટન અન્નના અધિકાર તરીકે પણ થયું છે.

(૨) બંધારણમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં લખવામાં આવ્યું છે કે, લોકોની પોષણની કક્ષા ઊંચી લાવવી, જીવનધોરણ ઊંચું લાવવું અને જાહેર આરોગ્ય સુધારવું તેને રાજ્ય પોતાની પ્રાથમિક ફરજો ગણશે.

(૩) ભારતે આ વિશેની અને આંતરરાષ્ટ્રીય સંધિઓ અને ઠરાવો કે ઘોષણાઓ પર સહી કરી છે.

(૪) પીયુસીએલ (પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ)ના કેસ નં-૧૯૬/૨૦૦૧ના સંદર્ભમાં દેશની સર્વોચ્ચ અદાલતે પોષણ સંબંધી અનેક હુકમો જારી કર્યા છે.

કેન્દ્ર સરકાર અન્નના અધિકારનો ખરડો લાવીને સરકારની કાનૂની ફરજ ઊભી કરવા માગે છે. પરંતુ મહત્ત્વનો મુદ્દો એ છે કે સર્વોચ્ચ અદાલતે પીયુસીએલના કેસમાં જે વિગતવાર ચુકાદાઓ આપેલા છે તેમને ધ્યાનમાં લેવા જ પડે અને આ ધારામાં કમ-સે-કમ એ હુકમોની જોગવાઈઓનું પાલન થવું ઘટે. જો આ હુકમોને આ કાયદાના કાર્યક્ષેત્રમાંથી બહાર રાખવામાં આવે તો પછી કાનૂની જોગવાઈઓ આ હુકમો સાથે સંઘર્ષમાં આવે. એટલે કાનૂની રીતે ઊભા થતા અન્નના અધિકારમાં આ હુકમોનો સમાવેશ તો થવો જ જોઈએ અને કાયદાને એ માટેની તક સમજવી જોઈએ.

## જાહેર વિતરણ વ્યવસ્થાઃ સાર્વત્રિક શા માટે?

અન્ન અધિકાર ધારાના સંદર્ભમાં દેશમાં ચાલતી જાહેર વિતરણ વ્યવસ્થા (પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમ) વિશે સતત ચર્ચા ચાલે છે. અત્યારે આ યોજના અન્વયે સસ્તા અનાજની દુકાનોમાંથી ઘઉં, ચોખા, ખાંડ, કેરોસિન અને તેલ આપવામાં આવે છે. સમગ્ર દેશમાં સસ્તા અનાજની મોટા ભાગની દુકાનો ખાનગી દુકાનદારો ધરાવે છે કે જેમને કમિશન આપવામાં આવે છે. આ સમગ્ર યોજનાના સંદર્ભમાં જે કંઈ ખર્ચ ભારત સરકાર કરે છે તેને અન્ન સબસિડી તરીકે ઓળખવામાં આવે છે. રાજ્ય સરકારો પણ તેમની યોજનાઓના અમલ માટે આ જ વ્યવસ્થાનો ઉપયોગ કરે છે અને સબસિડી આપે છે. આ યોજના હેઠળ અત્યારે એપીએલ, બીપીએલ અને અંત્યોદય એમ ત્રણ પ્રકારનાં કાર્ડ છે અને દરેક કાર્ડધારક પરિવાર માટે અન્ન વિતરણનાં જુદાં જુદાં ધોરણો નક્કી કરાયેલાં છે.

## અન્નના અધિકારના સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતના હુકમો હેઠળ પ્રવર્તમાન યોજનાઓ અને તેમના અમલ માટે ધ્યાનમાં લેવાના મુદ્દા

### યોજનાઓ

**૧. સંકલિત બાળ વિકાસ સેવાઓ**

• દરેક વસાહતમાં એક આંગણવાડી હોય. તેમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓની વસાહતો અને શહેરી ઝૂંપડપટ્ટીઓને પ્રાધાન્ય આપવામાં આવે. છ વર્ષથી ઓછી વયનાં ૪૦ બાળકો હોય તેવી વસાહતમાં માંગણી થયે આંગણવાડી આપવામાં આવે.

• તેના તમામ લાભાર્થીઓને વર્ષમાં ૩૦૦ દિવસ માટે પૂરક પોષણ મેળવવાનો અધિકાર છે. તેને માટે આ જરૂરિયાત છેઃ છ વર્ષથી ઓછી વયનાં બાળકોને ૩૦૦ કેલરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન મળવું જોઈએ, દરેક કિશોરી, સગર્ભા સ્ત્રી અને ધાત્રી માતાને ૫૦૦ કેલરી અને ૨૦-૨૫ ગ્રામ પ્રોટીન મળે, તથા દરેક અપોષણથી પિડાતા બાળકને ૬૦૦ કેલરી અને ૧૬-૨૦ ગ્રામ પ્રોટીન મળે.

• પોષણનો પુરવઠો પૂરો પાડવા માટે કોન્ટ્રેક્ટરોનો ઉપયોગ ના થવો જોઈએ.

**૨. મધ્યાહ્ન ભોજન યોજના**

• સરકારની અને સરકાર દ્વારા સહાયિત તમામ પ્રાથમિક શાળાઓમાં દરેક બાળકને રોજ રાંધેલું અનાજ પૂરું પાડવું જોઈએ. વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ દરરોજ ૩૦૦ કેલરી અને ૮થી ૧૨ ગ્રામ પ્રોટીન ધરાવતો ખોરાક અપાય.

• દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ઉનાળાના વેકેશન દરમ્યાન પણ બાળકોને મધ્યાહ્ન ભોજન પ્રાપ્ત કરવાનો હક્ક છે.

**૩. લક્ષ્યાંકિત જાહેર વિતરણ વ્યવસ્થા**

• ગરીબીની રેખા નીચે જીવતા તમામ પરિવારોને ૩૫ કિગ્રા અનાજ મળે.

• બી.પી.એલ. પરિવારોને હપતામાં ખરીદી કરવાની છૂટ હોવી જોઈએ.

• રેશનિંગની તમામ દુકાનો નિયમિત રીતે ખુલ્લી હોય.

**૪. અંત્યોદય અન્ન યોજના**

આ જૂથોને અંત્યોદય કાર્ડ આપવાંઃ (૧) વૃદ્ધો, વિકલાંગો, અશક્તો, નિરાધારો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ. (૨) વિધવાઓ અને નિયમિત ટેકો ન ધરાવતી અન્ય એકલ નારીઓ. (૩) ૬૦થી વધુ વયના વૃદ્ધો કે જેમને નિયમિત આધાર નથી કે જીવનનિર્વાહનાં ખાતરીબંધ સાધનો નથી. (૪) પુખ્ત વયની વિકલાંગ વ્યક્તિના વડપણ હેઠળના પરિવારો. (૫) વૃદ્ધત્વ, શારીરિક અથવા માનસિક શક્તિનો અભાવ, સામાજિક રીતરિવાજોને લીધે ઘરની બહાર જઈને રોજગારી ન મેળવી શકે તેવા પરિવારો. (૬) આદિમ જાતિઓ.

**૫. રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના**

દર મહિને પાત્ર વ્યક્તિને પેન્શન મળે. ૬૫ વર્ષથી વધુ વયના તમામ બીપીએલ લોકોને દર મહિને રૂ. ૪૦૦નું પેન્શન મળે.

**૬. રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના**

તમામ સગર્ભા બીપીએલ મહિલાઓને રૂ.૫૦૦ની રોકડ સહાય આપવામાં આવે છે.

**૭. રાષ્ટ્રીય કુટુંબ લાભ યોજના**

બીપીએલ પરિવારમાં રોજી-રોટી કમાનાર વ્યક્તિનું મૃત્યુ થાય તો મૃત્યુના ચાર સપ્તાહમાં રૂ. ૧૦,૦૦૦ની રોકડ સહાય અને પરિવારને મળે.

### અમલ માટે મહત્ત્વના મુદ્દા

**૧. ગ્રામ સભા પ્રત્યે ઉત્તરદાયિત્વ**

અન્ન સાથે સંબંધિત તમામ યોજનાઓ અંગે સામાજિક અન્વેષણ હાથ ધરવાનો ગ્રામ સભાને અધિકાર છે. ભંડોળના દુરુપયોગની તમામ વિગતો રજૂ કરવાનો તેને હક છે. અમલકર્તા સત્તાવાળાઓ આવી ફરિયાદો અંગે તપાસ કરે અને કાયદાનુસાર પગલાં ભરે એ જરૂરી છે.

**૨. માહિતીની પ્રાપ્તિ**

ગ્રામ સભાને અન્ન સાથે સંબંધિત તમામ યોજનાઓના અમલ ઉપર દેખરેખ રાખવાની સત્તા છે અને તે જરૂરી માહિતી ભેગી કરી શકે છે. લાભાર્થીઓની પસંદગી અને લાભની વહેંચણી વિશેની માહિતી તે મેળવી શકે છે.

**૩. યોજનાઓ બંધ ન કરવી**

સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે તેના હુકમો હેઠળ આવરી લેવાયેલી કોઈ પણ યોજના અદાલતની પૂર્વમંજૂરી વિના બંધ કરી દેવી નહિ.

## અન્ન સલામતી, અન્નની અસલામતી અને અપૂરતું પોષણ એટલે શું?

**અન્ન સલામતી**

જ્યારે બધા લોકોને બધો સમય પૂરતા સલામત અને પોષક આહારની ભૌતિક, સામાજિક અને આર્થિક રીતે પ્રાપ્તિ થાય છે કે જેથી તેમની આહારની જરૂરિયાતો તથા સક્રિય અને તંદુરસ્ત જીવન માટેની આહારની પ્રાથમિકતાઓ સંતોષાય છે ત્યારે તેને અન્ન સલામતી તરીકે ઓળખવામાં આવે છે. અન્ન સલામતીનો આ ખ્યાલ પરિવારના સ્તરે પણ લાગુ પડે છે અને તેમાં દરેક વ્યક્તિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

**અન્નની અસલામતી**

લોકોને જ્યારે ઉપર જણાવ્યું તે મુજબ પર્યાપ્ત માત્રામાં ભૌતિક, સામાજિક અને આર્થિક રીતે આહાર પ્રાપ્ત ન થાય ત્યારે અન્નની અસલામતી અસ્તિત્વમાં છે એમ કહેવાય છે.

**અપૂરતું પોષણ**

લઘુતમ આહાર ઊર્જાની જરૂરિયાત કરતાં પણ જ્યારે ઓછી કેલેરી મળતી હોય ત્યારે અપૂરતું પોષણ અસ્તિત્વમાં છે એમ કહેવાય છે. હળવી પ્રવૃત્તિઓ કરવા માટે અને ઊંચાઈ મુજબ સ્વીકૃત લઘુતમ વજન ધરાવવા માટે જે આહારની જરૂરિયાત ઊભી થાય તેને લઘુતમ આહાર ઊર્જાની જરૂરિયાત તરીકે ઓળખવામાં આવે છે. આ બાબત દેશે દેશે, વર્ષે વર્ષે, ઉંમરે ઉંમરે અને પુરુષ તથા સ્ત્રીમાં જુદી જુદી હોય છે. સામાન્ય રીતે અપૂરતા પોષણને ભૂખમરા તરીકે ઓળખવામાં આવે છે.

૧૯૯૭ અગાઉ આ વ્યવસ્થા દેશના તમામ પરિવારો માટે હતી. ૧૯૯૭માં લક્ષ્યાંકિત (ટાર્ગેટેડ) જાહેર વિતરણ વ્યવસ્થા દાખલ કરાઈ. ૨૦૦૦-૦૧માં એપીએલ પરિવારો માટે ભાવ એટલા બધા વધારાયા કે જેથી તેઓ આ વ્યવસ્થાની બહાર જ નીકળી ગયા. ભારતનો અનુભવ આ વ્યવસ્થાના સંદર્ભમાં પ્રોત્સાહક રહ્યો નથી. અનાજની સરકાર દ્વારા પ્રાપ્તિની સમસ્યાઓને બાજુ પર મૂકો તો પણ બીપીએલ પરિવારોની ઓળખમાં જ મોટી સમસ્યાઓ છે અને અનાજના વિતરણને લગતી સમસ્યાઓ પણ છે.

અન્નના અધિકારના કાનૂનના સુચારુ અમલ માટે જાહેર વિતરણ વ્યવસ્થાને સુદૃઢ કરવી પડે તેમ છે. એ જ રીતે, આ જ વ્યવસ્થા હેઠળ કઠોળ અને તેલનો સમાવેશ કાનૂની અધિકાર તરીકે થવો જોઈએ. જો કે, એમાં લક્ષ્યાંકિત જૂથો માટે જ વ્યવસ્થા કરી શકાય. અંત્યોદય અન્ન યોજનાના કાર્ડધારકોને ૫ કિગ્રા જેટલું કઠોળ અને ૫૦૦ ગ્રામ ખાદ્ય તેલ આપી શકાય.

જાહેર વિતરણ વ્યવસ્થા સૌને માટે ઉપલબ્ધ બનાવવા પાછળ જે સૌથી અગત્યની દલીલ કરવામાં આવે છે તે છે સમતાની. અન્નનો અધિકાર સાર્વત્રિક હોવો જોઈએ. જો એમ ના હોય તો તેનાથી બાકાત કોને રાખવા અને કેવી રીતે રાખવા એ સવાલ ઊભો થાય અને તેમાં ઘણાની બાદબાકી ઈરાદાપૂર્વક કે વિનાઈરાદે થઈ જાય. વળી, નોબેલ ઈનામ યોજના અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન કહે છે તેમ "ગરીબો માટેના લાભ છેવટે ખરાબ રીતે અપાતા લાભ બની જાય છે". જેમને લાભ નહિ આપવાના ઈરાદે તેઓ સારી આર્થિક સ્થિતિના હોવાના લીધે બાકાત રાખવામાં આવે છે તેઓ જ ખરેખર તો સમગ્ર વ્યવસ્થા યોગ્ય રીતે કામ કરે તેમાં ફાળો આપતા હોય છે. આ ઉપરાંત, લક્ષ્યાંક નક્કી કરવામાં જે ખર્ચ થાય છે તે ઘણું વધારે હોય છે. તેમાં નાણાકીય ખર્ચ થાય છે અને ખોટી ઓળખ થાય છે. વળી, જો જાહેર વિતરણ વ્યવસ્થાને સાર્વત્રિક બનાવવામાં આવે તો સસ્તા અનાજની દુકાનો નાણાકીય રીતે સક્ષમ બની શકે કારણ કે તેમના ગ્રાહકોમાં નોંધપાત્ર વધારો થાય.

## નાણાકીય વ્યવસ્થાઓ

અન્ન અધિકાર ધારાનો અમલ થવાથી શું ખર્ચ થશે એ રાજકોષીય રીતે અગત્યનું પાસું છે. આ ધારા હેઠળ નવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવશે અને એ યોજનાઓ પાછળ કેટલું ખર્ચ થશે, તથા હાલની યોજનાઓનો કેટલો વિસ્તાર થશે એના ઉપર જ અન્ન અધિકાર ધારામાં અમલને લીધે થનારા ખર્ચનો આધાર રહે છ.

૨૦૦૯-૧૦ના અંદાજપત્ર અનુસાર કેન્દ્ર સરકારે મધ્યાહ્ન ભોજન યોજના માટે રૂ. ૮,૦૦૦ કરોડ, આઈસીડીએસ માટે રૂ. ૬,૦૨૬ કરોડ, સામાજિક સલામતી અને કલ્યાણની યોજનાઓ માટે રૂ. ૬,૫૨૩ કરોડ અને અન્ન સબસિડી પેટે રૂ. ૪૩,૬૨૭ કરોડની ફાળવણી કરી છે. આ રીતે હાલ કુલ રૂ. ૬૪,૧૭૬ કરોડનો ખર્ચ થાય છે. એક એવો અંદાજ છે કે જો આઈસીડીએસ હેઠળ જરૂરી ગુણવત્તા સાથે સેવાઓ પૂરી પાડવામાં આવે તો રૂ. ૩૦,૦૦૦ કરોડ જેટલી વધારાની રકમની આવશ્યકતા રહે છે. વળી, જો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ૩૫ કિગ્રા અનાજ પૂરું પાડવામાં આવે તો રૂ. ૧.૧૫ લાખ કરોડનો ખર્ચ થવાની ધારણા છે. આ રીતે અન્ન અધિકાર ધારાના અમલ માટેનું ખર્ચ અત્યારે એ પ્રકારની યોજનાઓ માટે થઈ રહેલા ખર્ચ કરતાં લગભગ બમણું થાય.

દરેક બીપીએલ પરિવારને મહિને ૨૫ કિગ્રા અનાજ આપવાનું

વચન કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં આપવામાં આવ્યું હતું. પરંતુ એ સ્વીકાર્ય નથી. તેનું કારણ છે કે -

(૧) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અંત્યોદય અન્ન યોજનામાં ૩૫ કિગ્રા અનાજ આપવાની જોગવાઈ છે જ.

(૨) સર્વોચ્ચ અદાલતે પણ ૩૫ કિગ્રા અનાજના હકને તેના હુકમોમાં પ્રસ્થાપિત કર્યો છે.

આ અર્થમાં જોઈએ તો, સવાલ દેશના તમામ પરિવારો માટે અન્નનો અધિકાર ઊભો કરવાનો છે, કોને એ અધિકાર આપવો અને કોને એ અધિકાર ના આપવો એ ચર્ચાનો મુદ્દો બનવો ન જોઈએ. કારણ એ છે કે જો બીપીએલ કે અંત્યોદય કાર્ડધારકો માટે જ સસ્તા અનાજની વ્યવસ્થા કરવામાં આવે છે તો, યોગ્યતા ધરાવતા અનેક પરિવારો લાભથી વંચિત રહે છે અને અયોગ્ય પરિવારો જાહેર વિતરણ વ્યવસ્થાનો લાભ લઈને તેનો દુરુપયોગ કરે છે, તેથી જ આ સમગ્ર વ્યવસ્થાને સાર્વત્રિક બનાવવી જોઈએ અને તેમાં આટલું ખર્ચ થાય તેમ છે.

૨૦૧૦-૧૧નું અંદાજપત્ર લગભગ ૧૧.૨૦ લાખ કરોડ રૂ.નું છે. જો અન્નના અધિકાર માટે રૂ. ૧.૫૦ લાખ કરોડ રૂ.નું પણ ખર્ચ થાય તો તે કુલ ખર્ચના ૧૩.૩૯ ટકા જેટલું થાય. તેમાં તમામ પ્રકારના વહીવટી ખર્ચ અને પગાર, પેન્શન વગેરેના ખર્ચનો સમાવેશ થઈ જ જાય છે. એ ખર્ચને બાદ કરવામાં આવે તો ગરીબોને પોષણ કે અનાજ માટેનો ખર્ચ રૂ. ૧ લખા કરોડથી વધારે ના થયો ગણાય.

### મહત્ત્વના પ્રશ્નો

અન્ન અધિકાર ધારો ઘડાય તેના સંદર્ભમાં કેટલાક અગત્યના મુદ્દા ધ્યાનમાં લેવા જેવા છેઃ

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો-૨૦૦૫ એ વાસ્તવમાં અન્નના અધિકારને ચરિતાર્થ કરવાની દિશાનું એક પગલું છે. તેમાં કામ માગો એટલે મળશે એવી જોગવાઈ કરાઈ છે, પરંતુ એવું બનતું નથી. વળી, ઘણા લોકો વૃદ્ધત્વ અને બીમારીના લીધે પણ આ કાનૂન હેઠળ રોજગારી મેળવતા નથી. તેથી અત્યારે અંત્યોદય અન્ન યોજના હેઠળ એક પરિવારને ૩૫ કિગ્રા અનાજ ફાળવવામાં આવે છે તેમાં ઘટાડો ન જ થવો જોઈએ.

(૨) જાહેર વિતરણ વ્યવસ્થા એટલે કે સસ્તા અનાજની દુકાનોની વ્યવસ્થા સાર્વત્રિક  બનાવવી જોઈએ. જો એમ થાય તો લક્ષ્યાંકિત વ્યવસ્થાથી જે પરિવારો બાકાત રહી જાય છે એ રહી ના જાય. દેશના ૨૦૦ જિલ્લાથી તેની શરૂઆત કરી શકાય.

### અન્નનો અધિકાર

ખાદ્ય ચીજોના ઊંચા ભાવોને લીધે દુનિયાભરમાં અન્નની સલામતીની જે કટોકટી ઊભી થઈ તેના કાયમી ઉકેલ તરીકે પર્યાપ્ત અન્નના અધિકારને મૂળભૂત બાબત ગણવામાં આવી છે. આ કટોકટીએ અસહાય લોકોને વધારે વિપરીત રીતે અસર કરી. ૨૦૦૯માં અન્ન સલામતી માટે 'સંયુક્ત રાષ્ટ્રો' (યુનાઈટેડ નેશન્સ-યુએન) દ્વારા ઉચ્ચ સ્તરની બેઠકે અન્નના અધિકારને મહત્ત્વનો ગણાવ્યો હતો. મહામંત્રી બાન કી-મુન દ્વારા અન્ન સલામતીને પ્રોત્સાહન આપવા માટે અન્નના અધિકારનો સમાવેશ વિશ્લેષણ કાર્ય અને ઉત્તરદાયિત્વના આધાર તરીકે કરવા જણાવ્યું હતું.

અન્નનો અધિકાર એક પાયાનો માનવ અધિકાર છે કે જેનો સમાવેશ આંતરરાષ્ટ્રીય કાયદામાં કરવામાં આવેલો છે. માત્ર ભૂખમરાને રોકવા માટે નહિ પરંતુ આરોગ્ય અને સુખાકારી માટે પૂરતા પ્રમાણમાં અન્નનું ઉત્પાદન થાય અને તે ખરીદવાની આર્થિક શક્તિ સૌની પાસે હોય એ જરૂરી છે.

(૩) જે અત્યંત અસહાય પરિવારો છે તેમને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિશેષ હકો આપવા જોઈએ. અન્ન અધિકાર ધારા હેઠળ જો અંત્યોદય અન્ન યોજના હેઠળના લાભાર્થી પરિવારોમાં વધારો કરવામાં આવે તો આ ધ્યેય પાર પડી શકે.

(૪) બાળકોને સીધા પોષણની વ્યવસ્થા થવી જોઈએ. મધ્યાહ્ન ભોજન યોજના માટે સર્વોચ્ચ અદાલતે જે હુકમો કર્યા છે તેનું પાલન આ કાયદા થકી થવું જોઈએ. એ જ રીતે, સંકલિત બાળ વિકાસ સેવાઓ( આઈસીડીએસ) હેઠળ ધાત્રી માતાઓ, સગર્ભા સ્ત્રીઓ, કિશોરીઓ અને બાળકોને જે પોષણ મળવાપાત્ર છે તેનો સમાવેશ પણ સર્વોચ્ચ અદાલતના હુકમોના સંદર્ભમાં આ કાયદામાં થવો જોઈએ.

### અન્ન અધિકારની સાથેની બાબતો

અન્ન અધિકાર ધારો શું પોષણ અને આરોગ્યની પરિસ્થિતિ સુધારવા માટે પૂરતો છે? ના. વાસ્તવમાં, એ નોંધવું ઈચ્છનીય છે કે ઓછા ભાવે અનાજની જોગવાઈ કરવા ઉપરાંત ઘણી બાબતોનો સમાવેશ અન્નના અધિકારમાં થાય છે. અન્નના અધિકારનો અર્થ છે ભૂખમરો, અપોષણ અને અન્નના અભાવ સાથે સંબંધિત ચીજોથી મુક્તિ મેળવવી. આ રીતે જો જોઈએ તો, અન્ન અધિકાર ધારાએ સસ્તું અનાજ ગરીબોને મળે તેની સાથે સાથે સારા પોષણની બાંયધરી આપે તેવા અન્ય હકોનું પણ સર્જન કરવું પડે. તેને માટે કેલરી, પ્રોટીન, ચરબી અને અન્ય પોષક તત્ત્વો જેમાં હોય તેવો પોષક અને સંતુલિત આહાર

## વિશ્વ અન્ન સલામતી શિખર પરિષદ

ઇટાલીના પાટનગર રોમમાં તા.૧૬-૧૮ નવેમ્બર, ૨૦૦૯ દરમ્યાન યુરોપના દેશોની વિશ્વ અન્ન સલામતી શિખર પરિષદ દુનિયામાંથી ભૂખમરો દૂર કરવા માટે તત્કાળ પગલાં ભરવા મળી હતી. આ પરિષદમાં જે ઘોષણા બહાર પાડવામાં આવી તેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ છેઃ

(૧) જે તે દેશની યોજનાઓમાં રોકાણ કરવું અને યોગ્ય રીતે ઘડાયેલાં કાર્યક્રમો તથા પરિણામ આધારિત કાર્યક્રમો અને ભાગીદારીઓ માટે સંસાધનો જોતરવાં.

(૨) શાસનની વ્યવસ્થા સુધારવા માટે, સંસાધનોની વધારે સારી ફાળવણીને પ્રોત્સાહન આપવા માટે અને પ્રયાસો બેવડાય નહિ તે માટે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે વ્યૂહાત્મક સંકલન સાધવું.

(૩) ગરીબી અને ભૂખમરાનાં મૂળ કારણો દૂર કરવા માટેના મધ્યમ અને લાંબા ગાળાના ચિરંતન કૃષિગત કાર્યક્રમો, અન્ન સલામતી અને પોષણના કાર્યક્રમો તથા ગ્રામ વિકાસના કાર્યક્રમોને સર્વગ્રાહી બનાવવા. તે માટે પર્યાપ્ત અન્નનો અધિકાર સિદ્ધ થાય તે જોવું.

(૪) સૌથી વધારે અસહાય લોકો ભૂખમરાનો સામનો કરી શકે તે માટે તત્કાળ સીધાં પગલાં ભરવાં.

(૫) સલામત, પર્યાપ્ત અને પોષક આહાર દરેકને પ્રાપ્ત થાય એ સૌનો અધિકાર છે. રાષ્ટ્રીય અન્ન સલામતીના સંદર્ભમાં આ અધિકાર સતત સિદ્ધ થવો જોઈએ.

(૬) ગરીબીનો સામનો કરવા માટે અને અન્નની પ્રાપ્તિ વધારવા માટે ગ્રામ વિકાસ, રોજગારીનું સર્જન અને આવકનું સમતાપૂર્ણ સર્જન વગેરેને ટેકો આપવો જરૂરી છે.

(૭) ઉત્પાદન વધે, સુધારેલું બિયારણ પ્રાપ્ત થાય, સંસાધનો પ્રાપ્ત થાય અને વાતાવરણમાં થતા ફેરફારોને અનુકૂળ એવી ખેતી થાય તથા ટકાઉ ખેતી માટેના પ્રયાસો વધે તે જરૂરી છે.

(૮) વિકસતા દેશોમાં નાના ખેડૂતોને પ્રોત્સાહન મળે તે માટે વિશેષ પગલાં ભરવાં જોઈએ. વિશ્વના બજારમાં તેઓ સમાન ધોરણે હરીફાઈ કરી શકે તે માટે તેમની ઉત્પાદકતામાં વધારો થાય તે રીતે તેમને સક્ષમ બનાવવા જોઈએ.

(૯) અન્નની વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સલામતીને વિપરીત અસર થાય તેવાં કોઈ પગલાં ભરાવાં જોઈએ નહિ. વિશ્વ વ્યાપાર સંગઠન (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન-ડબલ્યુટીઓ) સાથે સુસંગત એવાં વ્યાપારમાં વિકૃતિ ન લાવતાં પગલાં ભરાવાં જોઈએ.

તો મળવો જ જોઈએ. પણ સાથે સાથે બાળ સંભાળ, ચોખ્ખુ પીવાનું પાણી, સફાઈ, પાયાની આરોગ્ય સંભાળ વગેરે પણ ઉપલબ્ધ થવાં જોઈએ.

વળી, જો અન્ન અધિકાર ધારામાં માત્ર અન્ન ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પણ જમીન, પાણી, જંગલો વગેરેની પહોંચના પ્રશ્નો સાથે તેને સાંકળવો જ પડે. લોકોના જીવનનિર્વાહમાં આ બાબતો અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે, અને તેથી આ બાબતો સાથે સંબંધિત સમસ્યાઓના ઉકેલો પણ શોધવા જોઈએ.

### રાજ્યની ભૂમિકા

રાજ્યની ભૂમિકા અન્નના અધિકારને ચરિતાર્થ કરવામાં અગત્યની છે. પરંતુ તે તેમ કરવામાં ઘણી વાર સ્થાપિત હિતો ધરાવતી કંપનીઓ સાથે સંઘર્ષમાં આવે છે. તેથી ભારતમાં રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે વિશેષ ધ્યાન આપવાનું રહે છે. વૈશ્વિકીકરણ અને ઉદારીકરણના યુગમાં કંપનીઓ સરકારી નીતિઓ અને કાર્યક્રમો કે યોજનાઓ પર ભારે પ્રભાવ પાડે છે. એ સંજોગોમાં સરકારો પોતાની આચારસંહિતા નીચે મુજબ ઘડે તો અન્નનો અધિકાર વ્યવહારુ બનાવવામાં તે વધારે ઉપયોગી થાય.

- જાહેર આરોગ્ય અને પોષણ કાર્યક્રમોના અમલ માટે કે નીતિનિર્ધારણ માટે રાજ્ય વ્યાપારી અન્ન અને પોષણ ક્ષેત્ર તથા સ્થાપિત હિતો સાથે ભાગીદારી નહિ કરે.
- કોઈ પણ સરકારી અધિકારી કે કર્મચારી અન્નના અધિકાર સાથે સંઘર્ષમાં આવે તેવાં કોઈ પણ કાર્યો નહિ કરે. જેમ કે, ખાનગી કંપનીઓ દ્વારા ભેટ કે નાણાં નહિ સ્વીકારે, સંશોધન માટેની સહાય પણ નહિ સ્વીકારે.
- અન્ન કે પોષણની નીતિ સાથે સંબંધિત એવી બાબતો વિશે ઉદ્યોગ ક્ષેત્ર કે સ્થાપિત હિતો સાથે જે કંઈ સંપર્ક થાય તે પારદર્શી હશે. જાહેર સુનાવણીઓ, જાહેરાતો અને દસ્તાવેજોની જાહેરાત દ્વારા પારદર્શિતા ઊભી કરવામાં આવે.
- સરકારી સમિતિ, પરિષદ, પેનલ કે બીજી કોઈ સરકારી સંસ્થામાં ખાનગી ક્ષેત્રને સામેલ કરવામાં નહિ આવે.
- અન્ન અને પોષણના ક્ષેત્રે જાહેર શિક્ષણના કોઈ પ્રયાસ કે અન્ન અને પોષણ નીતિ સાથે સંબંધિત એવા કોઈ પણ પ્રયાસમાં સરકારે ખાનગી ક્ષેત્રનો ટેકો મેળવવો નહિ.
- ઉદ્યોગ ક્ષેત્ર કે સ્થાપિત હિતો દ્વારા તૈયાર કરવામાં આવેલા નીતિ વિષયક મુસદ્દાને સરકાર સ્વીકારશે નહિ કે પછી તેને મંજૂર કરશે નહિ.
- અન્ન અને પોષણના દાવાઓનો ઉપયોગ કંપનીઓ તેમની વસ્તુઓ માટે ના કરે એ સરકારે જોવું.

## વિશ્વ અન્ન સલામતી શિખર પરિષદ: સામાજિક આંદોલનોની ઘોષણા

ઇટાલીના પાટનગર રોમમાં તા.૧૬-૧૮ નવેમ્બર, ૨૦૦૯ દરમ્યાન યુરોપના દેશોની વિશ્વ અન્ન સલામતી શિખર પરિષદ દુનિયામાંથી ભૂખમરો દૂર કરવા માટે તત્કાળ પગલાં ભરવા મળી હતી. આ પરિષદની સમાંતર સામાજિક આંદોલનો, બિન-સરકારી સંગઠનો અને નાગરિક સમાજનાં સંગઠનોએ તા.૧૩-૧૭ નવેમ્બર, ૨૦૦૯ દરમ્યાન પરિષદ બોલાવી હતી. તેમાં ૯૩ દેશોનાં ખેડૂતો, નાના માછીમારો, પશુપાલકો, આદિવાસીઓ, ખેતમજૂરો, શહેરી ગરીબો, યુવાનો અને મહિલાઓનાં ૪૫૦ સંગઠનોના ક૯૨ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ પરિષદમાં બહાર પાડવામાં આવેલી ઘોષણાના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ છે:

(૧) જેઓ અન્નનું ઉત્પાદન કરે છે તેમને સમતાપૂર્ણ રીતે જમીન, પાણી, બિયારણ, માછી, જૈવ વૈવિધ્ય વગેરે પ્રાપ્ત થવાં જોઈએ અને તેમનો તેમના ઉપર અંકુશ હોવો જોઈએ. આનો અર્થ અન્નનું સાર્વભૌમત્વ થાય છે.

(૨) તમામ લોકોને અન્ન કેવી રીતે ઉત્પન્ન થાય અને તેનું વિતરણ કેવી રીતે થાય તે નક્કી કરવામાં ભાગીદાર થવાનો અધિકાર છે અને તે તેમની જવાબદારી છે.

(૩) પર્યાપ્ત, પ્રાપ્ય, પહોંચક્ષમ, સાંસ્કૃતિક રીતે સ્વીકાર્ય અને પોષક આહારના અધિકારને સરકારોએ માન આપવું જોઈએ, તેનું રક્ષણ કરવું જોઈએ અને એ અધિકાર પરિપૂર્ણ કરવો જોઈએ.

(૪) કટોકટીના સમયમાં સહાય પૂરી પાડવાની જવાબદારી સરકારની છે. પરંતુ તેમાં અન્નનું સાર્વભૌમત્વ અને માનવ અધિકારોનો ભંગ થવો જોઈએ નહિ.

(૫) કટોકટીના સમયમાં પૂરી પાડવામાં આવતી સહાય શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક રીતે પ્રાપ્ત થવી જોઈએ અને દેશોને જનીન રીતે સુધારિત અન્ન (જેનેટિકલી મોડિફાઈડ ફૂડ) સ્વીકારવા માટે કોઈ દબાણ કરવું જોઈએ નહિ. અન્નનો ઉપયોગ રાજકીય શસ્ત્ર તરીકે થવો જોઈએ નહિ.

(૬) સશસ્ત્ર સંઘર્ષો, કોઈ દેશનો બીજા દેશ ઉપરનો કબજો અથવા કટોકટીની પરિસ્થિતિમાં અસરગ્રસ્ત લોકોના અધિકારોનો ભંગ થવો જોઈએ નહિ.

(૭) દુનિયાભરમાં ભૂખમરાથી પીડાતા લોકોની સંખ્યા લગભગ ૧૦૦ કરોડથી પણ વધારે છે અને આ સંખ્યા વધી રહી છે ત્યારે દુનિયાભરમાંથી ભૂખમરાની દુર્ઘટનાનું નિવારણ કરવા માટેનો ખરો ઉપાય અન્નનું સાર્વભૌમત્વ છે.

## ફરિયાદોનું નિવારણ

જાહેર વિતરણ વ્યવસ્થામાં એક મોટો અવરોધ તેના અમલમાં રહેલી ખામીઓ છે. આ ખામીઓના અસરકારક નિવારણ માટેનું તંત્ર વિકસ્યું નથી. જેટલું અનાજ કાર્ડધારકને જોઈએ તેટલું અનાજ દુકાનદારને આપવામાં આવ્યું છે કે નહિ અને કેટલું અનાજ ખરેખર કાર્ડધારક સુધી પહોંચે છે તે બાબત ઉપર દેખરેખ રાખવા માટે કોઈ તંત્ર સરકારે વિકસાવ્યું નથી. દુકાનદારો પાસેથી અનાજ પગ કરી જાય છે તેનું મુખ્ય કારણ એ જ છે. નવા કાયદામાં જો કાયદા હેઠળના અધિકારનો ભંગ થાય તો દંડ થાય, જેના અધિકારનો ભંગ થયો છે એને વળતર મળે અને નજર રાખનારી એક સ્વતંત્ર સંસ્થા ઊભી થાય એ માટેની જોગવાઈઓ થવી અનિવાર્ય છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં આ પ્રકારની દંડાત્મક જોગવાઈની કોઈ વ્યવસ્થા નથી. ઉપરાંત, દેખરેખ માટે સ્થાનિક સ્તરે ગ્રાહક સુરક્ષા સમિતિઓની રચના કરવાની જોગવાઈ કરાઈ છે પણ તે અસરકારક નથી એવો અનુભવ નવી વ્યવસ્થા માટે ધ્યાનમાં રાખવો જરૂરી છે.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાના અમલની બાબતમાં પણ આ એક મોટી ખામી છે. એમાં પણ ફરિયાદોના નિવારણની વ્યવસ્થા અત્યંત નબળી છે. જો કાનૂની જોગવાઈઓને અવગણવામાં આવે અથવા તેમનો અમલ જ ના થાય તો પછી એ જોગવાઈઓનો કશો અર્થ રહેતો નથી. જ્યારે વ્યક્તિગત અધિકારોનો ભંગ કરવામાં આવે ત્યારે દંડ અને વળતરની વ્યવસ્થા સૂચિત અન્ન અધિકાર ધારામાં કરવામાં આવે એ જરૂરી બને છે. રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય સ્તરે દેખરેખ માટેની આવી વ્યવસ્થા વ્યાપક સત્તાઓ સાથે ઊભી થવી જોઈએ. માહિતી અધિકાર ધારા અન્વયે જે પ્રકારે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે માહિતી પંચો સત્તાઓ સાથે કામ કરે છે એ ઉદાહરણ અગત્યનું છે.

## ઉપસંહાર

અન્ન અધિકાર ધારો ભારતમાં અમલી બને એ એક રાજકીય મુદ્દો છે. જેઓ મુક્ત બજારમાં માને છે તેઓ રાજ્યની આર્થિક વ્યવસ્થાઓનો વિરોધ કરે છે. અન્ન અધિકાર ધારો રાજ્યની વર્તમાન આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવે છે. તેથી ભૂતકાળના અનુભવોને આધારે રાજ્યનું સંચાલન ખૂબ ખરાબ છે એમ સાબિત કરીને આ ધારાને અને તે હેઠળની વ્યવસ્થાને બદનામ કરવાનો અને તેને બદલે બજાર-આધારિત વ્યવસ્થા ઊભી કરવાના પ્રયાસ જોરશોરથી થશે એમાં કોઈ શંકા નથી. આ દૃષ્ટિએ આ ધારાને અને તેના સુચારુ અમલને રાજકીય પીઠબળ મળી રહે તે જરૂરી છે. સાથે સાથે રાજ્ય એક કલ્યાણ રાજ્ય તરીકે પોતાની ભૂમિકા ભજવવા માટે ધારાના અસરકારક અમલ માટે પ્રવૃત્ત થાય એ અનિવાર્ય છે.

# મહિલાઓને ધારાગૃહોમાં અનામત

દેશની વિધાનસભાઓ અને સંસદમાં મહિલાઓને માટે એક-તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈઓ વિશેનો ખરડો રાજ્યસભામાં પસાર કરાયો છે. છેલ્લાં ૧૪ વર્ષથી આ ખરડા વિશે ચાલતી કશ્મકશનો અંત તો ત્યારે આવશે કે જ્યારે લોકસભા તેને પસાર કરે અને પછી તે અમલી બને. બંધારણમાં થનારા આ સુધારાની જરૂરિયાત, એની આડેના અવરોધો અને લાભાલાભ તથા એની અસરો વિશે કેટલાક સામાજિક કર્મશીલોનાં મંતવ્યો અહીં રજૂ કરાયાં છે.

## ડો. અસગરઅલી એન્જિનિયર

મહિલાઓના ૧૪ વર્ષ લાંબા સંઘર્ષ બાદ રાજ્યસભાએ મહિલા અનામત ખરડાને મંજૂરી આપી છે. પછાત વર્ગોની રાજનીતિના માંધાતાઓએ આ ખરડો પસાર ના થાય તે માટે ઘણી કોશિશ કરી. પરંતુ તેઓ સફળ ના થયા. તેમની એ દલીલમાં કોઈ દમ નથી કે આ ખરડાનો લાભ માત્ર ઉચ્ચ જ્ઞાતિઓની હિંદુ મહિલાઓને જ મળશે અને પછાત વર્ગો તથા લઘુમતીઓની મહિલાઓને તેનાથી કોઈ ફાયદો નહિ થાય. આ દલીલ ઉપરછલ્લી છે. આપણે સત્યને સંપૂર્ણ જટિલતાઓ સાથે સમજવું જોઈએ.

દલિતો અને પછાત વર્ગોને અગાઉથી જ અનામત અપાઈ ચૂકી છે અને આ વ્યવસ્થા સંપૂર્ણપણે ન્યાયોચિત છે. પરંતુ અનામતમાં પણ અનામત અપાય તો તેઓ અનામત ઉપર વધારે આધારિત બની જાય. જ્યારે પછાત વર્ગોના અલ્પશિક્ષિત પુરુષો ચૂંટણી લડી શકે છે તો એ વર્ગોની અલ્પશિક્ષિત કે અશિક્ષિત મહિલાઓ વિધાનસભા કે લોકસભામાં કેમ ના જઈ શકે? આમ પણ એ માનવું ખોટું છે કે પછાત વર્ગોની તમામ મહિલાઓ અશિક્ષિત છે અને ઉચ્ચ જ્ઞાતિઓની તમામ મહિલાઓને ઉચ્ચ શિક્ષણ મળેલું છે. ઉચ્ચ જ્ઞાતિઓમાં પણ મોટી સંખ્યામાં નિરક્ષર અને અલ્પશિક્ષિત મહિલાઓ હોય છે. આપણા દેશમાં મહિલાઓમાં શિક્ષણ ઝડપથી વધી રહ્યું છે અને પછાત વર્ગોને તો બાજુ પર મૂકો, દલિત મહિલાઓ પણ પોતાની માતાઓ કરતાં વધારે શિક્ષિત છે.

કડવું સત્ય એ છે કે પછાત વર્ગોમાં પુરુષો એ ઈચ્છતા નથી કે તેમની મહિલાઓ સંસદ અને વિધાનસભાઓમાં પહોંચે. તેઓ તેમની સત્તા છોડવા માંગતા નથી. જો મહિલાઓ સાંસદ અને વિધાનસભ્ય બને તો તેઓ પોતાના અધિકારો વિશે વધારે જાગૃત થાય, ઊંચા અવાજે બોલવાનો પ્રયત્ન કરે અને પારિવારિક કે સામાજિક સમસ્યાઓમાં તેમનો અભિપ્રાય મહત્ત્વનો બને. આ સંભાવના જ પુરુષોના અહ્‌મને ઠેસ પહોંચાડે છે.

જો પછાત વર્ગોના મસીહાઓ પોતાની મહિલાઓને અનામત અપાવવા માટે એટલા જ આકાંક્ષી હોય તો તેઓ પોતાના પક્ષની ટિકિટો વહેંચતી વખતે શા માટે એનું ધ્યાન રાખતા નથી કે ઓછામાં ઓછી એક-તૃતીયાંશ મહિલાઓ ઉમેદવાર બને? તેઓ અનામતની અંદર અનામત શા માટે માગે છે? તેઓ એવું એટલા માટે માગે છે કે જેથી સંસદ અને વિધાનસભાઓમાં તેમનું પ્રતિનિધિત્વ ઓછું ના થાય. પછી તો કોણ એવી ખાતરી આપે કે અનામતની અંદર અનામતનો લાભ માત્ર પછાત વર્ગોની 'ક્રીમી લેયર'ની જ મહિલાઓ નહિ લે? અત્યાર સુધી એવો અનુભવ રહ્યો છે કે અનામતનો લાભ દલિતો અને પછાત વર્ગોના પ્રમાણમાં વધારે ભણેલા અને સમૃદ્ધ વર્ગોએ જ ઉઠાવ્યો છે. પછાત વર્ગો અને દલિતોની ખૂબ મોટી વસ્તી આજે પણ નિરક્ષરતા અને ગરીબીના અંધકારમાં જીવે છે.

કદાચ, પછાત વર્ગોના મસીહાઓ એ સત્યનો લાભ ઉઠાવી રહ્યા છે કે સંસદમાં તેમના સભ્યોની ખાસ્સી સંખ્યા છે. તેમના સહયોગ વિના નાણાં ખરડો પસાર કરવો શક્ય નથી. એ જ કારણ છે કે સરકારે મજબૂર બનીને પોતાની વ્યૂહરચના બદલવી પડી અને લોકસભામાં એ ખરડો રજૂ કરવામાં ના આવ્યો. સંભવતઃ નાણાં ખરડો આ પક્ષોના સહયોગથી પસાર થયા બાદ મે માસમાં સરકાર દ્વારા મહિલા અનામત ખરડો લોકસભામાં લવાય.

મે માસમાં પણ પછાત વર્ગોના નેતાઓ લોકસભામાં આ ખરડા માટે અવરોધો ઊભા કરી શકે છે. મુલાયમસિંહ યાદવ પહેલેથી જ મહિલાઓ માટે ૩૩ ટકાને બદલે ૨૦ ટકા અનામતની સમાધાનકારી ફોર્મ્યુલાની વાત કહી ચૂક્યા છે. અને કદાચ ખરડાને લોકસભામાં પસાર કરાવવા માટે સરકાર આ સમાધાન કરે પણ ખરી. જો એમ થાય તો એ ખરેખર મહિલાઓ સાથે અન્યાય હશે પરંતુ મતકારણમાં ન્યાય-અન્યાયનું કોઈ મહત્ત્વ નથી. જો સરકારે સમાધાન જ કરવાનું હોય તો તેણે ૧૪ વર્ષ સુધી રાહ શા માટે જોઈ? સુધારેલા સ્વરૂપે આ ખરડો ૧૪ વર્ષ અગાઉ પસાર થઈ શક્યો જ હોત.

મને આશા છે કે સરકાર દબાણમાં નહિ આવે અને મહિલાઓની અનામતમાં ઘટાડો નહિ કરે. એ તો અન્યાય જ હશે. આપણે એ ન ભૂલવું જોઈએ કે પછાત વર્ગોના જે નેતાઓ પોતાના વર્ગોની મહિલાઓના હિતચિંતક હોવાનું નાટક કરે છે, તેમને જ પોતાની પત્નીઓને મુખ્યમંત્રી બનાવતાં જરા પણ સંકોચ થયો નહોતો.

પોતાની સ્થિતિને મજબૂત કરવા માટે મુલાયમસિંહ યાદવ અને લાલુપ્રસાદ યાદવ એવી માગણી કરી રહ્યા છે કે મુસ્લિમ મહિલાઓને પણ અનામતની અંદર અનામત આપવી જોઈએ. જો તેમણે મુસ્લિમ મહિલાઓને લોકસભા કે કમ-સે-કમ વિધાનસભાઓની ચૂંટણીઓમાં ઉમેદવાર બનાવ્યાં હોત તો તેમનો આ ઈરાદો પ્રામાણિક લાગ્યો હોત. મહિલાઓની વાત તો પછી આવે છે, આ પક્ષોએ તો મુસ્લિમ પુરુષોને પણ તેમની વસ્તીના પ્રમાણમાં ટિકિટ આપી જ નથી. મુસ્લિમ મહિલાઓ માટે અલગથી અનામત આપવા માટેની તેમની માગણી મુસલમાનોનો ટેકો પ્રાપ્ત કરવા માટેની એક ચાલ માત્ર છે. આ રીતની સ્વાર્થી રાજનીતિ આ દેશમાં લઘુમતીઓને ન્યાય અપાવવાની આડે આવી રહી છે. જેમ કે, અગાઉ કહેવામાં આવ્યું કે આ નેતાઓનો ઈરાદો પછાત વર્ગોને ન્યાય અપાવવાનો પણ નથી. તેઓ તો માત્ર પછાત વર્ગોના 'ક્રીમી લેયર'ના જ હિતરક્ષક છે.

એનાથી પણ મોટી વિડંબના એ છે કે મુસ્લિમ સમુદાય પોતાના ફાયદા માટે એકમત થતો નથી. મુસ્લિમ રાજકારણીઓ અનામતની અંદર અનામતની અસંગત માગણીમાં સૂર પુરાવે છે અને ઉલેમાઓ જુદો જુદો મત વ્યક્તિ કરી રહ્યા છે. ઉલેમાનું કહેવાનું છે કે મુસ્લિમ મહિલાઓ માટે ચૂંટણીનું રાજકારણ પ્રતિબંધિત છે.

થોડાં વર્ષો અગાઉ જ્યારે મહિલાઓ માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં ૩૩ ટકા અનામત રાખવામાં આવી ત્યારે એક મુસ્લિમ મહિલાએ દેવબંદના નગરપાલિકાની ચૂંટણી લડવા માટે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. દેવબંદના મુફ્તિઓએ તરત જ ફતવો બહાર પાડ્યો કે મુસ્લિમ મહિલાઓ ચૂંટણી લડે અને પુરુષોની વચ્ચે પ્રચાર કરે એ હરામ છે. એ મુસ્લિમ મહિલાએ જ્યારે હિંમત કરી અને ફતવાને માનવાનો ઈન્કાર કર્યો ત્યારે મુફ્તિઓ ઝૂક્યા. તેમણે કહ્યું કે તેઓ ચૂંટણી તો લડી શકે છે પરંતુ તેમણે પ્રચાર કરતી વખતે બુરખો પહેરવો પડશે. એ મહિલાએ આ આદેશને પણ માનવાનો ઈન્કાર કર્યો. તે પહેલાં ચૂંટણી લડી અને બુરખો પહેર્યા વિના જ ચૂંટણી પ્રચાર કર્યો અને તે ચૂંટણી જીતી પણ ખરી.

એવા સમાચાર હવે આવ્યા છે કે લખનઉના નદ્‌વાતુલ ઉલેમાએ એવો ફતવો જારી કર્યો છે કે મહિલાઓએ ઘરમાં રહીને જ કામકાજ કરવું જોઈએ અને જાહેર જીવનમાં તેમણે પ્રવેશ ન કરવો જોઈએ. આપણા દેશના ઉલેમાઓ એ પણ જાણતા નથી કે કહેવાતા ઈસ્લામી રાજ્ય પાકિસ્તાને તેની રાષ્ટ્રીય ધારાસભામાં મહિલાઓ માટે ૨૦ ટકા પ્રતિનિધિત્વ ઘણા સમય અગાઉ આપી દીધું છે. અથવા તો આ ખબર પણ ઉલેમાઓ સુધી પહોંચી નથી કે પછી તેઓ તેને પણ ઈસ્લામ-વિરોધી કહે છે?

ભારતના ઉલેમાઓ કમનસીબે આધુનિક દુનિયાથી કપાઈ ગયા છે. તેઓ આજે પણ મધ્યયુગીન ઈસ્લામના યુગમાં જીવે છે. મધ્ય કાળના ઈસ્લામના ધર્મશાસ્ત્રીઓ અને કાનૂન નિષ્ણાતો દ્વારા લખાયેલાં પુસ્તકોમાં આ ઉલેમાઓએ ઈસ્લામ વિશે જે કંઈ વાંચ્યું છે તેને જ તેઓ સાચું માને છે તેમના મત અનુસાર મહિલાઓ માત્ર પતિઓની સેવા કરવા માટે જ છે અને જો તેઓ બીજું કશું કરે છે તો તે ઈસ્લામ-વિરોધી છે.

તેઓ તો એ પણ જોવા માગતા નથી કે ઈરાન, સાઉદી અરેબિયા, કુવૈત, ઈંડોનેશિયા, મલેશિયા જેવા ઈસ્લામી દેશોમાં શું થઈ રહ્યું છે. સાઉદી અરેબિયામાં મહિલાઓ પર સૌથી વધુ પ્રતિબંધો છે. ત્યાં પણ રાજા અબ્દુલ્લાએ એક મહિલાને કેબિનેટ મંત્રી બનાવ્યાં. ઈરાનમાં મહિલાઓ સંસદની ચૂંટણી લડે છે અને અનેક ક્ષેત્રોમાં તેમણે સફળતા મેળવી છે. કુવૈતમાં મહિલાઓ બુરખો પહેર્યા વિના સુપ્રિમ કોર્ટમાં વકીલાત કરે છે અને સંસદની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે. મલેશિયામાં મહિલાઓ યુદ્ધ ક્ષેત્રે કામ કરે છે અને ઈન્ડોનેશિયામાં મેગાવતી સુકર્ણોપુત્રી નામની મુસ્લિમ મહિલા દેશની રાષ્ટ્રપતિ બની ચૂકી છે. પાકિસ્તાનમાં બેનઝીર ભુટ્ટો વડાં પ્રધાન હતી અને બાંગ્લાદેશમાં ક્યારેક ખાલિદા ઝિયા તો ક્યારેક શોખ હસીનાના હાથમાં સત્તા રહી છે.

મારો એવો અભિપ્રાય છે કે તમામ જાતિઓ અને ધર્મોની મહિલાઓને ન્યાય અપાવવો એ સરકારનું કર્તવ્ય છે અને દબાણમાં આવીને મહિલાઓ માટે અનામતનો જથ્થો ઓછો કરવો ના જોઈએ. અલગ અલગ જાતિઓ અને ધાર્મિક સમુદાયો માટે અનામતની અંદર અનામતની કોઈ આવશ્યકતા નથી. લોકશાહીનો તકાજો છે કે બધી મહિલાઓની સાથે ન્યાય થાય અને અનામતની અંદર અનામત સિવાયની વ્યવસ્થામાં વિવિધ ધર્મો અને જાતિઓની મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ મળે. જો અનામતની અંદર અનામતની વ્યવસ્થાનો એક વાર સ્વીકાર કરવામાં આવે તો તે સ્થાયી બની જશે. લોકશાહીનો એ પણ તકાજો છે કે પછાત વર્ગોના ક્રીમ લેયર અને મુલાયમસિંહ તથા લાલુપ્રસાદ જેવા નેતાઓનાં સગાંઓ સુધી જ અનામતનો લાભ સીમિત રહી ના જાય.

## મધુ પૂર્ણિમા કિશ્વર

કોઈ કાયદો મહિલાઓ તરફી હોવાનો દાવો કરતો હોય, પછી ભલેને તેની વિગતોમાં તે મૂર્ખ અને નુકસાનકારક હોય, તે ઘણા લાંબા સમયે સંસદમાંથી પસાર થયો તેનું કારણ એ છે કે મહિલાઓને મદદ કરવાનો દાવો કરનારો કોઈ પણ કાનૂની પ્રયાસ એક નૈતિક ઓપ ધારણ કરે છે.

મહિલાઓની અનામતનો ખરડો એવો પ્રથમ કાયદો છે કે જે સંસદની અંદર સખત વિરોધનો સામનો કરે છે કારણ કે આ કાયદો દરેક રાજકારણીના નસીબને અસર કરશે. જો ખાનગી મતદાન થવા દેવામાં આવે તો જે શ્રીમતી સોનિયા ગાંધી અને ભાજપના નેતાઓએ વ્હીપ જારી કર્યો છે તેમને ખબર પડે કે તેમના જ પોતાના પક્ષના સભ્યો આ ખરડા અંગે કેટલો ભારે રોષ ધરાવે છે.

મહિલા અનામત ખરડો તેના વર્તમાન સ્વરૂપમાં ભારે ગંભીર અને ઘાતક ખામીઓ ધરાવે છે. જો એ કાયદો બને તો તેનાથી આપણી તીતરભીતર થઈ ચૂકેલી રાજકીય વ્યવસ્થા ખરેખર જ ટુકડેટુકડા થઈ જાય. કુલ સંસદીય બેઠકોની મહિલા અનામતના એક-તૃતીયાંશ બેઠકો લોટરી પદ્ધતિથી પસંદ કરવાની છે. એનો અર્થ એ છે કે દરેક ચૂંટણીમાં આશરે ૧૮૦ પુરુષ વિધાયકો તેમના મતવિસ્તારમાંથી ઉખડી જાય. તેમને બદલે ૧૮૦ મહિલાઓને દરેક ચૂંટણી અગાઉ એ મતવિસ્તારો સોંપાશે. પછી આગામી ચૂંટણીના સમયે જ્યારે એ જ રીતે ૧૮૦ અનામત વિસ્તારોની યાદી જાહેર કરવામાં આવશે ત્યારે એ ૧૮૦ મહિલાઓ ત્યારે જે બેઠકો પર ચૂંટાયેલી હશે એ બેઠકો ઉપર ચૂંટણી લડી શકશે નહિ. તેનું કારણ એ છે કે આ ખરડાની ફરતી અનામતની વ્યવસ્થાને લીધે એક જ મતવિસ્તાર સતત બે વખત મહિલાઓ માટે અનામત રહી શકે નહિ.

આમ, આપણા એક-તૃતીયાંશ વિધાયકો દરેક ચૂંટણીમાં ફેંકાઈ જશે. એને પરિણામે મહિલા પ્રતિનિધિઓને તેમના મતવિસ્તારોને સાચવવાનું અને તેમના પ્રત્યે ઉત્તરદાયી બનવાનું પ્રોત્સાહન રહેશે નહિ. તેનું કારણ એ છે કે દરેક ચૂંટણી પછી તેમણે સ્પર્ધામાંથી પાછા હટી જવું પડે અથવા અન્ય મતવિસ્તારમાં જવું પડે કારણ કે કોઈ પણ મતવિસ્તાર સતત બે વખત મહિલાઓ માટે અનામત રહી શકે નહિ.

આમ, અનામતની આ મૂર્ખામીભરેલી વ્યવસ્થા મહિલાઓ અને પુરુષો બંને માટે રાજકીય મતવિસ્તારમાં સ્પર્ધા માટેનું બુદ્ધિપૂર્વકનું આયોજન કરવાની શક્યતા જ નકારી કાઢે છે. બહુ જ ઓછી મહિલા રાજકારણીઓ તેમનો સ્વતંત્ર ચૂંટણીગત પાયો ધરાવે છે તેથી તેમને ક્યાંથી ક્યાં ઉમેદવાર બનાવવામાં આવશે તેની અનિશ્ચિતતાથી તેઓ ચૂંટણી જીતવા માટે તેમના પક્ષોના પુરુષ મોવડીઓ ઉપર વધારે આધાર રાખતી થઈ જશે. આવી પરિસ્થિતિમાં પુરુષ રાજકારણીઓ માટે તેમની પત્નીઓ અને દીકરીઓને પ્રોક્સી ઉમેદવારો બનાવવાનું અને એ રીતે બીબી-બેટી બ્રિગેડ ઊભી કરવાનું આસાન બની જશે. આગામી ચૂંટણી સુધી એ બેઠકોને તેઓ એ રીતે સલામત બનાવશે કે જેથી તેમના પુરુષો ફરી તેમનો દાવો એ બેઠકો પર નોંધાવી શકે.

કોઈ રાજકારણીની પત્ની કે દીકરી હોવું એ પોતે જ કંઈ ગેરલાયકાત નથી. વકીલો અને ડોક્ટરોનાં સંતાનો તેમના પિતાઓની પ્રેક્ટિસ વારસામાં મેળવે જ છે. પરંતુ તેમણે તેમની શક્તિ તેમના અસીલો સમક્ષ રોજેરોજ બતાવવાની હોય છે. જો કે, મોટા ભાગની મહિલા રાજકારણીઓને પ્રોક્સી તરીકે રાજકારણમાં લાવવામાં આવી હોય છે કે જેમનું એકમાત્ર કાર્ય તેમના પરિવારોના પુરુષોનાં રાજકીય હિતોનું રક્ષણ કરવાનું જ હોય છે. જેમ કે, લાલુ યાદાવનાં પત્ની રબડી દેવી અથવા મધુ કોડાનાં પત્ની. તેમને પણ એ જ રીતે પરિવારનાં હિતોનું રક્ષણ કરવા માટે રબર સ્ટેમ્પ તરીકે લાવવામાં આવશે અને તેમનો ઉપયોગ થઈ જાય પછી તેમને ઘેર પરત મોકલી દેવામાં આવશે.

આપણને આપણી સંસદ અને વિધાનસભાઓ રબડી દેવીઓથી ભરાઈ જાય એ પોસાઈ શકે તેમ નથી. બીજી અક્ષમતાઓને તો બાજુ પર મૂકો, તેઓ મહિલાઓ માટે નકારાત્મક નમૂનો બનશે, કારણ કે તેઓ મહિલાઓની તાબેદારીની વિચારધારાને વધારે વ્યાપક બનાવશે, કે જે વિચારધારા ઘરોમાં સૌથી વધારે પ્રભાવક છે. તે જાહેર અને રાજકીય ક્ષેત્રમાં પણ એટલી જ પ્રભાવક બનશે. આ મહિલાઓ માટે એક અને એક માત્ર એજન્ડા એ હશે કે તેમણે તેમના પતિઓની બેઠકો બચાવી રાખવી અથવા જાહેર તિજોરી લૂંટવા માટેના ગુના બદલ થતા કેસોથી તેમનું રક્ષણ કરવું. તેઓ બીજું કશું હોવાનો દંભ પણ કરતી નથી. આવી મહિલા કેવી રીતે મહિલાઓના હિત માટે કાર્ય કરી શકે અથવા અન્ય મહિલાઓનું સશક્તિકરણ કરી શકે!

વાસ્તવમાં, આ બીબી-બેટી બ્રિગેડ એવી સ્વતંત્ર વિચારસરણી ધરાવતી મહિલાઓ આગળ આવે તે સામે અવરોધ ઊભો કરે છે કે જેઓ જાહેર જીવનમાં આપબળે પોતાના માટે જગ્યા ઊભી કરવા માગે છે. દા.ત. ભારતમાં એ એક સર્વસામાન્ય હકીકત છે કે વિવિધ રાજકીય પક્ષોના મહિલા મોરચાઓના વડા તરીકે પક્ષના પુરુષ નેતાઓની મહિલાઓ, તેમના મહિલા સગાંઓ કે દાસીઓ હોય છે. જ્યાં સુધી પુરુષો પક્ષમાં પોતાનો પ્રભાવ ધરાવતા હોય ત્યાં સુધી આ મહિલાઓને આ હોદ્દા જાગીર તરીકે આપવામાં આવતા હોય છે. વૃંદા કારત, પ્રમિલા દંડવતે કે અહિલ્યા રાંગણેકરને પણ મહિલા મોરચો સોંપાયો

હતો તે પક્ષમાંના તેમના પતિઓના પ્રભાવને કારણે આવી મહિલાઓ બહુ આસાનીથી લાયકાત ધરાવતી અન્ય મહિલાઓ માટે જગ્યા કરતી નથી. જે પણ મહિલા પક્ષમાં પ્રવેશે છે, પછી ભલેને તે ગમે તેટલી પ્રતિભાશાળી હોય, તેમણે આ આશ્રિત મહિલાઓની સાથે જ રહીને ભૂમિકા ભજવવાની હોય છે. આ રીતે મોટા ભાગની મહિલાઓની રાજકીય પહેલ-પ્રયાસ દબાઈ જાય છે, પક્ષોના મહિલા મોરચાઓ તેમને પ્રોત્સાહન નથી આપતા.

મુખ્ય પક્ષ અને મહિલા મોરચા વચ્ચે પારિવારિક સંબંધો હોય છે તેથી મહિલા મોરચાનું રાજકારણ પણ પક્ષને જ તાબેદાર રહેતું હોય છે. ઘણી વાર તો, મહિલા મોરચાનો મુખ્ય હેતુ જ મહિલાઓના પ્રશ્નો પ્રત્યે થોડા પક્ષપાતી બનવાનો હોય છે. દા.ત., જો કોંગ્રેસ પક્ષની સાથે સંબંધ ધરાવતા લોકો દ્વારા બળાત્કાર કરાયો હોય તો વિપક્ષી મહિલાઓ કોંગ્રેસ સામે બખાળા કરે. પરંતુ જો તેમના પોતાના જ પક્ષના પુરુષો દ્વારા એવા જ અત્યાચારો થાય તો એ જ મહિલાઓ ચૂપ રહે. આપણે એક પણ એવી કોંગ્રેસી મહિલા જોઈ શકીએ કે જેણે ૧૯૮૪ની શીખોની કતલમાં સામેલ થયેલા પોતાના જ પક્ષના લોકો સામે જાહેરમાં પોતાનું વલણ વ્યક્ત કર્યું હોય? કે પછી એવી એક પણ ભાજપી મહિલા છે ખરી કે જે ગુજરાતનાં રમખાણોના અસરગ્રસ્તોના ટેકામાં જાહેરમાં આવી હોય?

વર્ષો સુધી મમતા બેનરજી ગ્રામીણ બંગાળમાં સીપીએમના કાર્યકર્તાઓ દ્વારા થતી હિંસા માટે બરાડા પાડી રહ્યાં છે, બળાત્કારો સામે બોલી રહ્યાં છે, મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ પશ્ચિમ બંગાળમાં થઈ રહી નથી એમ કહી રહ્યાં છે. સીપીએમની મહિલાઓએ તેમની લાક્ષણિક શૈલીમાં જ પ્રતિભાવ આપ્યો છે, પણ પશ્ચિમ બંગાળમાં હિંસાની સંસ્કૃતિને ડામવામાં તેમને સાથ નથી આપ્યો, તેમણે મમતા બેનરજી ઉપર રાજકીય ગાળોનો જ વરસાદ વરસાવ્યો છે.

મહિલાઓના પ્રશ્નો પ્રત્યે આપણા દેશમાં હજુ મહિલા કેન્દ્રી રાજકારણ ઊભું થયું નથી એ કોઈ આશ્ચર્યની બાબત નથી. વર્તમાન અનામત ખરડામાં અનામતની જે વિચારહીન યોજના સમાવાઈ છે તેમાં તો મહિલાઓની જગ્યા પર સંપૂર્ણપણે બીબી-બેટી બ્રિગેડનું વર્ચસ્વ જ આવશે અને મહિલાઓના સશક્તિકરણનો વિચાર ફેંકાઈ જશે. જ્યારે આ ખરડો લોકસભામાં આવે ત્યારે સાંસદોએ આ મહત્ત્વના બંધારણીય સુધારા ઉપર ગુપ્ત મતદાનની માગણી કરવી જોઈએ. જો વિધાયકોને તેમના મત મુજબ મતદાન કરવાનો અધિકાર ના હોય લોકશાહી નિરર્થક સાબિત થાય છે.

(સ્રોતઃ ઈન્ડિયન એક્સપ્રેસ, તા.૧૦-૦૩-૨૦૧૦)

## કમલા ભસીન

મહિલાઓ માટેની અનામતનો ખરડો એ ઉજવણીનો અવસર છે. તે હજુ માત્ર રાજ્યસભામાં જ પસાર થયો છે. અને લોકસભામાં પસાર થવાનો બાકી છે, અને કદાચ એ વધારે મુશ્કેલ પણ છે. પરંતુ આ પ્રથમ પગલું પણ મોટી ઉજવણીનો અવસર માત્ર મહિલાઓ માટે જ નહિ, પણ આ દેશમાં તમામ ન્યાયપ્રિય લોકો માટે છે.

ભારતમાં સ્વતંત્રતાના સમયથી અત્યંત મહત્ત્વના હોદ્દાઓ ઉપર બહુ ઓછી મહિલાઓ રહી છે. ઈન્દિરા ગાંધી દુનિયાભરમાં બહુ જ ઓછાં મહિલા વડાં પ્રધાનો કે રાષ્ટ્રપ્રમુખોમાંનાં એક હતાં. પરંતુ થોડીક મહિલાઓની હાજરીનો અર્થ એ નથી થતો કે જે સંખ્યામાં મહિલાઓનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ તે સંખ્યામાં એ છે.

ભારતની લોકશાહીને ૬૨ વર્ષ થયાં તેમ છતાં સંસદમાં કદી પણ ૧૧ ટકા કરતાં વધારે મહિલાઓ રહી નથી. ઈંદિરા ગાંધી વડાં પ્રધાન હતાં, સોનિયા ગાંધી કોંગ્રેસ પક્ષનાં અધ્યક્ષા છે, દેશના રાષ્ટ્રપતિ મહિલા છે તેમ છતાં રાજકારણમાં બહુ મહિલાઓ દેખાતી નથી. એ હકીકત જ એ બાબતનો નિર્દેશ આપે છે કે મહિલાઓ આપમેળે આગળ આવશે એવી આશા રાખવાને બદલે કંઈક કરવું જરૂરી છે.

ભારતના રાજકારણમાં અથવા દક્ષિણ એશિયાના રાજકારણમાં જે પ્રકારની મહિલાઓ છે એ પણ એક મુદ્દો છે. તેઓ મોટે ભાગે જેલમાં ગયેલા વડા પ્રધાનો, રાષ્ટ્રપતિઓ કે મુખ્ય પ્રધાનોની દીકરીઓ કે પત્નીઓ છે. પરંતુ રાજકારણમાં મહિલાઓ આવે તેને માટે આ યોગ્ય કારણ નથી. જો કે, આ મહિલાઓ ગૃહિણીમાંથી સીધી જ રાજકારણી બની હતી. તેમની કામગીરી કંઈ તેમના પતિઓ કે પિતાઓ કરતાં ખરાબ નહોતી, પછી ભલેને તેઓ ગૃહમાંથી સંસદગૃહમાં આવી હોય.

મોટા હોદ્દાઓ ઉપર થોડીક જ મહિલાઓ પહોંચી એનું એક કારણ તો એ છે કે રાજકીય પક્ષોમાં આપણે વધારે મહિલાઓને લાવી શક્યા નથી અને આપણા રાજકીય નેતાઓ હજુ પિતૃસત્તાક વ્યવસ્થાની વિચારધારા ધરાવે છે. આપણી સંસ્કૃતિ હજુ પણ પુરુષોના વર્ચસ્વવાળી છે અને આપણું રાજકરણ ખૂબ જ પુરુષપ્રધાન છે. રાજકારણમાં જોડાવાનું મહિલાઓ માટે આસાન નથી.

યુરોપમાં જુદી જ રીતે મહિલાઓ માટે અનામત છે. કેટલાક દેશોમાં રાજકીય પક્ષોએ અનામતની નીતિ અમલમાં મૂકેલી છે. એટલે મહિલાઓ માટે અનામત હોવી જરૂરી છે. એમ કહેવામાં આવે છે કે મહિલાઓ અસરકારક બને તે માટે લઘુતમ ૩૩ ટકા અનામત તો જોઈએ જ.

દક્ષિણ એશિયામાં પરિસ્થિતિ આપણા કરતાં સારી છે, નેપાળમાં ૩૩ ટકા અને પાકિસ્તાનમાં ૨૨ ટકા મહિલાઓ સાંસદો છે. તેથી લોકસભા હવે ૩૩ ટકા અનામતનો ખરડો પસાર કરે તેનો સમય પાકી ગયો છે. મહિલાઓની વસ્તી ૫૦ ટકા છે. દેશમાં જે વિધાનગૃહ બને છે તે પુરુષો અને મહિલાઓ બંનેને અસર કરે છે. લોકશાહી તો એ કહેવાય કે તમામ વર્ગોને દેશનું ભાવિ નક્કી કરવાની તક મળે.

તેઓ સારું કામ કરે છે કે ખરાબ એ મહત્ત્વનું નથી. અનેક કાયદાઓ મહિલાઓને અસર કરે છે. એટલે કેવો કાયદો થવો જોઈએ, કેવું બજેટ હોવું જોઈએ વગેરે વિશે નિર્ણય કરનારી મહિલાઓ હોવી જોઈએ. આપણે મહિલાઓએ શું કર્યું છે અને પુરુષોએ શું નથી કર્યું એ સવાલ નથી. વાસ્તવમાં, પુરુષોએ સારું કામ કર્યું હોય તો પણ નિર્ણયો કરવા માટે સંસદમાં મહિલાઓની જરૂર છે અને તમામ અનામત પાછળ એ જ સિદ્ધાંત કામ કરે છે, પછી ભલે ને તે જ્ઞાતિ-આધારિત હોય કે ધર્મ-આધારિત હોય કે સ્ત્રી-પુરુષના સામાજિક ભેદભાવ પર આધારિત હોય.

વળી, સંસદમાં મહિલાઓની હાજરીથી સંસદનું ચરિત્ર બદલાઈ જશે. આપણી સંસદ પુરુષોની ક્લબ છે. ૧૦-૧૧ ટકા મહિલાઓ દૃશ્યમાન નથી. આપણે સંસદમાં જે ગુંડાગર્દી જોઈએ છીએ તે ઓછી થશે. એવું નથી કે સ્ત્રીઓ સ્વભાવે જ ઓછી તોફાની છે પણ તેઓ સંસ્કારથી ઓછી તોફાની છે ખરી. સંસ્કૃતિ, સભ્યતા અને ઈતિહાસ એમ કહે છે કે મહિલાઓ પરસ્પરને સાંભળે એવી સંભાવનાઓ વધારે હોય છે.

એક વાર સંસદમાં મહિલાઓ વધારે આવશે તો મહિલાઓ સારી નથી અને ઊતરતી કક્ષાની છે એવો અભિપ્રાય બદલાઈ જશે. દા.ત. બેનઝીર ભુટ્ટો પાકિસ્તાનની વડા પ્રધાન બની તો અચાનક જ પોતે શક્તિમાન બની હોવાનું સામાન્ય મુસ્લિમ મહિલાને લાગ્યું. કોઈ શાસક મહિલા હોય એનાથી જ મોટો ફેરફાર થયાનો અને કશુંક સિદ્ધ થયાનો અનુભવ થાય છે. તેથી રાજકારણ એ પુરુષોનું ક્ષેત્ર છે એવી પરંપરાગત વિચારધારા આપણે બદલીએ એ જરૂરી છે. એટલે નારીવાદીઓ એક મજાક કરે છે, “મહિલાઓનું સ્થાન ગૃહ છે, એટલે જ એ સંસદનાં બંને ગૃહોમાં હોવી જોઈએ.”

એવું શક્ય છે કે આ અનામતનો લાભ થોડાક સમય માટે ઉચ્ચ વર્ગની જ મહિલાઓને મળે અને છેવાડાની મહિલાઓને ના મળે. પરંતુ એવું તો જ્ઞાતિ-આધારિત અનામત માટે પણ કહી શકાય. આજે જે કહેવાતા સમાજવાદી નેતાઓ આ અનામત સામે લડે છે તેઓ દલિતોની અનામત સામે એ જ દલીલ કેમ કરતા નથી? લાલુ પ્રસાદ અને મુલાયમસિંહની પત્નીઓ અને દીકરીઓની જેમ જ ત્યાં નથી બન્યું? એ જો રાજકારણનો સ્વભાવ હોય તો પછી એ મહિલા અનામતમાં પણ બની શકે છે.

કેવા પ્રકારની મહિલાઓ રાજકારણમાં આવશે તે તો અનામત ઉપર આધારિત નથી, એ તો રાજકીય પક્ષો ઉપર આધારિત છે. જો રાજકીય પક્ષો અન્યાયી અને ગેરવાજબી હોય અને જો તેઓ લઘુમતીઓ પ્રત્યે અસમાન અને ભેદભાવજનક વ્યવહાર કરનારા હોય તો એમ પણ બની શકે છે. પણ એ અનામતની નિષ્ફળતા ન કહેવાય, રાજકીય પક્ષોની નબળાઈ કહેવાય. તેમણે વધારે સમતાપૂર્ણ, ન્યાયી અને સમાવેશી બનાવાની જરૂર છે. રાજકીય પક્ષોમાં કેવા લોકોને સમાવવામાં આવે છે તેના ઉપર જ મહિલાઓનું પ્રતિનિધિત્વ કેવું હશે તેનો આધાર રહે છે. અત્યારે બધા રાજકીય પક્ષોમાં હિંદુઓનું વર્ચસ્વ છે અને કેટલીક જ્ઞાતિઓનું વર્ચસ્વ છે, એ હકીકત ના ભૂલવી જોઈએ.

મહિલા અનામત ખરડો કંઈ જાદુની છડી નથી. આપણા રાજકારણનાં તમામ દૂષણો કંઈ તેનાથી દૂર થઈ જવાનાં નથી. મહિલા અનામત ખરડો જ્ઞાતિ, વર્ગો, ધર્મો વચ્ચેના ભેદભાવોનું નિવારણ કરે એ શક્ય જ નથી. તે માત્ર મહિલાઓ પ્રત્યેનો ભેદભાવ દૂર કરવાનું સાધન છે. જો રાજકીય પક્ષોને ન્યાયમાં રસ હોય તો તેમણે તેમનાં પત્નીઓ અને દીકરીઓને નહિ પણ તમામ વર્ગો અને જ્ઞાતિઓમાંથી લાયકાત ધરાવતી મહિલાઓને ઉમેદવાર બનાવવી જોઈએ.

મહિલાઓની સક્ષમતાની દિશામાં આ એક પગલું છે. તેમનું સશક્તિકરણ કંઈ એક જ પગલાથી નથી થઈ જવાનું. વંચિત જ્ઞાતિઓ માટેની અનામતથી કંઈ દેશમાંથી જ્ઞાતિ વ્યવસ્થા નિર્મૂળ નથી થઈ ગઈ. પરંતુ આ પગલાની સાથે સાથે મહિલાઓના મિલકતના અધિકારો, તેમનું આર્થિક સશક્તિકરણ, પિતૃસત્તાક વ્યવસ્થા સામેની લડાઈ, મહિલાઓને નિર્બળ બનાવતા કાયદા, સંસ્કૃતિ અને ધાર્મિક માન્યતાઓ સામેની લડાઈ વગેરે તો ચાલુ જ રાખવાં પડશે.

મહિલા અનામત ખરડો તો એક પગલું છે અને આપણે એવાં તમામ પગલાંની જરૂર છે કે જે પિતૃસત્તાક વ્યવસ્થા સામે લડે કારણ કે એ માત્ર સંસદમાં નથી, એ આપણાં ધર્મ, સંસ્કૃતિ, પરંપરા, અર્થશાસ્ત્ર, કોલેજો અને માધ્યમો બધે જ છે. એટલે એ લડાઈ ચાલુ જ રાખવી પડશે.

(સ્રોતઃ ‘વનવર્લ્ડ સાઉથ એશિયા’નાં
સુશ્રી એના નાથને અપાયેલી મુલાકાત)

## ચંદુ મહેરિયા

લગભગ સવા દાયકાથી ભારતના રાજકીય મંચ પર ચર્ચાની એરણે રહેલું બહુ પ્રતીક્ષિત મહિલા અનામત બિલ આખરે રાજ્યસભામાં બહુમતીએ પસાર થયું છે. ૧૦૮મા બંધારણીય સુધારા ખરડો, ૨૦૦૮ તરીકે જાણીતા આ વિધેયકમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં સ્ત્રીઓ માટે કુલ બેઠકોની ૧/૩ બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

બંધારણ (૧૦૮મો સુધારો) ખરડો-૨૦૦૮માં બંધારણના અનુચ્છેદ ૨૩૯(ક)(ક)ના ખંડ-૨ના ઉપખંડ-ખમાં "અનુસૂચિત જાતિઓ" એ શબ્દોના સ્થાને સુધારીને "અનુસૂચિત જાતિઓ અને સ્ત્રીઓ" શબ્દો મૂકવામાં આવ્યા. તથા અનુચ્છેદ ૩૩૦, ૩૩૧, ૩૩૨ અને ૩૩૩માં એવું ઉમેરણ કરવામાં આવ્યું છે કે, અનુસૂચિત જાતિ, જનજાતિ અને એંગ્લો ઈન્ડિયન માટે લોકસભા અને વિધાનસભાઓમાં જે બેઠકો અનામત રાખવામાં આવે છે તેમાં "સ્ત્રીઓ માટે પણ હવે અનામત બેઠકો રાખવામાં આવશે" એવી જોગવાઈ કરવામાં આવી છે.

### ભારતમાં સ્ત્રીનું સ્થાન અને પ્રતિનિધિત્વ

ભારતમાં અડધોઅડધ વસ્તી ધરાવતી અર્ધી આલમ એવી સ્ત્રીઓને સેકન્ડ સેક્સ કે ઊતરતી ગણવામાં આવે છે. તેમનું પૂરતું પ્રતિનિધિત્વ આપણાં વિધાનગૃહોમાં જોવા મળતું નથી. ભારતની સર્વોચ્ચ સંસદીય સંસ્થા એવી લોકસભામાં ૧૫ જેટલી સામાન્ય ચૂંટણીઓ પછી પણ મહિલા પ્રતિનિધિત્વ માંડ ૧૦ ટકાએ પહોંચ્યું છે. મહિલા પ્રતિનિધિત્વનો સવાલ છે ત્યાં સુધી ૧૩૫ દેશોની સંસાદોમાં ભારતનું સ્થાન છેક ૧૦૬મા ક્રમે છે. આફ્રિકા ખંડના દેશો કે પછાત મનાતા મુસ્લિમ દેશોની તુલનામાં પણ ભારતનું સ્થાન બહુ નીચું છે. આફ્રિકા ખંડના દેશ રવાન્ડાની સંસદમાં મહિલાઓ ૪૮ ટકા છે તો સ્વીડન અને ક્યુબામાં અનુક્રમ ૪૭ ટકા અને ૪૩ ટકા છે. ૨૦ ટકા કરતાં વધુ મહિલા પ્રતિનિધિત્વ ધરાવતાં જે ૨૧ દેશો છે, તેમાં ઈરાક (૨૫ ટકા), પાકિસ્તાન (૨૨.૫ ટકા), ચીન (૨૧.૩ ટકા) જેવા એશિયા ખંડના દેશોની તુલનામાં ભારતની વર્તમાન લોકસભામાં મહિલા સાંસદોની ટકાવારી માંડ ૧૦.૬ ટકા જ છે. આ સ્થિતિમાં જો સમાજ, રાજકીય નેતાગીરી અને રાજકીય પક્ષો આપમેળે વિધાનગૃહોમાં સ્ત્રીઓને પ્રતિનિધિત્વ ન આપે તો પછી કાયદાની ચાબુક જ એકમાત્ર સાધન બાકી રહે છે.

### મહિલા અનામતઃ અતીત અને વર્તમાન

લગભગ છેલ્લાં ૧૪ વર્ષથી લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત બેઠકો રાખવાનો મુદ્દો સતત ચર્ચાતો રહ્યો છે. ૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાઓ મારફતે પંચાયતો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓ માટે અનામત બેઠકો રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી. એ જ દિશામાં આગળ વધીને લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં પણ મહિલા અનામત દાખલ કરવા બંધારણ સુધારા કરવા સરકારો પ્રયત્નશીલ રહી છે.

અગિયારમી લોકસભામાં, 'પ્રાઈમ મિનિસ્ટર ઓફ કર્ણાટક' ગણાતા એચ.ડી.દેવગૌડાની સરકારે સૌ પ્રથમ ૮૧મા બંધારણ સુધારા મારફત, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના રોજ ૩૩ ટકા મહિલા અનામતનું વિધેયક રજૂ કર્યું. ત્યારથી જ મહિલા અનામત ચર્ચા અને વિવાદનો મુદ્દો બની રહ્યો છે. વી.પી. સિંહના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર બની અને સામાજિક ન્યાયનો ખ્યાલ રાષ્ટ્રીય એજન્ડા પર મુકાયો એના ફળસ્વરૂપે અન્ય પછાત વર્ગો સત્તાના કેન્દ્રમાં આવ્યા. મુલાયમસિંહ, લાલુપ્રસાદ, નીતિશકુમાર, શરદ યાદવ, માયાવતી અને એવા કેટલાક દલિત-પછાત નેતાઓનો ડંકો વાગતો થયો. સમાજના કહેવાતા ઉપલા વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતાં વિધાનગૃહોમાં પછાત વર્ગોના પ્રતિનિધિઓ ચૂંટાતા ગયા. રાજ્ય અને રાષ્ટ્રના રાજકારણમાં બળવત્તર બનતા આ અન્ય પછાત વર્ગો અને સામાજિક ન્યાયની એમની માંગ મહિલા અનામત દ્વારા તૂટતી જણાઈ. પહેલી વાર રાજકારણ અને જાહેર જીવનમાં પોતાનો અવાજ બુલંદ કરનાર પછાત વર્ગના પુરુષોને લાગ્યું કે જો મહિલા અનામત થશે તો તેમનું સ્થાન કહેવાતી ઉપલા વર્ગની સ્ત્રીઓ લેશે અને મહામુસીબતે 'સામાજિક ન્યાય'નો જે મુદ્દો સપાટી પર મુકાયો છે તે ડૂબી જશે. લાલુ-મુલાયમે બહુ બોલકા બનીને કહ્યું પણ ખરુંઃ "આરક્ષણ કા પદ લાભ સવર્ણ જાતિઓં કી બાત્તલ કટી (બોબ્ડ હેર) મહિલાએં લે જાયેગી" એટલે તેમની માંગ હતી કે તેઓ ૩૩ ટકા મહિલા અનામતનું સમર્થન એ શરતે જ કરશે કે તેમાં મુસ્લિમ, દલિત, આદિવાસી, પછાતવર્ગોની મહિલાઓના પ્રતિનિધિત્વની ખાતરી મળે. 'ક્વોટા વિધિન ક્વોટા'ની તેમની આ માંગ કોઈ રીતે ગેરવાજબી નહોતી અને પંચાયતો તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં તે સ્વીકારાઈ ચૂકી હતી ત્યારે અહીં તેમની માંગ ઠુકરાવવી યોગ્ય નહોતી. પણ પહેલાં એન.ડી.એ. અને પછી યુ.પી.એ. ની સરકારો આ વાત માનવા તૈયાર નહોતી. અનેક વાર સર્વપક્ષીય બેઠકો મળી પણ સર્વસંમતિ સાધી શકાઈ નહીં અને જ્યારે જ્યારે મહિલા અનામતનું બિલ સંસદમાં રજૂ થયું ત્યારે ત્યારે ભારે વિરોધ વચ્ચે તે પસાર થઈ શક્યું નહીં.

૧૯૯૬નો ૮૧મો બંધારણ સુધારો સંસદની સંયુક્ત પ્રવર સમિતિને સોંપવામાં આવ્યો. ડાબેરી સાંસદ ગીતા મુખરજીની અધ્યક્ષતાવાળી સમિતિએ તેમાં કેટલાક સુધારા સૂચવ્યા પણ અગિયારમી લોકસભાની સમાપ્તિ સાથે તે વિધેયક પણ રદ થઈ ગયું. તે પછી ૧૨મી લોકસભાની

સમાપ્તિ સાથે તે વિધેયક પણ રદ થઈ ગયું. તે પછી ૧૨મી લોકસભામાં, ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૮ના રોજ ૮૪મા બંધારણ સુધારા મારફત અને ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ ૮૫મા બંધારણ સુધારા મારફતે મહિલા અનામત બિલ રજૂ કરવાના પ્રયાસો થયા હતા પણ રાજકીય પક્ષો વચ્ચે સર્વસંમિતના અભાવે તે પસાર થઈ શક્યા નહિ.

કાયમી અને ઉપલા ગૃહ રાજ્યસભામાં સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન સરકારે ૫મી, મે ૨૦૦૮ના રોજ ૧૦૮મા બંધારણ સુધારા વિધેયક તરીકે વધુ એક વાર મહિલા અનામત માટે પ્રયાસ કર્યો ત્યારે પણ પછાત વર્ગોની મહિલાઓને અનામતના મુદ્દે ફરી ગૃહમાં તોફાન થયું. બિલ રજૂ કરનાર તત્કાલીન કાયદામંત્રી હંસરાજ ભારદ્વાજને ગૃહના મહિલા સભ્યોએ કોર્ડન કરીને બચાવવા પડ્યા. યુ.પી.એ.ના સમર્થક અને સરકારના ભાગીદાર પક્ષોના જ વિરોધને કારણે બિલ પસાર થઈ શક્યું નહીં.

### મહિલા અનામત બિલઃ વિરોધ વચ્ચે મંજૂર

૧૫મી વર્તમાન લોકસભામાં લાલુ, મુલાયમ, શરદ યાદવ, માયાવતીનો દબદબો કંઈક ઓછો થયો અને કોંગ્રેસને થોડી વધુ બેઠકો મળી એટલે સંસદના વર્તમાન સત્રના આરંભે જ સરકારે રાષ્ટ્રપ્રમુખ મારફતે સંસદના આ સત્રમાં મહિલા અનામત બિલ મંજૂર કરાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ૮મી માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિને રાજ્યસભામાં કાયદામંત્રી વિરપ્પા મોઈલીએ મહિલા અનામત-વિધેયક ફરીથી રજૂ કર્યું. સમાજવાદી પક્ષ, જનતા દળ (યુ), બહુજન સમાજ પક્ષ અને રાષ્ટ્રીય જનતા દળના સાંસદોએ બિલનો ભારે વિરોધ કર્યો. રાજ્યસભાના અધ્યક્ષ પાસેથી બિલ ખૂંચવી લીધું અને તેમના આસન સુધી પહોંચી ચર્ચા આંતરી. જો કે સરકારને મુખ્ય વિપક્ષ ભારતીય જનતા પક્ષ અને ડાબેરી પક્ષોએ સમર્થન આપવાની ખાતરી આપી હતી એટલે કે ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનાર ૭ સાંસદોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા. વળતા દિવસે ૯મી માર્ચે, દેશના પહેલા મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલેના જન્મદિનની પૂર્વ સંધ્યાએ, બરતરફ સાંસદોને માર્શલો દ્વારા બળ વાપરીને ગૃહની બહાર ધકેલી દેવાયા અને બિલ ચર્ચા અને મતદાન માટે મુકાયું. મહારાષ્ટ્રના શેતકરી કામદાર પક્ષના રાજ્યસભા સભ્ય શરદ જોષીના ૧ વિરુદ્ધ અને બાકીના ૧૯૧ સમર્થક મત સાથે મહિલા અનામત બિલ પસાર કરવામાં આવ્યું. ભારતના રાજકીય ઈતિહાસમાં આ અક્ષરશઃ ઐતિહાસિક કહી શકાય એવી ક્ષણ હતી.

### ડાબેરી અને જમણેરી એકમત

ભાજપનાં સુષ્મા સ્વરાજ અને સીપીએમનાં વૃંદા કરાતને હાથમાં હાથ નાંખી વિજયી મુદ્રામાં ઝૂમતાં જોવા એ ખરેખર એક લ્હાવો હતો. સોનિયા ગાંધીએ સરકાર પરના જોખમ છતાં મહિલા બિલ માટેનો આગ્રહ રાખ્યો તેમાં તેમનું રાજકીય દૂરંદેશીપણું કેટલું અને ઉત્તર ભારતમાં બળવત્તર થતી દલિત-પછાત વર્ગની નેતાગીરી અંગેનો ભય કેટલો છે તે તો આગામી સમય જ બતાવશે. આ મહિલા અનામત બિલ અંગે કોંગ્રેસ અને ભાજપ બંનેએ તેના સભ્યોને ત્રણ લીટીનો વ્હીપ આપવો પડ્યો છે. તેનો અર્થ એ થયો કે બંને પક્ષોએ પોતાના સાંસદોના સ્વતંત્ર મતને બદલે પક્ષનો (એટલે કે નેતાનો) મત થોપવો પડ્યો છે. ડાબેરી પક્ષોને આવો કોઈ વ્હીપ આપવો પડ્યો નથી તેનાથી તેના સાંસદોની પક્ષના વિચારો પ્રત્યેની પ્રતિબદ્ધતા જરૂર દેખાય છે પણ આ દેશના ડાબેરી પક્ષોને 'સર્વહારા ક્રાંતિ'ની લાયમાં ક્યારેય જાતિનો પ્રશ્ન સમજાયો નથી. એ પશ્ચિમ બંગાળ ખોવાની અણી પર છે ત્યારે પણ નથી સમજાતું એ કરુણ વાસ્તવિકતા છે.

ડાબેરી-જમણેરીના સમર્થન તુંબડે કોંગ્રેસ રાજ્યસભામાં તો જંગ જીતી ગઈ છે પણ લોકસભામાં બિલ પસાર કરાવવું આસાન નથી. ભાજપના પછાત વર્ગના નેતાઓ (પક્ષના ચીફ વ્હીપ સહિત)ના વિરોધી સૂરો જોવા મળ્યા છે તો આ બિલ પસાર કરાવીને કોંગ્રેસ મેદાન ન મારી જાય એની પણ ભાજપને ફિકર છે. તો બિલના વિરોધીઓને દૂરોગામી અસરો પાડનારી મહિલા અનામતની જોગવાઈ ધરાવતો આ બંધારણીય સુધારો મુસ્લિમો, દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગોને સત્તાના કેન્દ્રની દૂર ધકેલનારો બની રહેશે એવી ધાસ્તી છે.

### દલિતો, આદિવાસીઓ અને મહિલા અનામત

જ્યાં સુધી દલિતો-આદિવાસીઓનો સવાલ છે ત્યાં સુધી આ વિધેયકમાં તેમની અનામત બેઠકોમાં જ ૧/૩ મહિલા અનામતની જોગવાઈ કરી દેવામાં આવી છે. ભારતના બંધારણમાં જ્યારે અનુસૂચિત જાતિ, જનજાતિ માટે વિશેષ જોગવાઈઓ (અનામત સહિત) કરવામાં આવી ત્યારે બંધારણના ઘડવૈયાઓને શું પુરુષ આધિપત્યનો ખ્યાલ નહોતો? વળી, રાજકીય અનામતો હર દાયકે વધારવામાં આવે છે. ઈ.સ. ૨૦૨૦ સુધી દલિત-આદિવાસીઓ માટે રાજકીય અનામતો વધારવાની જોગવાઈ તો હજુ સંસદના ગયા સત્રમાં જ કરવામાં આવી છે તો શું ત્યારે પણ સરકારને તેમાં આ સુધારો સામેલ કરવાનું ન સૂઝ્યું? તે છેક ૧૦૮મા બંધારણ સુધારા ખરડામાં તે અનુસૂચિત જાતિ-જનજાતિની વર્તમાન અનામતમાં ૧/૩ મહિલા અનામત રાખે છે?

### જાતિની ઉપેક્ષા કેમ?

રાજ્યસભામાં પસાર થયેલા ૧૦૮મા બંધારણ સુધારા ખરડાના

**જુઓ પૃષ્ઠ ૨૯**

# અન્નનો અધિકારઃ ત્રણ સંગઠનોના અનુભવો

અન્નનો અધિકાર વ્યવહારમાં પ્રસ્થાપિત કરી આપતી ઘણી યોજનાઓનો અમલ દેશમાં થઈ રહ્યો છે. તેનો અમલ સુચારુરૂપે થાય તે માટે બિન-સરકારી સંગઠનો દેશભરમાં પ્રયાસ કરી રહ્યાં છે. ગુજરાતના આ પ્રકારના પ્રયત્નોને **'સ્વાતિ'** (સોસાયટી ફોર વિમેન્સ એક્શન એન્ડ ટ્રેઈનીંગ ઈનિશિયેટિવ)નાં **સુશ્રી ફાલ્ગુની જાડેજા, 'આનંદી'** (એરિયા નેટવર્કિંગ એન્ડ ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ)ના **સુશ્રી જલ્પા સુખાનંદી** અને **સુશ્રી સુમિત્રા ઠક્કર** અને **'ઉન્નતિ'**ના **શ્રી રાજીવ રાય** દ્વારા અહીં રજૂ કરાયા છે. અહીં આ સંસ્થાઓનો આ યોજનાઓના અમલ અંગે જે અનુભવ રહ્યો છે તે રજૂ કરાયો છે. વિવિધ યોજનાઓના અમલમાં જે ખામીઓ છે તે દર્શાવીને તેમાં સુધારા માટે સૂચનો પણ તેમાં જણાવાયાં છે.

## 'સ્વાતિ'

સ્વાતિ સંસ્થા ગુજરાતના ૩ જિલ્લામાં કાર્ય કરે છેઃ સુરેન્દ્રનગર, મહેસાણા અને પાટણ વિસ્તારના નાગરિકો તેમના હક્કો પ્રત્યે સજાગ થાય અને તેઓ તેમના અધિકારો મેળવતા થાય તેવા ઉદ્દેશથી લોકચળવળ શરૂ કરી છે. આ લોકચળવળનું પ્રતિનિધિત્વ નાગરિકોનું હોય તેવા વિચારોથી સંસ્થાએ કાર્ય શરૂ કર્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ વિસ્તારોનાં ગ્રામીણ બહેનોના પ્રશ્નો, તાલીમ અને શિક્ષણની દિશામાં આગવી આવડત ઊભી કરવા, અન્યાય સામે ન્યાય અપાવવા માટે મહિલા વિકાસ સંઘ દ્વારા ન્યાય સમિતિની રચના કરી છે.

સ્થાનિક સ્તરના પ્રશ્નો ઉકેલે અને અન્યાય સામે અવાજ ઉઠાવી હક્ક મેળવતા થાય તેવાં સંગઠનો બનાવવામાં આવ્યાં છે. આ સંગઠનની તાકાતથી બહેનોમાં પોતાના અધિકારો મેળવવાની અને પ્રશ્નો ઉકેલવાની ક્ષમતા વધે છે. આવા જ અભિગમને ધ્યાનમાં લઈને અન્ન સુરક્ષા અધિકારના કાર્યની શરૂઆત કરી છે. અન્નની સલામતીની વાત કરીએ તો લોકોને તમામ સમયે પોતાની ભૂખ સંતોષવા તથા પસંદગીના આહાર માટે પૂરતા પ્રમાણમાં સલામત અને પોષક અનાજ પ્રાપ્ત થઈ શકતું હોય તેને અન્નની સલામતી કહેવાય. ગુજરાતના આંજી દેનારા વિકાસના સમયે પણ લાખો ગરીબ નાગરિકોની અન્ન સુરક્ષા સુનિશ્ચિત થઈ નથી. ગુજરાતના કુલ વસ્તીના ૨૦ ટકા આજે પણ પૂરતો પોષક આહાર મેળવી શકતા નથી. ગુજરાતમાં પાંચ વર્ષથી નીચેનાં બાળકો ૪૫ ટકા કુપોષણ અવસ્થામાં જીવે છે અને ગ્રામ વિસ્તારની મહિલાઓમાં ૫૫ ટકા મહિલાઓ કુપોષણનો શિકાર બને છે.

૨૦૦૬ના પ્રારંભમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત સંસ્થાઓ સાથે આ મુદ્દે કામ કરવાની શરૂઆત કરી. અવારનવાર મીટિંગો કરી ગ્રામ સ્તરે મંડળો સાથે ચર્ચા કરી. ત્યાર બાદ વ્યક્તિગત પ્રશ્નોની શરૂઆત સંગઠનોના માધ્યમથી કરી મહિલાઓ સાથે મીટિંગો કરી. ફક્ત અન્ન નથી તેવો જ પ્રશ્ન નહોતો, તેની સાથે જોડાયેલ કામ સ્થળાંતર, જમીનવિહોણા, અશક્ત નિરાધાર અને વિધવા બહેનોની પરિસ્થિતિ ગંભીર જોવા મળી હતી. હંમેશાં જોવા મળ્યું છે કે ગરીબમાં ગરીબ સમુદાયનાં બહેનોએ પોતાની ગરીબીને ક્યારેય 'અમે ભૂખ્યા છીએ' જેવા શબ્દોમાં વર્ણવી નથી, પણ આ જ સમસ્યાને અવારનવાર રોજગારી મળે, કામ સાથે અનાજ મળી રહે તેવા શબ્દોમાં જ અભિવ્યક્તિ કરી છે. આ પ્રતિભાવોનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ થતું ગયું કે ગરીબી અને આજીવિકાની અનિશ્ચિતતાને કારણે ભૂખમરો ધીમે ધીમે કાયમી થઈ રહ્યો છે. ભૂખ અને અપૂરતા પોષણથી પિડાતા નાગરિકોની અન્નની અસલામતી દૂર કરવા બીપીએલ કુટુંબોને ઓળખવાં અને ગામોમાં જાહેર વિતરણ વ્યવસ્થા સરળ અને પારદર્શક રહે તે અગત્યનું છે. પોષણની અસલામતી નિવારવા મધ્યાહ્ન ભોજન યોજના અને સંકલિત બાળ વિકાસ યોજનાનું ચુસ્તપણે પાલન થાય તે પણ જરૂરી છે. સંસ્થા દ્વારા નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છેઃ

- મહિલા મંડળો સાથે ચર્ચા કરી સાચાં બીપીએલ કુટુંબોની સાથે અન્યાય થતો હોય તો ફરિયાદ કરવી.
- અધિકારલક્ષી યોજનાકીય માહિતી પૂરી પાડવી.
- સરકારી વિભાગ સાથે સંકલન કરી તાલુકા અને જિલ્લા સ્તરે જનસુનાવણી કરવી.
- તાલુકા સ્તરેથી નાગરિકોને સરળ અને સાચી માહિતી તથા મદદ મળે માટે તાલુકામાં નાગરિક અધિકાર સહાયતા કેન્દ્ર શરૂ કરવાં
- મંડળો દ્વારા સસ્તા અનાજની દુકાન ઉપર દેખરેખ રખાય તે માટે સમિતિની રચના કરવામાં આવી છે.
- યોજના પારદર્શક બને અને દેખરેખ સમિતિ કાર્યવંત બને તે માટે સુરેન્દ્રનગર જિલ્લામાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.
- ગામમાં જ લોકોને કામ મળે તે માટે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા હેઠળ મહિલા મંડળો દ્વારા ગામોમાં કામ શરૂ કરાવ્યું છે.

- રાજ્ય સ્તરે સુપ્રિમ કોર્ટના આદેશોનું પાલન થાય તે માટે અન્ન અને નાગરિક પુરવઠા સચિવ પાસે રજૂઆત કરવી.
- અન્ય રાજ્યોમાં અને અન્ન સુરક્ષા અધિકાર અભિયાન સાથે સંકલન કરવું.
- ફરિયાદો ઉપર પગલાં ના લેવાય તો માહિતી અધિકાર અધિનિયમનો ઉપયોગ કરવો.

### ગ્રામ સ્તરે ઝુંબેશ

અન્ન સુરક્ષાના મુદ્દે જિલ્લાના પાંચ તાલુકાનાં ૭૫ ગામોમાં નાગરિકોને સાચી માહિતી આપી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝુંબેશમાં ગામોમાં પત્રિકા અને પોસ્ટરનું વિતરણ કરાયું અને નાગરિકોના જાહેર વિતરણ વ્યવસ્થાના પ્રશ્નો સાંભળી ફરિયાદ દાખલ કરાવવામાં આવી. સુરેન્દ્રનગર જિલ્લાના ૪ તાલુકાઓમાં તાલુકા સ્તરે અને ૧ જિલ્લા સ્તરે અન્ન સુરક્ષાના મુદ્દે જનસુનાવણી કરવામાં આવી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે દરેક નાગરિકને સુરક્ષિત, પોષક અન્ન મેળવવાનો અધિકાર છે તે તેમને મળવો જોઈએ એ દૃષ્ટિકોણ વ્યવસ્થાતંત્રમાં આવે તેની યોજનાઓના નિયમ પ્રમાણે સુપ્રિમ કોર્ટના ચુકાદાઓનું અમલીકરણ થાય. આ જનસુનાવણીની વિગતો આ સાથેના કોઠામાં આપવામાં આવી છે. આ જનસુનાવણીઓમાં જે વિવિધ પ્રકારની ફરિયાદો પ્રાપ્ત થઈ તે નીચે કોઠા નં.૧માં આપેલ છે. ફરિયાદોની વિગતો નીચે પ્રમાણે છેઃ

૧. ૧૬ નાગરિકોની ફરિયાદ પ્રમાણે તેમને દુકાનદારે બીપીએલમાંથી એપીએલમાં ફેરવી નાંખ્યા છે.
૨. ૨૫ નાગરિકોની ફરિયાદ મુજબ દુકાનદારે તેમના રેશન કાર્ડમાં ખોટી એન્ટ્રી પાડી છે.
૩. ૨૮ નાગરિકોના કહેવા પ્રમાણે અનાજનું અને કેરોસિનનાં કાળાબજાર કરે છે.
૪. ૫૭ નાગરિકોની ફરિયાદ પ્રમાણે દુકાનદારે સ્ટોક હોવા છતાં અનાજની ફાળવણી કરી નથી.
૫. ૬૯ નાગરિકોના કહેવા પ્રમાણે (૬૫ બીપીએલ અને ૪ અંત્યોદય) તેમને નિયમ મુજબ અનાજ મળતું નથી, દુકાનદાર અપૂરતું આપે છે.
૬. ૮ નાગરિકોના કહેવા પ્રમાણે માલ જોખતાં સમયે દુકાનદાર છેતરપિંડી કરે છે.
૭. ૬૮ નાગરિકોનું કહેવું છે કે કાર્ડ બીપીએલ હોવા છતાં પૂરતા પ્રમાણમાં કેરોસિન ફાળવાતું નથી અને તેનું કાળાબજાર કરે છે.
૮. ૧૩૩ નાગરિકોના કહેવા પ્રમાણે જે લોટ આપવામાં આવે છે તેમાં જીવાત અને ઈયળ હોય માટે તેના બદલે ઘઉં આપવામાં આવે.
૯. ૩ નાગરિકોના કહેવા પ્રમાણે બીલ નથી આપતા, ૩ના કહેવા પ્રમાણે દુકાનદાર બહાર બોર્ડ નથી મૂકતા અને ૩ના કહેવા પ્રમાણે દુકાન સમયસર ખૂલતી નથી.
૧૦. ૮ નાગરિકોના કહેવા પ્રમાણે અમારા ગામમાં તકેદારી સમિતિ જ નથી.
૧૧. ૨૭ નાગરિકોના કહેવા પ્રમાણે દુકાનદાર સ્ટોકમાં ઘઉં હોવા છતાં આપવાની ના પાડી છે.

તે બાદ ૧૬ ગામોમાં અન્નની વ્યવસ્થા સારી બની, નિયમિત અનાજ મળવા લાગ્યું, ૨૪ નાગરિકોને કેરોસીન નિયમ પ્રમાણે મળવા લાગ્યું. પરંતુ હજુ સંઘર્ષ ચાલુ જ છે. નાગરિકોની જનસુનાવણી પછી અપેક્ષા હતી કે તેમની ફરિયાદો ઉપર પગલાં લેવાય અને બાકી અનાજ મળી રહે.

### નાગરિક અધિકાર સહાયતા કેન્દ્ર

પાંચ તાલુકામાં કાર્યરત આ કેન્દ્ર ઉપર ૮૪૬ પ્રશ્નો ફક્ત રેશન કાર્ડ નવાં કઢાવવાં, નામ ઉમેરાવું તેવા આવ્યા છે. કારણ કે જો કાર્ડ જ નથી હોતું તો ઘણી સમસ્યા ઊભી થાય છે. આ ઉપરાંત, તાલુકામાં

**કોઠા નં. ૧ઃ સુરેન્દ્રનગર જિલ્લામાં જનસુનાવણી**

| ક્રમ | તાલુકો | જનસુનાવણીની તારીખ | સ્થળ | હાજર સંખ્યા | | આવેલી કુલ ફરિયાદો | હાજર રહેલા સરકારી પ્રતિનિધિ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મહિલા | પુરુષ | | |
| ૧ | ચુડા | ૧૧.૬.૦૯ | મુસ્લિમ સમાજની વાડી | ૧૩૨ | ૪૬ | ૩૪૪ | - |
| ૨ | લીંબડી | ૧૨.૬.૦૯ | પટેલ સમાજની વાડી | ૫ | ૫૨ | ૫૬ | મામલતદાર અને પુરવઠા અધિકારી |
| ૩ | પાટડી | ૧૬.૬.૦૯ | કડવા પાટીદાર વાડી | ૨૯૩ | ૩૪ | ૧૭૦ | મામલતદાર અને પુરવઠા અધિકારી |
| ૪ | ધ્રાંગધ્રા | ૧૮.૬.૦૯ | બ્રહ્મસમાજની વાડી | ૧૧૩ | ૫૮ | ૧૦૭ | પુરવઠા અધિકારી |

મામલતદારો સાથે સંકલન થયું કે જ્યારે પણ કોઈ ગામથી રેશન કાર્ડનો પ્રશ્ન લઈને આવશે તેનું કામ સમયસર પૂરું થાય તે માટે પહોંચ મળશે. રોજ કામ ઉપર આગળ કાર્યવાહી ઝડપી થશે. જન્મ તારીખ માટે સોંગદનામાનો ખર્ચ વધુ થતો હોવાથી નાગરિક કેન્દ્ર ઉપર એક વકીલ ઓછા ખર્ચમાં તેનો દાખલો કાઢી આપે તેવી વ્યવસ્થા કરી છે. અગાઉ ૧૨થી ૧૮ માસનો સમય થતો, હવે ૩ માસની અંદર કાર્ડ નીકળી જાય છે. આ કેન્દ્ર ઉપર અન્ય યોજનાનાં ફોર્મ, તેની પૂરી માહિતી અને માહિતી અધિકાર અધિનિયમનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન મળી રહે છે. સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાનાં ગામોમાં જાહેર વિતરણ વ્યવસ્થા પારદર્શક બને અને નાગરિકોને માહિતી મળી રહે તે માટે પાટડી, ચુડા, લીંમડી, ધ્રાંગધ્રા તાલુકાનાં ૩૮ ગામોમાં સર્વે કરવામાં આવ્યો. તેમાંથી ૨૧ ગામોની અંદર દુકાનદાર દ્વારા નિયમિત માહિતી દર્શાવવામાં આવે છે.

**વ્યૂહરચના**

(૧) તાલુકામાં થયેલી જનસુનાવણી બાદ મામલતદારની સાથે એસોસિયેશનના પ્રતિનિધિઓની બેઠક.

(૨) જિલ્લા પુરવઠા અધિકારી સાથે એસોસિયેશનની બેઠક. નાગરિકોના પ્રશ્નોમાં પગલાં લેવાય અને જિલ્લાની દેખરેખ સમિતિની મીટિંગ બોલાવે અને સંકલન થાય. આ બાબતે પુરવઠા અધિકારી દ્વારા પગલાં લેવાયાં અને તાલુકામાં મામલતદારો દ્વારા ફરિયાદો ઉપર પગલાં લેવાયાં છે.

(૩) રાજ્ય સ્તરે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સમક્ષા ફેડરેશનનાં બહેનોની રજૂઆત.

(૪) કેન્દ્રિય વાધવા કમિશન સમક્ષ ફેડરેશનના પ્રતિનિધિઓ અને એસોસિયેશન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

**'આનંદી'**

સુરક્ષિત અને પોષક આહાર એ દરેક માનવીનો પાયાનો અધિકાર ચે. એફએઓ (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન)ની વ્યાખ્યા મુજબ દરેક વ્યક્તિને સ્વસ્થ અને સક્રિય જીવન જીવવા માટે પોતાની પસંદગી મુજબના પૂરતા, સલામત અને પોષક આહાર માટેની ભૌતિક તેમ જ આર્થિક પહોંચ એટલે અન્ન સુરક્ષા આ બધું જ સ્વામનભેર મળે તે પણ એટલું જ અગત્યનું છે. ભારતનું બંધારણ

## બે સફળ કિસ્સા

**(૧)** પાટડી તાલુકાના જીવણગઢ ગામનાં રહેવાસી રામુબહેન સાથે રેશનમાં અન્યાય થતો હતો. ગામનો દુકાનદાર તેમને પૂરતું અનાજ આપતો ન હતો અને દુકાનદાર વારંવાર તેમને ધક્કા ખવડાવતો હતો. તેઓ પાટડી મહિલા વિકાસ સંઘની ઓફિસે નાગરિક અધિકાર કેન્દ્ર ઉપર આવ્યાં અને રજૂઆત કરી અને તેમણે લેખિતમાં મામલતદારને ત્યાં વિરુદ્ધ ફરિયાદ કરી. સફળતા મેળવવા સંઘર્ષ કરવો પડે એ વાતને સાર્થક કરવા રામુબહેને લડત ઉપાડી અને પછી ન્યાય મેળવવા પાછળ લાગ્યાં. લેખિતમાં ફરિયાદ ગઈ એટલે ગામમાંથી વિરોધ થયો અને તેમને મળતું અનાજ દુકાનદારે બિલકુલ બધું કરી દીધું. ગામના સરપંચ રામુબહેન ઉપર ઉશ્કેરાયા અને અંત્યોદય કાર્ડ બંધ કરી ૩ માસનું અનાજ ના ફાળવ્યું. રામુબહેને વારંવાર ધક્કા ખાધા. પાટડી મહિલા વિકાસ સંઘે તેમને મદદ કરી, ખૂબ ઝઘડા કર્યા. મામલતદારની કચેરીમાંથી કહેવામાં આવ્યું કે તમારું કાર્ડ ચાલુ નહિ થાય, તમે ફરિયાદ કેમ કરી, તમારે જે કરવું હોય તે કરી લેજો. આ વાતને લઈ રામુબહેન કહે કે ભલે મારે ગાંધીનગર જવું પડે તો જઈશ પણ હું મારું કાર્ડ મેળવીને જ રહીશ. પછી સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરમાં ફરિયાદ કરી અને પછી મામલતદારે તેમનું કાર્ડ ચાલુ કરી દીધું.

**(૨)** ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામના રહેવાસી તારાબહેન નાની ઉંમરે વિધવા થયેલાં છે. તેમને એક બાબો છે. કુટુંબ સામે સંઘર્ષ કરીને રહે છે. તેમને નવું નવું જાણવાનો, તાલીમ લેવાનો વિચાર આવ્યો. અન્યને મદદરૂપ બનવાની ઈચ્છા અને કામ કરવાની ધગશ. હંમેશાં ક્યાંય તાલીમ હોય તો મારે જવું જ છે તેવું વિચારી તારાબહેને માહિતી અધિકાર અધિનિયમની, આરોગ્યની, ખેતીવાડી વગેરે અનેક તાલીમોમાં ભાગ લીધો અને આજે અન્ય નાગરિકોને સમજાવે છે. વિવિધ યોજનાનાં ફોર્મ ભરવા સરકારી કચેરીમાં જવું જેવાં તમામ કામોથી માહિતગાર છે. તેમના ગામમાં છેલ્લાં ૪ વર્ષથી સસ્તા અનાજના દુકાનદારે ગામમાં ખાંડ ફાળવી નહોતી. તારાબહેન રૂબરૂ ગયાં અને કહ્યું કે કેમ ખાંડ નથી આપતાં તો જવાબ મળતો કે ઉપરથી જ ઓછી આવે છે. તારાબહેને આરટીઆઈનો ઉપયોગ કર્યો અને તાલુકામાં મામલતદાર પાસે સ્ટોકની વિગત માંગી. તેના જવાબના ભાગરૂપે બહાર આવ્યું કે નિયમિત સ્ટોક અપાય છે પણ દુકાનદાર બારોબાર વેચી નાંખે છે. પછી ગામના લોકો દુકાનદારને ત્યાં ગયા અને અંતે જેની જેટલી ખાંડ બાકી હતી તે મળી. આજે બધાને નિયમિત ખાંડ મળે છે. તારાબહેન જેનાં રેશન કાર્ડનાં કામો અટકી ગયાં હોય, પુરવઠો ના મળતો હોય તેમને મદદ કરે છે. આ બહેને આરોગ્ય વિભાગમાં ચિરંજીવી યોજનાનાં ફોર્મ ભરવા અન્ય ગામોનાં બહેનોને મદદ કરે છે.

દેશના દરેક નાગરિકને અન્ન સુરક્ષા મળી રહે તે માટેની બાંયધરી પૂરી પાડે છે.

- અન્નનો અધિકાર ભારતીય બંધારણની કલમ-૨૧ અન્વયે જીવન જીવવાના અધિકાર હેઠળ મૂળભૂત અધિકાર છે. સર્વોચ્ચ અદાલત દ્વારા અનેક વાર એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સન્માનપૂર્વક જીવન જીવવાના અધિકારમાં અન્નના અધિકાર અને પાયાની જરૂરિયાતોનો સમાવેશ થાય છે.
- કમલ-૩૧ (અ) દર્શાવે છે કે દેશના દરેક નાગરિકને આજીવિકાનાં પૂરતાં સ્ત્રોત પૂરાં પાડવાં એ સરકારની જવાબદારી છે.
- કલમ-૪૭ મુજબ "દરેક વ્યક્તિના જીવનનું ધોરણ સુધારવું તેમ જ પોષણનું પ્રમાણ જાળવવું અને આરોગ્યમાં સુધારો લાવવો એ રાજ્યની પ્રાથમિક જવાબદારી છે."

નક્કર પ્રયત્નોની ગેરહાજરી અને પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે રાજનૈતિક ઈચ્છાશક્તિનો અભાવ પાયાના પ્રશ્નની તીવ્રતા વધારે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં 'આનંદી' સંસ્થા દ્વારા સાથી સંસ્થાઓ સાથે મળી ૩ જિલ્લાના ૫ તાલુકામાં લોક અધિકાર કેન્દ્ર સ્થાપ્યાં છે. તાલુકા સ્તરે સ્વૈચ્છિક સંસ્થા 'હ્યુમન રાઈટ્સ ફેલો' અને સ્થાનિક સંગઠન સાથે મળીને આ કેન્દ્ર ચલાવે છે. આ કેન્દ્ર દ્વારા અન્ન સુરક્ષા, આવાસ, જમીન, ચૂંટણીમાં મહિલાઓની ઉમેદવારી, મહિલાઓના અત્યાચારની નાબૂદી, સામાજિક સુરક્ષાઓ માટે ઝુંબેશ કરવામાં આવી છે. લોક અધિકાર કેન્દ્ર દ્વારા માહિતીના અધિકારનો મહિલા અત્યાચાર, કાનૂન, પંચાયત, આરોગ્ય, અન્ન સુરક્ષા, જમીન વગેરે વિષય માટે સરકારની નીતિ અને યોજનાઓનો ઉપયોગ કરી લોકોના હકો મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**અન્ન સુરક્ષા અધિકાર પ્રસ્થાપિત કરવાના પ્રયાસો**

- પેરાલિગલ ફેલો કાર્યકર અને ગ્રામ સ્તરે લોક અધિકાર મિત્રોની તાલીમ.
- તાલુકા સ્તરે લોક અધિકાર કેન્દ્ર દ્વારા લોકોને સીધો ટેકો કરવો.
- ગ્રામ સ્તરે જાગૃતિ ઝુંબેશ ચલાવવી.
- પંચાયતો સાથે બેઠક અને મહિલા સરપંચ તેમ જ સભ્યોની તાલીમ.
- અન્ન સુરક્ષા માટે સર્વોચ્ચ અદાલતના આદેશોના અમલ અંગેનો સર્વે.
- સ્થાનિક સ્તરે મહિલા મંડળ, પંચાયતો, તકેદારી સમિતિ, લોક અધિકાર મિત્રો તેમ જ સક્રિય નાગરિકો દ્વારા અન્ન સુરક્ષા અંતર્ગત યોજનાઓના અમલ ઉપર દેખરેખ.

લોક અધિકાર કેન્દ્ર દ્વારા પંચાયતો સાથે રહી ગ્રામ સભામાં ગરીબ અને વંચિત સમુદાયના લોકોનો બી.પી.એલ. તેમ જ અંત્યોદય યોજનામાં સમાવેશ કરવા ઠરાવો કરવામાં આવ્યા. આ ઠરાવો થયા બાદ દરેક કુટુંબની વ્યક્તિગત અરજીઓ કરવામાં આવી. આ અરજીઓ તાલુકા સ્તરે મામલતદાર અને જિલ્લા સ્તરે કલેક્ટરને કરવામાં આવી. ૨૦૦૮માં પાંચ તાલુકાની કુલ ૪૬૦ અરજીઓ કરવામાં આવી. આ અરજીઓ પર સરકારી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં. આથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫નો ઉપયોગ કરી અરજી કરવામાં આવી. અરજીનો જવાબ આપવામાં આવ્યો કે વર્ષના લક્ષ્યાંક પૂર્ણ થઈ ગયેલા છે આથી નવા વર્ષમાં આ અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવશે. આ જ સમય દરમ્યાન ગુજરાત હાઈ કોર્ટમાં અન્ન સુરક્ષાના મુદ્દે અરજી કરવામાં આવી અને તેમાં આ અરજીઓ લોકોએ કોર્ટમાં રજૂ કરી. કોર્ટ દ્વારા લોકોને અંત્યોદય કાર્ડ આપવા સરકારને આદેશ કરવામાં આવ્યો. આદેશના પરિણામે અરજી કરનારની સ્થળ તપાસ શરૂ થઈ અને ૬૮ લોકોને અંત્યોદય કાર્ડ આપવામાં આવ્યાં. અન્ય કેસો અંગે તપાસણી ચાલુ છે તેવું સરકાર દ્વારા જણાવાયું.

સિહોર તાલુકામાં કરકોલીય અને વળાવડ ગામમાં મહિલા સરપંચો દ્વારા પ્રાથમિક શાળાની મુલાકાત કરવામાં આવી. તપાસ કરતાં જાણવા મળ્યું કે મધ્યાહ્ન ભોજન શાળા બંધ હતું. આથી લોક અધિકાર કેન્દ્રનો ટેકો લઈ પંચાયતો દ્વારા આ ગામોમાં મધ્યાહ્ન ભોજન શરૂ કરવા બાબતે અરજી કરવામાં આવી. બીજા જ મહિનેથી આ ગામોમાં મધ્યાહ્ન ભોજન શરૂ કરી દેવામાં આવ્યું. સિહોર તાલુકામાં જ સસ્તા અનાજના દુકાનદારો પાસે માસ દરમ્યાન અનાજનો કેટલો જથ્થો આવ્યો અને કેટલા પ્રમાણમાં તેનું વિતરણ થયું તે અંગેની માહિતી માંગતાં ૭ દુકાનદારો દ્વારા કાર્યકરોને ધમકાવવામાં આવ્યા. આથી કાર્યકર દ્વારા તેમની સાથે લાંબી ચર્ચા કરવામાં આવી અને તેમને સમજાવવામાં આવ્યા કે કાયદા મુજબ કેટલીક માહિતી જ્યારે કોઈ પણ નાગરિક માંગે ત્યારે તે આપવી પડે. ત્યાર બાદ દુકાનદારોએ તમામ માહિતી આપી. લોક અધિકાર કેન્દ્ર દ્વારા જ્યારે તાલીમનું આયોજન કરાયું ત્યારે સસ્તા અનાજની દુકાનના દુકાનદારોના મંડળના પ્રમુખને હાજર રાખવામાં આવ્યા. આ તાલીમમાં લોકોએ તેમના ગામના પ્રશ્નો રજૂ કર્યા. દુકાનદાર મંડળના પ્રમુખ દ્વારા જે ગામની ફરિયાદો થઈ તે ગામોમાં સેવાઓ સુધારવા બાંયધરી આપી. આજે આ ગામોમાં જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારો જોવા મળ્યો છે.

૨૭.૮.૦૯ના રોજ સર્વોચ્ચ અદાલતમાં ચાલતા અન્ન સુરક્ષાના કેસમાં થયેલ આદેશ અંતર્ગત બનેલ વાધવા સમિતિએ રાજકોટમાં મુલાકાત લીધી. તે સમયે એક જનસુનાવણીનું આયોજન પણ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સુનાવણી પહેલાં ગ્રામ સ્તરે પંચાયતો

## અન્ન સુરક્ષા ક્ષેત્રની વિવિધ યોજનાઓના અમલમાં ખામીઓ અને તેમનો ઉકેલ

| યોજના | નિયમ | અમલીકરણમાં ખામી | ઉકેલ |
|---|---|---|---|
| મધ્યાહ્ન ભોજન | • મેનુ પ્રમાણે ભોજન બનાવવું.<br>• રસોઈયા તરીકે દલિત સમુદાયના બહેન અથવા વિધવા બહેનને પ્રાથમિકતા આપવી.<br>• બધાં બાળકોને એકસાથે બેસાડી ભોજન પીરસવું.<br>• ભોજનની ગુણવત્તા જાળવવી. | • મેનુ મુજબનું ભોજન બનતું નથી.<br>• ગામમાં દલિત તેમ જ વિધવા બહેનો હોવા છતાં રસોઈયા તરીકે અન્ય જ્ઞાતિના લોકોની નિમણૂક કરેલી છે.<br>• મધ્યાહ્ન ભોજન લેનાર વધુ બાળકોની સંખ્યા દર્શાવવામાં આવે છે.<br>• ભોજનની ગુણવત્તા જળવાતી નથી.<br>• શાળામાં ભોજન સમયે દલિત બાળકો સાથે ભેદભાવ રાખવામાં આવે છે.<br>• મધ્યાહ્ન ભોજન અંતર્ગત માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જાહેર માહિતી રાખવામાં આવતી નથી. | • સ્થાનિક સ્તરે વી.ઈ.સી.ને સક્રિય કરવી કે જેથી મધ્યાહ્ન ભોજન યોજના પર નિયમિત દેખરેખ થાય અને ગુણવત્તાયુક્ત ભોજન બાળકોને મળી રહે.<br>• રસોઈયા તરીકે દલિતની નિમણૂક કરવી કે જેથી જ્ઞાતિભેદ ઓછો કરી શકાય.<br>• મધ્યાહ્ન ભોજનનું પંચાયત દ્વારા 'સામાજિક અન્વેષણ' કરવું.<br>• જાહેર માહિતી મૂકવા દબાણ ઊભું કરવું. |
| લક્ષ્યાંકિત જાહેર વિતરણ વ્યવસ્થા | • રેશનિંગની દુકાન રજા સિવાયના તમામ દિવસોમાં ખુલ્લી રાખવી.<br>• કાર્ડધારકોને નિયત કરેલ જથ્થો નિયત કિંમતે આપવો.<br>• અનાજ આપ્યા બાદ તેનું બિલ કાર્ડધારકને આપવું<br>• માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી રાખવી અને લોકો માંગે ત્યારે રજિસ્ટર પણ બતાવવાં. | • દુકાનમાં જ્યારે માલ આવે ત્યારે જ ૨-૩ દિવસ દુકાન ખુલ્લી રહે છે, બાકીના સમયે બંધ રહે છે.<br>• કાર્ડધારકોને પૂરતા પ્રમાણમાં અનાજ મળતું નથી તેમ જ ગુણવત્તા પણ સારી હોતી નથી.<br>• બિલ આપવામાં આવતાં નથી.<br>• માહિતી જાહેર રાખવામાં આવતી નથી તેમ જ તેમનાં રજિસ્ટરો પણ ગામના લોકો માંગે ત્યારે અપાતાં નથી.<br>• કેટલીક જગ્યાએ તો દુકાનની બહાર બોર્ડ પણ મારેલું નથી હોતું.<br>• એપીએલ કાર્ડધારકોને અનાજ આપવામાં આવતું નથી. | • જાહેર માહિતી મૂકવા દબાણ ઊભું કરવું.<br>• ગ્રામ સ્તરે તકેદારી સમિતિને સક્રિય કરવી કે જેથી વિતરણ વ્યવસ્થાને લઈ કોઈ પ્રશ્ન હોય તો ઉકેલી શકાય તેમ જ પારદર્શકતા જાળવી શકાય.<br>• ગ્રામ સભામાં યોજનાનું સામાજિક અન્વેષણ કરાવવું. |
| આઈસીડીએસ | • ઓછામાં ઓછા ૪ કલાક આંગણવાડી ખુલ્લી રાખવી.<br>• બાળકદીઠ ૮૦ ગ્રામ નાસ્તો આપવો તેમ જ કુપોષિત બાળકને ૧૬૦ ગ્રામ નાસ્તો | • આંગણવાડીમાં બાળકોની સંખ્યા ઓછી હોય છે અને રજિસ્ટરમાં વધુ નોંધાયેલાં હોય છે.<br>• શાળા પૂર્વેની ઈતર પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી નથી. | • જાહેર માહિતી મૂકવા દબાણ ઊભું કરવું.<br>• પંચાયતો તેમ જ ગામના સક્રિય નાગરિકો દ્વારા આંગણવાડીની દેખરેખ રાખવી. |

| યોજના | નિયમ | અમલીકરણમાં ખામી | ઉકેલ |
|---|---|---|---|
| | આપવાનો રહે છે.<br>• આંગણવાડીમાં ધાત્રી માતા, કુપોષિત કિશોરીઓ અને સગર્ભા માતાને ગરમ નાસ્તો આપવો.<br>• પ્રાથમિક શાળા પૂર્વેનું શિક્ષણ આપવું.<br>• માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી જાહેર રાખવી અને લોકો માંગે ત્યારે રજિસ્ટર પણ બતાવવાં. | • આંગણવાડીમાં ધાત્રીમાતા, કુપોષિત કિશોરીઓ અને સગર્ભા માતાને ગરમ નાસ્તો આપવામાં આવતો નથી.<br>• ધોરણ ૩-૪નાં બાળકોની સંખ્યા ઓછી નોંધાયેલી હોય છે.<br>• મોટા ભાગે આંગણવાડીમાં અનાજનો જથ્થો સમયસર પહોંચતો નથી.<br>• માહિતી જાહેર રાખવામાં આવતી નથી, તેમ જ તેમનાં રજિસ્ટરો પણ ગામના લોકો માંગે ત્યારે અપાતાં નથી. | • તાલુકા સ્તરેથી સમયસર પૂરક પોષણનું વિતરણ થાય તે સુનિશ્ચિત કરવું.<br>• ગ્રામ સભામાં યોજનાનું સામાજિક અન્વેષણ કરાવવું. |
| જનની સુરક્ષા યોજના | • ગરીબ તેમ જ બીપીએલ યાદીમાં સમાવેશ થયેલી દરેક સગર્ભા બહેનને સગર્ભાવસ્થાના ૬થી ૯ માસ દરમ્યાન રૂ. ૫૦૦ની નાણાકીય સહાય આપવી. તેમાં બાળકોની સંખ્યાનો બાધ ન રાખવો.<br>• અનુસૂચિત જનજાતિની તમામ સગર્ભા મહિલાઓને લાભ આપવો.<br>• જો સંસ્થાગત પ્રસૂતિ કરાવવામાં આવે તો વાહન ખર્ચ પેટે રૂ. ૨૦૦ અલગથી આપવા. | • સગર્ભા સ્ત્રીની નોંધણી થતી નથી.<br>• જે બહેનોએ યોજના અંતર્ગત ફોર્મ ભરેલાં હોય તેમને પ્રસૂતિ પહેલાં નાણાકીય સહાય મળતી નથી પરંતુ પ્રસૂતિના ૧થી ૬ માસ બાદ મળે છે. | • ગ્રામ સ્તરે ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિને આ મુદ્દે સક્રિય કરવી.<br>• ગ્રામ સભામાં યોજનાનું સામાજિક અન્વેષણ કરાવવું. |
| રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના | • બી.પી.એલ. કુટુંબમાં વસતા ૬૫ વર્ષથી ઉપરની ઉંમરના વૃદ્ધોને માસિક રૂ. ૪૦૦નું પેન્શન આપવું. | • બીપીએલની યાદીમાં જરૂરિયાતમંદ લોકો છૂટી ગયા હોવાથી મોટા ભાગના લોકોને લાભ મળતો નથી.<br>• જે લોકોને લાભ મળે છે તેમને ૬થી ૧૨ માસે પૈસા મળે છે.<br>• બીપીએલ યાદી મુજબ પણ ૭૦ ટકા લોકો યોજનાથી વંચિત છે. | • ગ્રામ સભામાં લાભાર્થીઓની યાદી તૈયાર કરાવવી.<br>• વૃદ્ધોને સમયસર પેન્શન મળી રહે તે સુનિશ્ચિત કરવું.<br>• ગ્રામ પંચાયતમાં લાભાર્થીની યાદી જાહેર કરવી.<br>• યોજનાના પ્રચાર માટે જાહેરમાં જાહેરાત કરવી. |

| યોજના | નિયમ | અમલીકરણમાં ખામી | ઉકેલ |
| --- | --- | --- | --- |
| | | • મોટા ભાગના લોકોમાં માહિતીનો અભાવ જોવા મળે છે. | |
| રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના | • બીપીએલ કુટુંબના મુખ્ય કમાનારનું અકસ્માતે મૃત્યુ થાય તો તે કુટુંબને એક માસની અંદર રૂ.૧૦,૦૦૦ની સહાય આપવી. | • મોટા ભાગના લોકોને આ યોજનાની જાણ નથી, આથી યોગ્ય લાભાર્થી સુધી યોજનાની પહોંચ નથી.<br>• જે લોકોને આ યોજનાનો લાભ મળે છે તેમને ૬ માસ બાદ જ મળે છે. | • યોજનાના અમલીકરણ માટે પંચાયતને જવાબદાર બનાવવી.<br>• યોજનાના પ્રચાર માટે જાહેરમાં જાહેરાત કરવી. |
| અંત્યોદય કાર્ડ | • અંત્યોદય કાર્ડધારકોને ૩૫ કિલો અનાજ આપવું.<br>• વિધવા, એકલ, ત્યક્તા, વિકલાંગ, લાંબી બીમારી ધરાવતા તેમ જ અશક્તજનોને અંત્યોદય કાર્ડ આપવાં.<br>• જો કાર્ડધારક અનાજના પૈસા ન ચૂકવી શકે તો તેને મફતમાં અનાજ આપવું અને તે ઈચ્છે તો તેને હપતામાં અનાજ આપવું. | • અંત્યોદય કાર્ડધારકોને પૂરતા પ્રમાણમાં અનાજ નથી મળતું.<br>• ગુજરાત રાજ્યમાં અનાજના બદલે લોટ આપવામાં આવે છે, જે ખરાબ ગુણવત્તાનો હોવાથી લોકો તેને ખોરાકમાં ઉપયોગ લેતા નથી.<br>• યોગ્ય લાભાર્થીની ઓળખ કરવામાં આવી નથી.<br>• અંત્યોદય કાર્ડ બીપીએલ કાર્ડધારકો હોય તેને જ આપવામાં આવે છે.<br>• લક્ષ્યાંક આધારિત કાર્ડ આપવામાં આવે છે.<br>• ગ્રામ સભામાં જે વ્યક્તિઓના ઠરાવો થયા હોય છે તેમના પર કોઈ પ્રક્રિયા થતી નથી. | • ગ્રામ સભામાં લાભાર્થીઓની યાદી તૈયાર કરાવવી અને તેને સત્તા આપવી.<br>• તકેદારી સમિતિ દ્વારા લાભાર્થીને પૂરતા પ્રમાણમાં અનાજ નળી રહે તે સુનિશ્ચિત કરવું.<br>• અનાજની ગુણવત્તા સુધારવી તેમ જ યોજનામાં પારદર્શકતા લાવવી. |
| અન્નપૂર્ણા યોજના | • ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ લોકોને દર માસ દરમ્યાન ૧૦ કિલો અનાજ મફત આપવું. | • મોટા ભાગના લોકો યોજનાથી માહિતગાર ન હોવાથી લાભ લઈ શકતા નથી.<br>• ગ્રામ સભાના ઠરાવો માન્ય રાખવામાં આવતા નથી. | • ગ્રામ સભામાં લાભાર્થીઓની યાદી તૈયાર કરાવવી અને તેને સત્તા આપવી.<br>• તકેદારી સમિતિ દ્વારા લાભાર્થીને પૂરતા પ્રમાણમાં અનાજ મળી રહે તે સુનિશ્ચિત કરવું. |

ગામના નાગરિકો અને વંચિત સમુદાયો સાથે બેઠક કરી. તેમને અન્ન સુરક્ષામાં આવતા પ્રશ્નોની રજૂઆત કરવા તૈયાર કરવામાં આવ્યા. લોકો દ્વારા આ સમયે જનસુનાવણીમાં તેમના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી. તેમાંના કેટલાક મુદ્દાઓ નીચે મુજબ છે:

• અંત્યોદય કાર્ડમાં મળતા લોટની ખરાબ ગુણવત્તા અંગે (જસદણ તાલુકાના એક બહેને તેમને અંત્યોદય કાર્ડમાં મળતા ધનેરાવાળા લોટની થેલી સાથે લોટની ખરાબ ગુણવત્તા વિશે રજૂઆત કરી) જનસુનાવણી બાદ તપાસ કરતાં જાણવા મળ્યું કે મોટા ભાગની

દુકાનોમાંથી ખરાબ ગુણવત્તાવાળો લોટ પરત લઈ સારી ગુણવત્તાવાળો લોટ આપવામાં આવ્યો.

- અંત્યોદય કાર્ડધારકોને કાર્ડ આપવામાં થતા વિલંબ અને લક્ષ્યાંક આધારિત કાર્ડનું વિતરણ. રાજકોટ પુરવઠા કલેક્ટરે અંત્યોદય કાર્ડ માટે અરજીઓ કરવા જણાવ્યું.
- સસ્તા અનાજની દુકાનની અનિયમિતતા તેમ જ સામાન આપવામાં ગેરરીતિઓ અંગે.
- ગ્રામ સ્તરે તકેદારી સમિતિની નિષ્ક્રિયતા અંગે.
- બી.પી.એલ. કાર્ડ આપવા બાબતે.
- ચૂંટણીઓના સમયમાં રેશન કાર્ડની પ્રક્રિયાઓ બંધ કરવા અંગે.
- જાહેર માહિતી ન રાખવા બાબતે (કાટોડીયા ગામના મહિલા સરપંચ દ્વારા ડિલરો દ્વારા થતા દબાણ અંગેની રજૂઆત કરવામાં આવી) જાણવા મળ્યું કે મામલતદાર તેમ જ કલેક્ટર દ્વારા દુકાનદારો સાથે બેઠક કરવામાં આવી અને કોઈ પણ નાગિરક માહિતી માંગે ત્યારે તે આપવા માટે સૂચના આપવામાં આવી.
- મધ્યાહ્ન ભોજનમાં મળતા ખોરાકની ગુણવત્તા અંગે.
- દરેક યોજનામાં મોટા ભાગે ભ્રષ્ટાચાર જોવા મળે છે.

લોક અધિકાર કેન્દ્રના કાર્યવિસ્તારનાં ૧૦૦ ગામોમાં સ્થાનિક સ્તરે મહિલા મંડળ, પંચાયતો, તકેદારી સમિતિ, લોક અધિકાર મિત્રો તેમ જ સક્રિય નાગરિકો દ્વારા અન્ન સુરક્ષા અંતર્ગત યોજનાઓના અમલ ઉપર દેખરેખ રાખવામાં આવે છે. સ્થાનિક દેખરેખથી ગામોમાં યોજનાઓનો અમલ સારી રીતે થઈ રહ્યો છે. માળિયા અને જસદણ તાલુકાનાં ૧૦ ગામોમાં અન્ન સુરક્ષા અંતર્ગત સર્વોચ્ચ અદાલતના આદેશોના અમલીકરણ અંગેનો સર્વે કરવામાં આવ્યો. આ સર્વે દરમ્યાન અન્ન સુરક્ષાની આઠ યોજનાઓના અમલનું સ્તર તપાસવામાં આવ્યું. સર્વેમાં અનુભવ રહ્યો કે યોજનાઓના અમલ તેમજ યોગ્ય વ્યક્તિ સુધી યોજનાની પહોંચમાં ખૂબ જ તફાવત જોવા મળે છે. રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના અંતર્ગત માળિયા તાલુકાનાં સર્વેનાં ૫ ગામોમાં ફક્ત ૩ જ લાભાર્થીઓ સરકારના રજિસ્ટરમાં જોવા મળે છે, જ્યારે સર્વે દરમ્યાન ૭૦ ટકા લાભાર્થીઓ લાભથી વંચિત જોવા મળે છે. જનની સુરક્ષા અંતર્ગત લાભાર્થી મહિલાઓને તેમની પ્રસૂતિ બાદ જ લાભ મળે છે, જે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન દર્શાવે છે. આ મુદ્દાઓ અંગે ગ્રામ સ્તરે ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિ સાથે રહી ઉકેલ લાવવા માટે પ્રયત્ન થઈ રહ્યો છે. સર્વે દરમ્યાન સસ્તા અનાજના દુકાનદાર પાસેથી તેમનાં રજિસ્ટરો જોવા મળ્યા તેમાંથી જે તે માસમાં કાર્ડધારકને કેટલો જથ્થો મળેલ છે તે બતાવવા અંગે ચર્ચા કરતાં તેમણે માહિતી ન આપવા જણાવ્યું. આથી આ વિશે મામલતદાર સાથે ચર્ચા કરવામાં આવી. આ માહિતી માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪-૧-ખ અંગર્ગત જાહેર માહિતી હોય છે તેવું પણ જણાવ્યું. ત્યાર બાદ મામલતદારના કહેવાથી આ માહિતી મળી શકી.

## ‘ઉન્નતિ’

અન્ન સુરક્ષાના મુદ્દે ‘ઉન્નતિ’ દ્વારા કચ્છ જિલ્લામાં નેર, બંધડી, કબરાઉ, મોરગર અને બનિયારી એમ પાંચ પંચાયતોમાં ૮ ગામોમાં કામ કરવામાં આવ્યું છે. આ ગામોના સંદર્ભમાં અન્ન સુરક્ષા માટેની વિવિધ સેવાઓ કેવી રીતે પ્રાપ્ત થાય છે તેની માહિતી તાલુકા સ્તરેથી વિભિન્ન અધિકારીઓનો સંપર્ક કરીને પ્રાપ્ત કરવામાં આવી. દરેક પંચાયતના નાગરિક નેતાઓ પોતે આ યોજનાઓના અમલના સંદર્ભમાં પોતાની ભૂમિકા સમજે તે માટે તેમને પ્રશિક્ષિત કરવામાં આવ્યા. આ નેતાઓએ અન્ન સુરક્ષા સાથે સંબંધિત એવી યોજનાઓના અમલ વિશેના મુદ્દાઓ ગ્રામ સભાઓમાં ઉઠાવ્યા અને તેને પરિણામે તેમને કેટલીક સફળતા પ્રાપ્ત થઈ.

ખાસ કરીને સસ્તા અનાજની દુકાનોમાં જે વ્યાપક ગેરરીતિઓ પ્રવર્તતી હતી તેના ઉપર લોકોનું ધ્યાન ગયું. નાગરિક નેતાઓએ સસ્તા અનાજની દુકાનો વિશેની જોગવાઈઓની માહિતી પ્રાપ્ત કરી અને તેમને સમજવાની કોશિષ કરી. આ મુદ્દાઓ ગ્રામ સભાઓમાં ઉઠાવવામાં આવ્યા તેનું પરિણામ એ આવ્યું કે દુકાનો નિયમિત સમયે ખૂલતી થઈ. દુકાનો ખૂલવાના દિવસો પણ વધ્યા. એક મહત્ત્વનું પરિવર્તન એ આવ્યું કે રેશન કાર્ડ જે અગાઉ દુકાનદારો પાસે પડી રહેતાં હતાં તે હવે તેમના પરિવારો પાસે પાછા આવ્યા. ખાસ કરીને નાગરિક નેતાઓએ પંચાયતોને આ બાબતે પગલાં લેવા માટે મજબૂત કરી એ અગત્યનો મુદ્દો રહ્યો. તેનું કારણ એ હતું કે ગ્રામ સભાઓમાં સસ્તા અનાજની દુકાનોની વિગતો વિશે સવાલો ઉઠાવવામાં આવ્યા અને તેના જવાબો પંચાયતોના નેતાઓ આપી શકે તેમ નહોતા. આ ઉપરાંત સંકલિત બાળવિકાસ સેવાઓ (આઈસીડીએસ) હેઠળ ચલાવાતી આંગણવાડીઓ અને મધ્યાહ્ન ભોજન યોજનાના અમલમાં પણ સુધારો કરવા માટેના પ્રયત્નો આ નાગરિક નેતાઓએ જ કર્યા. તેને પરિણામે એ બંને યોજનાઓનો અમલ કરનારાઓ પંચાયતો અને ગ્રામ સભા પ્રત્યે જવાબદાર બન્યા.

સંપર્કઃ
(૧) ‘આનંદી’, ડી-૧૭૩, શિવ રવિરત્ન પાર્ક, શેરી નં.૩, સોમેશ્વર મહાદેવની સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫. ફોનઃ ૦૨૮૧-૨૫૮૬૦૯૧. વેબસાઈટઃ anandirajkot@dataone.in
(૨) ‘સ્વાતિ’, બી-૨, સનશાઈન એપાર્ટમેન્ટ્સ, એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ પાસે, અમદાવાદ-૧૫. ફોનઃ ૦૭૯-૨૬૩૦૧૬૧૦. વેબસાઈટઃ www.swati.org.in

# સાંપ્રત પ્રવાહ

## ૧૧મી પંચવર્ષીય યોજનાની મધ્યસત્રીય લોકસમીક્ષા

૨૦૦૭-૧૨ની ૧૧મી પંચવર્ષીય યોજનાનો અમલ કેવો થઈ રહ્યો છે તે અંગે ધરાતલીય સમીક્ષા કરવા માટે એક સભાનું આયોજન અમદાવાદમાં 'દિશા' દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં ખાસ કરીને યોજનાકીય ખર્ચ યોગ્ય રીતે થાય છે કે નહિ અને તે કઈ દિશામાં વાળવું જોઈએ તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

'ગણતર'ના શ્રી સુખદેવ પટેલે જણાવ્યું કે પ્રાથમિક શિક્ષણનો અધિકાર મૂળભૂત બનાવાયો અને તે અંગેનો કાયદો પણ થયો. પરંતુ ૧૪ વર્ષ સુધીનું શિક્ષણ કેવી રીતે થાય? જો બાળક ૫ વર્ષે શાળામાં દાખલ થાય તો ૧૪ વર્ષે પ્રાથણિક શિક્ષણ પૂરું કેવી રીતે થાય? ૧૧મી યોજનામાં શિક્ષણ માટે જે ખર્ચ નક્કી કરાયું છે તે અન્ય ક્ષેત્રો કરતાં વધારે છે. શિક્ષણ માટે જે કુલ ખર્ચ અંદાજાયું છે તેનું ૫૫ ટકા ખર્ચ 'સર્વ શિક્ષા અભિયાન'માં અંદાજવામાં આવ્યું છે. વાસ્તવમાં, આ અભિયાન એ ગરીબ બાળકો માટે હલકી ગુણવત્તાવાળી શિક્ષણ વ્યવસ્થા છે.

ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે આયોજન પંચ દ્વારા જે નાણાં આપવામાં આવે છે તેમાંનાં કેટલાં નાણાં રાજ્ય સરકાર કેવી રીતે વાપરે છે એ મહત્ત્વનું છે. ગુજરાતમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ બોરીબંધ બનાવવામાં આવ્યા અને તેમાં મોટી ગેરરીતિઓ કરવામાં આવી અને આવી બધી બાબતો આયોજન પંચે ધ્યાનમાં લેવી જોઈએ. મૂડીરોકાણ એવા જ વિસ્તારોમાં થઈ રહ્યું છે કે જે વિકસિત વિસ્તારો છે. ખરેખર તો રોકાણ ત્યાં થવું જોઈએ કે જ્યાં વિકાસ થયો નથી અને સંતુલિત વિકાસ થવો જોઈએ.

'વાદા ના તોડો અભિયાન'ના શ્રી અમિતાભ બહલે જણાવ્યું હતું કે યોજનાઓ બનાવવાનું કામ અર્થશાસ્ત્રીઓ જ કરતા રહ્યા છે, તેમાં સમાજશાસ્ત્રીઓ અને કર્મશીલો વગેરેને સામેલ કરવામાં આવ્યા નથી. જો કે, ૧૧મી પંચવર્ષીય યોજના બની રહી હતી ત્યારે બિન-સરકારી સંગઠનો સાથે પરામર્શ કરાયો હતો. ૧૧મી પંચવર્ષીય યોજનાના જે લક્ષ્યાંકો છે તેને કેવી રીતે ચરિતાર્થ કરી શકાય અને માત્ર આંકડાઓની દૃષ્ટિએ જ નહિ પણ વાસ્તવિક સ્થિતિ શું છે તેની સમીક્ષા કરાય.

આઈઆઈએમ-અમદાવાદના પ્રો. દિલીપ માવલંકરે જણાવ્યું હતું કે આયોજન પંચ લક્ષ્યાંકો નક્કી કરે છે. માતૃત્વ મૃત્યુ દર નક્કી કરવા માટે કોઈ પદ્ધતિ છે જ નહિ. મેલેરિયા કે ટીબીથી મૃત્યુ થાય તો તે ગણવા માટેની પદ્ધતિ જ નથી અને લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. આયોજન પંચમાં આરોગ્ય વિશેના નિષ્ણાત માત્ર એક જ છે, કમ-સે-કમ ૧૦ હોવા જોઈએ. જે લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે તે શા માટે નક્કી કરવામાં આવે છે એનાં કારણો આપવામાં આવતાં નથી. પહેલી યોજનાથી અત્યાર સુધી કુટુંબ નિયોજનના કે આરોગ્યના કોઈ લક્ષ્યાંક સિદ્ધ થયા નથી. આયોજન પંચે ૨૦૦૧ અને ૨૦૦૮માં એમ બે જ અભ્યાસો આરોગ્ય ક્ષેત્રના સંદર્ભમાં કર્યા છે.

શ્રી ઇન્દુકુમાર જાનીએ જણાવ્યું હતું કે આયોજન આંશિક અને પક્ષપાતી થાય છે. આયોજન કરવામાં જ લોકોને અને લોકસંગઠનોને સામેલ કરવાં જોઈએ. કોર્પોરેટ ખેતી વિશે કાળજીપૂર્વક આગળ વધવું જોઈએ. સમગ્ર દેશમાં જમીનના ઉપયોગ વિશેની નીતિ બનવી જોઈએ.

## ૫૦૦૦ મહિલાઓએ ઊજવ્યો વિશ્વ મહિલા દિન

૮ માર્ચ સમગ્ર વિશ્વ મહિલા દિન તરીકે ઉજવી મહિલાઓ પ્રત્યેનો પ્રેમ, લાગણી અને સન્માનની ભાવના વ્યક્ત કરે છે. ૮ માર્ચ ૨૦૧૦નો દિવસ અમદાવાદ માટે અવિસ્મરણીય બની રહેશે. ગુજરાતના જુદા જુદા જિલ્લાઓ, તાલુકાઓ અને ગામડાંઓ તથા શહેરોની અંદાજે ૫૦૦૦થી પણ વધારે બહેનોએ અમદાવાદમાં એક જ મંચ પર એકઠાં થઈ વિશ્વ મહિલા દિનની ગૌરવભેર ઉજવણી કરી. દર વર્ષે ગુજરાતની જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ, સામુદાયિક સંગઠનો પોતપોતાની રીતે મહિલા દિનની ઉજવણી કરતાં હતાં પરંતુ આ વર્ષે રાજ્યનાં જુદાં જુદાં ગામો, તાલુકાઓ, શહેરો અને







જિલ્લાની મહિલાઓ તથા સ્વૈચ્છિક સંગઠનોએ એકસાથે એક મંચ પર એકઠા થઈ મહિલા દિનની ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું અને આ વિચારને મહિલા અધિકાર અભિયાન એવા નામે મૂર્ત રૂપ આપ્યું.

મહિલા અધિકાર અભિયાનના નેજા હેઠળ સમગ્ર ગુજરાતમાંથી ૫૦૦૦ બહેનો અમદાવાદમાં સુભાષબ્રિજ - આંબેડકર ભવન ખાતે એકઠાં થયાં હતાં. ઉપસ્થિત બહેનોએ પોતાની માંગણીઓ અને અધિકારો અંગેના સૂત્રોચ્ચાર કરી વાતાવરણને ગજવી દીધું હતું. જુદા જુદા જિલ્લાઓમાંથી આવેલી બહેનો પોતાના જિલ્લા ઉપરાંત વિવિધ મુદ્દે કાર્યરત સંસ્થાઓ અને પોતાને અસર કરતા મુદ્દાઓનું પ્રતિનિધિત્વ કરતાં હતાં. એકસાથે ૫૦૦૦ બહેનોએ આંબેડકર ભવનથી પોતાની વિવિધ માગણીઓ અને અધિકારો દર્શાવતાં પ્લેકાર્ડ સાથે અભયઘાટ સુધી સૂત્રોચ્ચાર સાથેની રેલી કાઢી હતી. ૧૨ વર્ષથી લઈ ૮૨ વર્ષની ઉંમરના મહિલાઓ પણ આ રેલીમાં જોડાયાં હતાં. પ્લે કાર્ડ અને સૂત્રોચ્ચારની સાથે નીકળેલી આ રેલી અભયઘાટ પાસેના મેદાનમાં સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. અભયઘાટના મેદાનમાં પણ બહેનોએ ખૂબ હર્ષોલ્લાસ સાથે સૂત્રો પોકારી ગીતો ગાઈ મહિલા દિનની ઉજવણી અંગે પોતાની રીતે આનંદ વ્યક્ત કર્યો હતો.

૮ માર્ચનો વિશ્વ મહિલા દિન માત્ર ઉજવણીનો જ અવસર ના બની રહે પરંતુ બહેનોની સમસ્યાઓ, અધિકારો અને માગણીઓનો અવાજ માત્ર મોટાં ઉદ્યોગ ગૃહોના ચાકર બની બેઠેલ સરકારના કાને પહોંચે એ માટે શહેરથી લઈ ગામ, દરેક જ્ઞાતિ, ધર્મ અને વર્ગની બહેનોની સમસ્યાઓનો ચિતાર રજૂ કરતો કાળો પત્ર બહેનોના એક પ્રતિનિધિ મંડળે સરકાર સુધી રૂબરૂ પહોંચાડ્યો હતો. બ્લેક ડિમાન્ડ પેપરમાં મહિલાઓના આરોગ્ય, શિક્ષણ, સલામતી, જમીન અને મિલકતમાં મહિલાઓનો અધિકાર, એકલ નારીની સમસ્યાઓ અને માંગણીઓ, પંચાયતમાં ચૂંટાઈને આવેલી બહેનોની માંગણીઓ, લઘુમતી સમુદાયની બહેનોની સમસ્યાઓ, સ્ત્રીઓ પર થતી ઘરેલૂ હિંસા જેવા તમામ મુદ્દાઓની સચોટ રજૂઆત કરવામાં આવી છે. ઉપરાંત એકસાથે એક મંચ પર ઉપસ્થિત બહેનોને પણ તેમની કઈ સમસ્યાઓ અને માંગણીઓ છે એ રજૂ કરવાની તક પૂરી પાડવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ કોઈ સંસ્થા કે સંગઠનનો ના બની રહેતાં ગુજરાતની તમામ બહેનોનો પોતાનો કાર્યક્રમ બન્યો હતો.

મહિલા અધિકાર અભિયાનના મંચ પર એકઠી થયેલ તમામ બહેનો પોતાની માગણીઓ સંદર્ભે સરકાર તરફથી મળતા પ્રતિભાવને આધારે પોતાની ભાવિ રણનીતિ ઘડશે. મહિલા અધિકાર અભિયાનના મંચ પર એકઠી થયેલી ૫૦૦૦થી પણ વધારે મહિલાઓ અને એમની રજૂઆત તથા પ્રતિબદ્ધતા જોતાં ગુજરાતમાં મહિલા ચળવળ ફરી વેગવંત બની રહી હોય એવી આશા જન્મી છે.

## લોક આવાસ યાત્રા

બેઝીન સાઉથ એશિયા નેટવર્ક તથા 'ઉન્નતિ' અને 'સેવા' સંસ્થાના સંયુક્ત પ્રયાસથી તા. ૧૭થી ૨૧ જાન્યુઆરી, ૨૦૧૦ દરમ્યાન પશ્ચિમ ભારતના પસંદ કરેલા ક્ષેત્રમાં લોક આવાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક આવાસ યાત્રાનો ઉદ્દેશ આવાસ નિર્માણની સ્થિતિને એના વિશેષ દૃષ્ટિબિંદુથી સમજવાનો હતો. તેમાં – (૧) આવાસ નિર્માણ ક્ષેત્રે વપરાતી બાંધકામ સામગ્રી કેટલે અંશે ઓછું કાર્બન ઉત્પન્ન કરે છે. (૨) આવાસ તેમ જ વસવાટ અંગે શુદ્ધ પાણી અને સ્વચ્છતા જાળવણીના અસરકારક ઉપાયો. (૩) ભૂકંપ કે વાવાઝોડા જેવી આપદાઓ સામે ટકે તેવી બાંધકામ પદ્ધતિનો ઉપયોગ/અમલ. (૪) ખાસ કરીને ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ જેવી સામાજિક આવાસ યોજનામાં થઈ રહેલી નમૂનારૂપ કામગીરી. (૫) મકાન બાંધકામમાં સ્થાનિક કારીગરોની ભૂમિકા અને તેમનું ક્ષમતાવર્ધન. (૬) આવાસ નિર્માણ પ્રક્રિયા દરમ્યાન પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની તકોનું નિર્માણ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

યાત્રિકોએ રાજસ્થાન, કચ્છ તથા સૌરાષ્ટ્રના પસંદ કરેલા વિસ્તારોનો પ્રવાસ કર્યો હતો. ત્રણેય યાત્રાઓ મળી કુલ ૧૦૦ જેટલા લોક પ્રતિનિધિ પાંચ દિવસ માટે જોડાયા હતા. તેમાં બાંધકામ કારીગરો, સરપંચ, પંચાયત પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને બચતજૂથનું નેતૃત્વ કરનારી મહિલાઓ મુખ્ય હતી. આ દરમ્યાન તેઓએ પસંદ કરેલાં ગામો તથા યોજનાઓની મુલાકાત લીધી હતી અને લોકો સાથે પ્રત્યક્ષ સંવાદ કરી રૂબરૂ માહિતી મેળવી હતી. તમામ યાત્રીઓ સાથે મળી જે તે યોજના/ગામોની મુલાકાત દ્વારા પોતે શું શીખ્યાં તેની નોંધ રાખતાં હતાં અને આ શીખનો અમલ

પોતાના કાર્યવિસ્તારમાં કઈ રીતે કરશે તેની સમજ પણ ઊભી કરતાં રહેતાં. આમ એકંદરે વિવિધ મુદ્દાઓ અંગે યાત્રીઓની સમજ વિકસાવવાની આ યાત્રાએ એક તક પૂરી પાડી હતી.

પશ્ચિમ ક્ષેત્ર લોક આવાસ યાત્રાના સમાપન અને અનુભવની આપ-લે માટે તમામ યાત્રીઓ જાન્યુઆરી ૨૧, ૨૦૧૦ ના રોજ અમદાવાદમાં સેપ્ટ યુનિવર્સિટી ખાતે એકઠા થયા હતા. પ્રથમ સત્રમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે આદિવાસી વિભાગના સચિવ એ. એમ. તિવારી હાજર રહ્યા હતા. યાત્રીઓ દ્વારા આપવામાં આવેલી જાણકારીની સરાહના કરી હતી અને ખાસ કરીને આદિવાસી વિસ્તાર માટે રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા દસ મુદ્દાના કાર્યક્રમની જાણકારી આપી હતી તથા આદિવાસી પ્રજાના વિકાસ માટે આવાસની ભૂમિકા તથા આવાસની સહાય પૂરી પાડવા માટે સરકારે કરેલા નીતિ નિયમો તથા દેખરેખની પદ્ધતિની ઊંડાણથી સમજ આપી હતી તથા આદિવાસી વિસ્તારની એક અલગ યાત્રા અંગે સૂચન કર્યું હતું તથા એન.સી.પી.ડી.પી. સંસ્થાના વડા અને ટેક્નોક્રેટ રાજેન્દ્ર દેસાઈ તથા સુરેખાબહેન, સી.ઈ.ઓ. - એ.કે.પી.બી.એસ. દ્વારા બાંધકામ ક્ષેત્રે ઊર્જા બચાવનો ખ્યાલ કઈ રીતે લાગુ પાડી શકાય અને કેટલો સુસંગત છે તે અંગે વિસ્તૃત સમજ આપી હતી.

'સેવા' દ્વારા પ્રેરિત 'સેવા નિર્માણ'નાં નીતાબેન પટેલે 'સેવા'ની સહાયથી ભૂકંપ દુર્ઘટના પછી પુનર્વસન માટે આવાસ નિર્માણ પ્રક્રિયાને વેગવંતી બનાવવાના પ્રયત્નો કરવામાં આવેલા તેના અમલીકરણ દરમ્યાન ઊભા થયેલા પ્રશ્નો અને તેના નિરાકરણ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના પ્રતિનિધિ અનઘા મહાજનીએ કારીગરોની બાંધકામ પદ્ધતિ અંગે જાણકારી જાગૃતિ વધારવામાં સંસ્થાકીય પ્રયત્નોની વિસ્તૃત જાણકારી આપી હતી.

'ઉન્નતિ' સંસ્થાના ડાયરેક્ટર બિનોય આચાર્યે સમગ્ર કાર્યક્રમના સંચાલનમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી અને આગળની દિશા કેવી હોઈ શકે તે અંગે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા અને એ મુદ્દા પર ભાર આપ્યો હતો કે યાત્રીઓનાં અનુભવો અને જાણકારીનો ઉપયોગ કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર થઈ રહેલી ગ્રામીણ આવાસ નીતિમાં ફેરફારો સૂચવવા માટે ખૂબ ઉપયોગી થશે. સમગ્ર યાત્રામાંથી એ તારણ બહાર આવ્યું હતું કે-

(૧) પરંપરાગત બાંધકામ પદ્ધતિઓમાં થોડોક સુધારો કરી તેનો વ્યાપ વધારવાની જરૂર છે અને આવી ટેક્નોલોજીને ઓળખ મળે તો જ સમુચિત ટેક્નોલોજીનો વ્યાપ વધી શકે.

(૨) બાંધકામ ક્ષેત્રમાં બાંધકામ સામગ્રીનો જે રીતે વપરાશ થઈ રહ્યો છે તેમાં ઊર્જા-બચત કરનારી બાંધકામ સામગ્રી અંગે વિશેષ ધ્યાન અપાવું જોઈએ.

(૩) કારીગરો આ મુદ્દે વધુ જાણકાર તથા શિક્ષિત બને તે અંગે પ્રયત્નો થવા જોઈએ.

(૪) ઈન્દિરા આવાસ તથા સરદાર આવાસ જેવી યોજનાઓના અમલમાં ઓછી ઊર્જા વાપરતી બાંધકામ સામગ્રી વપરાય તે જોવાવું જોઈએ.

લોક આવાસ યાત્રાએ લોકોની આંતરિક સૂઝ-સમજને બહાર લાવવામાં ખૂબ ઉપયોગી માધ્યમ સાબિત થઈ હતી તથા આવાસ નિર્માણને એનાં વિવિધ પાસાંઓથી સમજવાની તથા નિષ્ણાતો અને લોકો વચ્ચે સમાન સમજ બને તે અંગે તક પૂરી પાડી હતી.

## ટેક્નોલોજી પાર્ક પુરસ્કારથી નવાજિત

કુદરતી તેમ જ માનવસર્જિત આપત્તિ જેવી કે પૂર, વાવાઝોડું, ભૂકંપ, સુનામી વગેરેની સંભવિત અસરોને ઓછી કરવાના આશયથી સરકાર, સ્વયંસેવી સંસ્થાઓ અને લોકસમુદાય દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોને ઓળખી તેની કાર્યપદ્ધતિ અને સફળતાને વધુ લોકો સુધી પહોંચાડવાના આશયથી સ્ફિયર-ઈન્ડિયા તથા એફિકોર દ્વારા વિશિષ્ટ પ્રયત્ન હાથ ધરવામાં આવેલો. આ વિષય અનુસંધાને થયેલી કામગીરી પૈકી કુલ ૩૩ જેટલા પસંદ કરેલા પ્રયાસોનું ખાસ દસ્તાવેજીકરણ કરવામાં આવેલું તથા તેને Turning the Tide Good Practice in CBDRRના નામથી એક પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે.

કુલ ૩૩ પૈકી ત્રણ પ્રયાસો નોંધપાત્ર પ્રયાસો તરીકે પસંદગી પામ્યા હતા. તેમાં પીપલ્સ સાયન્સ ઈન્સ્ટીસ્યુટ (દહેરાદૂન), સીડ્સ (દિલ્હી) તથા ઉન્નતિ (ગુજરાત)નો સમાવેશ થાય છે. તા. ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ નવી દિલ્હી ખાતે પ્રો. એન. વિનોદચંદ્ર મેનન (નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી) તથા શ્રી મુલાપલ્લી રામચંદ્રન, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ની ખાસ ઉપસ્થિતિ વચ્ચે ત્રણેય સંસ્થાઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

'ઉન્નતિ' સંસ્થા દ્વારા કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકા ખાતે નિર્માણ પામેલા 'ટેક્નોલોજી પાર્ક' ને એક સારા પ્રયાસ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ટેક્નોલોજી પાર્કને ગુજરાતીમાં સજ્જતા પાર્ક તરીકે ઓળખવામાં આવે છે. લોકોને આપત્તિ સામે સજાગ કરવા માટેનું આ એક સામુદાયિક શિક્ષણ કેન્દ્ર છે. આ કેન્દ્ર લોકોને આપત્તિઓ, તેની અસરો અને તે અંગે જરૂરી સુરક્ષાલક્ષી પગલાંઓ વિશે શિક્ષણ આપી તેમને આપત્તિના સામના માટે તૈયાર કરવાનું કામ કરે છે. 'પાર્ક'ની વિભાવના ઉપયોગમાં લેવાઈ છે કે જેથી, લોકો રોજેરોજ પ્રશિક્ષક

૫ર કોઈ પણ પ્રકારનો આધાર રાખ્યા વિના સમજ મેળવી શકે અને વિકસાવી શકે. આમ, આ સ્વશિક્ષણ માટેનું સ્થાન છે. 'ઉન્નતિ' દ્વારા બે સજ્જતા પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. એક ભચાઉ નગરમાં માંડવીવાસ ખાતે ભચાઉ નગરપાલિકા, જી.એસ.ડી.એમ.એ., 'ભાડા' અને 'ઉન્નતિ'ના સંયુક્ત ઉપક્રમે અને બીજો ગામ શિકરા ખાતે 'ઉન્નતિ' તથા શિકરા ગામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે સ્થાપવામાં આવ્યો છે.

કચ્છના પુનર્વસન નિમિત્તે જે નવું બાંધકામ હાથ ધરવામાં આવ્યું તેમાં લોકોએ મોટા ભાગનાં સુરક્ષાનાં પગલાં લીધાં છે કારણ કે, સરકાર પાસેથી ગૃહનિર્માણ માટેની મદદ મેળવવાની તે એક પૂર્વશરત હતી. સરકાર અને બિન-સરકારી સંગઠનો દ્વારા જે જાગૃતિ ઝુંબેશ ચલાવાઈ તેને પરિણામે ભૂકંપથી સુરક્ષિત એવું બાંધકામ કેવી રીતે કરવું તેના વિશે ખાસ્સી બાબતો શીખવા મળી છે. જો કે, સામુદાયિક શિક્ષણ એ બહુ ધીમી પ્રક્રિયા છે અને જાગૃતિ પછી વર્તન બદલાતાં વાર લાગે છે. પુનર્નિર્માણ એક લાંબી પ્રક્રિયા છે અને લોકો પોતે તેની સાથે સીધા સંકળાયેલા છે. તેથી માત્ર કડિયાઓ માટે જ નહિ પણ યુવાનો, મહિલાઓ અને સમુદાયના અન્ય સભ્યો માટે પણ ભણતરની પ્રક્રિયા સતત ચાલુ રહે તેની જરૂર હોય છે કે જેથી દરેકેદરેક વ્યક્તિ પ્રશિક્ષિત બને.

સજ્જતા પાર્કના નિશ્ચિત હેતુઓ આ મુજબ છે:

(૧) નુકસાનનાં કારણો અને પ્રકારો વિશે તેમ જ નુકસાન ઘટાડવા માટેની તકનિકી પદ્ધતિઓ વિશે જાગૃતિ ઊભી કરવી.
(૨) બાંધકામમાં સુરક્ષા માટે ઉપયોગી થઈ શકે તેવી ઉચિત સામગ્રી, ટેક્નોલોજી અને કૌશલ્યોને પ્રોત્સાહન આપવું.
(૩) બાંધકામની વિવિધ પદ્ધતિઓનું નિદર્શન કરવું કે જેથી ભૂકંપ અને વાવાઝોડા સામે સુરક્ષા ઊભી થાય અને વરસાદી પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા ઊભી થાય.
(૪) આપત્તિના સામનાની તૈયારી માટે મુક્ત સંવાદને પ્રોત્સાહન આપવું.

સમુદાયના તમામ લોકો સજ્જતા પાર્કમાં આવી શકે છે અને આપત્તિ સામેની સુરક્ષા વિશે શીખી શકે છે. સામાન્ય સમયમાં શાળાના વિદ્યાર્થીઓ, મહિલા જૂથો, ગ્રામીણ સમુદાયોના નેતાઓ, યુવક જૂથો અને બાંધકામ કારીગરો વગેરે આ પાર્કની શૈક્ષણિક મુલાકાત લેતા રહે છે અને જાણકારીનો પ્રત્યક્ષ અને પરોક્ષ ઉપયોગ કરતા રહે છે. આ ટેક્નોલોજી પાર્કમાંથી પ્રેરણા લઈને સુનામી અસરગ્રસ્ત વિસ્તારમાં પણ એક સ્વયંસેવી સંસ્થાએ આ પ્રકારનો ટેક્નોલોજી પાર્ક ઊભો કર્યો છે.



## રુદાલી પાર્ટીઃ આદિવાસી મનોરંજન મહોત્સવ

ગુજરાતમાં તાપી જિલ્લામાં સોનગઢ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૬-૧૭ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ આદિવાસીઓનો પરંપરાગત મહોત્સવ યોજાયો હતો. રુદાલી પાર્ટીના નેતા વીરસિંગ મામાએ કહ્યું હતું કે, "અમારી કારકિર્દીમાં આટલી મોટી સભા જોઈ નથી.

રુદાલી પાર્ટી એ આદિવાસીઓની પરંપરાગત મનોરંજન શૈલીની સભા છે. વીરસિંગ મામાની ઉંમર ૩૦ વર્ષની છે." અનેક પરંપરાગત સ્પર્ધાઓમાં ભાગ લેવાની અમને મઝા પડી - એમ માનસિંગભાઈએ કહ્યું. તેમણે તીર-કામઠાં સાથે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કાવજીભાઈએ કહ્યું કે, "હજારો લોકોની સામે ઠોલ વગાડવામાં મઝા આવી." તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ માવજીભાઈએ કહ્યું કે, "તમામ પ્રકારના લોકોને તેમનો પોતાનો ફાળો આપવા સાંસ્કૃતિક મહોત્સવમાં સાથે લાવવા એ ખૂબ મહત્ત્વનું છે."

પ્રથમ દિવસે બપોરે આ મહોત્સવ શરૂ થયો હતો. આ મહોત્સવમાં એવી સ્કિટ પણ રજૂ થઈ હતી કે જેમાં કોમતાઓની સ્થિતિ રજૂ કરાઈ હતી. તેમાં આદિવાસીઓની ઓળખ, એકતા અને ગૌરવ વિશેના સવાલો ઊભા કરાયા. જે સહી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી તેનો સંદર્ભ લઈને આદિવાસીઓએ પોતાની માગણીઓ રજૂ કરી. ચૂંટાયેલા પ્રતિનિધિઓને એ માગણીઓને સ્વીકારવા માટે વિનંતી કરવામાં આવી હતી.

આ મહોત્સવનું આયોજન આદિવાસી મહામંડળ, આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ અને શક્તિ-લાહર્ક દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં ડાંગ, નર્મદા, નવસારી, સુરત અને તાપી જિલ્લામાંથી આદિવાસીઓ આવ્યા હતા.

## દલિત સાહિત્યકાર જોસેફ મેકવાનનું અવસાન

વિખ્યાત દલિત લેખક અને કર્મશીલ જોસેફ મેકવાનનું તા.૨૮-૦૩-૨૦૧૦ના રોજ લાંબી માંદગી બાદ અવસાન થયું. તેઓ ૭૫ વર્ષના હતા. તેમનાં લખાણોએ વંચિતોની વેદનાને વ્યક્ત કરી અને ગુજરાતમાં દલિતોના ઉત્થાનને માટે તેમણે મહામૂલું પ્રદાન આપ્યું. 'આંગળિયાત' અને 'વ્યથાનાં વીતક' કૃતિઓમાં તેમણે ગરીબી અને વંચિતોનું પરિચિત્ર દોર્યું. અને દલિત સભાનતાની મહત્ત્વની અભિવ્યક્તિ તરીકે તેની પ્રશંસા થઈ. તેમની 'આંગળિયાત' નવલકથાને ૧૯૮૮માં સાહિત્ય અકાદમી પારિતોષિક પ્રાપ્ત થયું હતું અને પછી તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ થયો હતો. તે ગુજરાતીમાં એક દલિત દ્વારા લખાયેલી વણકર સમુદાય વિશેની પ્રથમ નવલકથા હતી, કે જે સમુદાયે અત્યાચારથી બચવા માટે ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હતો. પરમકૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે તે જ અભ્યર્થના.

## સ્વૈચ્છિક ક્ષેત્ર અંગેની રાષ્ટ્રીય નીતિ વિશે પરામર્શ સભા

સજ્જતા સંઘ, જનવિકાસ, ઈડીઆઈ અને ઉન્નતિના સહયોગમાં 'વાણી' દ્વારા તા.૧૮.૧.૨૦૧૦ના રોજ સ્વૈચ્છિક ક્ષેત્ર વિશેની રાષ્ટ્રીય નીતિનાં વિવિધ પાસાને સમજવા માટે તેમ જ ગુજરાત રાજ્ય સ્તરે તે જ પ્રકારની નીતિ અંગે ચર્ચા કરવાના હેતુથી એક પરામર્શ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રત્યક્ષ વેરા સંહિતાની સ્વૈચ્છિક ક્ષેત્રો ઉપર શું અસર પડી શકે છે તેના વિશે પણ આ સભામાં ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતમાંથી ૪૫ જેટલાં નાગરિક સમાજનાં સંગઠનોના ૫૭ પ્રતિનિધિઓ આ સભામાં હાજર રહ્યા હતા.

સ્વૈચ્છિક ક્ષેત્ર વિશે અત્યારે જે નીતિ ઘડવામાં આવી છે તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સ્તરની નીતિનો મુસદ્દો કેવી રીતે તૈયાર કરવો તેના ઉપર શરૂઆતમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પછી તેમાં મુસદ્દા સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિમાં શ્રી બિનોય આચાર્ય, સુશ્રી નફિસા બારોટ, શ્રી હનીફ લાકડાવાલા અને કન્વિનર તરીકે શ્રી રાજેશ કપૂરનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

માર્ચ માસના પ્રથમ સપ્તાહ સુધીમાં મુસદ્દા સમિતિ રાજ્ય સ્તરની નીતિનો પ્રથમ મુસદ્દો તૈયાર કરે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ મુસદ્દો સમગ્ર જૂથના તમામ સભ્યોને મોકલવામાં આવે અને તેઓ જે સૂચનો કરે તે સૂચનો વિશે મુખ્ય જૂથ સાથે ચર્ચા વિચારણા થાય અને માર્ચના બીજા સપ્તાહમાં બીજા કેટલાક હિતધારકો સાથે પરામર્શ થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓગસ્ટ ૨૦૦૯માં નાણાપ્રધાન દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રત્યક્ષ વેરા સંહિતાના મુસદ્દા વિશે સભામાં ચર્ચા કરવામાં આવી હતી. જો આ મુસદ્દો પસાર થાય તો તેની સ્વૈચ્છિક ક્ષેત્રો ઉપર શું અસરો પડી શકે તે વિશે વિગતવાર ચર્ચા થઈ. કરસંહિતાનો અર્થ અને તેના સીધા સૂચિતાર્થો વિશે રજૂઆત કરવામાં આવી અને નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા કેવા પ્રકારની તૈયાર રખાવી જોઈએ તેની સમજૂતી આપવામાં આવી. તે પછી સહભાગીઓ ખુલ્લી ચર્ચા યોજવામાં આવી અને 'વાણી'ના સીઈઓ શ્રી હર્ષ જેટલી દ્વારા કેટલાક ખુલાસા કરવામાં આવ્યા. ગુજરાતમાં નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની તેમણે પ્રશંસા કરી અને તેમણે કહ્યું કે સ્વૈચ્છિક ક્ષેત્ર ગુજરાતમાં સક્રિય અને ધબકતું છે. 'વાણી'ની તાજેતરની પ્રવૃત્તિઓ વિશે પણ તેમણે વિગતો આપી અને ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં વધુ સહભાગી સંગઠનો સાથે તે કામ કરવા ઈચ્છે છે એમ પણ જણાવ્યું.

## વિકલાંગતા ધારાના નિયમોમાં સુધારો

કેન્દ્ર સરકાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) નિયમો - ૧૯૯૬માં સુધારો કર્યો છે. આ સુધારાને પરિણામે હવે પરિસ્થિતિ સુધરી શકે છે. આ દેશમાં વિકલાંગતા માટેનું પ્રમાણપત્ર મેળવવા કરતાં પાસપોર્ટ મેળવવો વધારે આસાન છે. આ બાબત વિચિત્ર લાગે તેમ છે પરંતુ હકીકત છે. તેનું કારણ એ છે કે પાસપોર્ટ આપવાની જવાબદારી કેન્દ્ર સરકાર પાસે છે પરંતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિને તે અંગેનું પ્રમાણપત્ર આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. રાષ્ટ્રીય વિકલાંગ વ્યક્તિ રોજગાર પ્રોત્સાહન કેન્દ્રના નિયામક જાવેદ આબીદી જણાવે છે, "ભારતમાં વિકલાંગતા માટેનું પ્રમાણપત્ર મેળવવું એક દુઃસ્વપ્ન છે. દિલ્લી અને મુંબઈ જેવાં શહેરોમાં તો તે મેળવવું લગભગ અશક્ય છે ત્યારે નાનાં નગરો અને ગામોમાં તો શી પરિસ્થિતિ હોય તે કલ્પનાની બહાર છે."

નવા સુધારાયેલા નિયમો અનુસાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિએ મેડિકલ બોર્ડને બદલે જે તે વિકલાંગતાના નિષ્ણાત ડોક્ટર સમક્ષ જવાનું રહેશે. સામાન્ય રીતે મેડિકલ બોર્ડની બેઠકોમાં ડોક્ટરો હાજર રહેતા નહોતા તેથી વિકલાંગતાનું પ્રમાણપત્ર આપવામાં ખૂબ જ વિલંબ થતો હતો. હવે ભારે વિકલાંગતાના કિસ્સામાં વિકલાંગતાનું પ્રમાણપત્ર આપવાની સત્તા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટરોને પણ આપવામાં આવી છે. બીજા પ્રકારની આંશિક વિકલાંગતાઓના કિસ્સામાં પ્રમાણપત્ર મેળવવા માટે હજુ પણ જિલ્લા સ્તરની હોસ્પિટલમાં જ

જવું પડશે. જો કે, હજુ આ નિયમોમાં રાજપત્રિત કરવામાં આવ્યા નથી. આબીદીએ જણાવ્યું કે, "આ સુધારાઓને આપણે આવકારીએ છીએ પરંતુ તમામ પ્રકારની વિકલાંગતાઓ માટેનું પ્રમાણપત્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટરો પાસેથી પ્રાપ્ત થાય તે માટે એ ડોક્ટરોને સત્તા મળે તેને અંગેની લડાઈ આપણે ચાલુ રાખીએ છીએ. અત્યારની આ વ્યવસ્થાથી પણ ઘણા લોકો બાકાત રહી જશે અને તે રીતે તેઓ લાભોથી વંચિત રહેશે."

વાસ્તવમાં ૧૧મી પંચવર્ષીય યોજનામાં વિકસાંગતાનું પ્રમાણપત્ર આપવાની જવાબદારી જેમ પાસપોર્ટના કિસ્સામાં છે તેમ કેન્દ્ર સરકાર ઉપર નાંખવી જોઈએ એવી જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રીય વિકાસ પરિષદ દ્વારા આ યોજના મંજૂર પણ કરવામાં આવી છે. એક વાર આ પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરવામાં આવે પછી તેનું પ્રમાણપત્ર વિકલાંગ વ્યક્તિના ઘરે પહોંચાડવામાં આવે એવી વ્યવસ્થા પાસપોર્ટની જેમ જ કરવી જોઈએ. અત્યારે વિકલાંગ વ્યક્તિએ પ્રમાણપત્ર મેળવવા માટે મેડિકલ બોર્ડ પાસે જવું પડે છે. ઘણી વાર ચકાસણી જે રીતે કરવામાં આવે છે તેને વિશે મહિલાઓએ પણ વાંધો ઉઠાવ્યો હતો. વાસ્તવમાં પ્રમાણપત્ર મેળવવામાં લગભગ પથી ૬ મહિના લાગે છે. જો નવા નિયમ અમલમાં આવશે તો તેને લીધે આ સમયમાં ઘણો ઘટાડો થશે.

સામાજિક ન્યાય અને અધિકારિતા પ્રધાન શ્રી મુકુલ વાસ્નિકે રાજ્ય વિકલાંગતા પંચોની ૯મી રાષ્ટ્રીય સભામાં આ સુધારાની જાહેરાત કરતા કહ્યું હતું કે રાજ્યોએ આ સુધારાને ધ્યાનમાં લઈને તમામ વિકલાંગ વ્યક્તિઓની નોંધણી ઝડપથી કરવી જોઈએ અને તમામ સરકારી યોજનાઓનો લાભ તેમને મળે તે જોવું જોઈએ.

કેટલાંક રાજ્યોએ વિકલાંગ વ્યક્તિઓને પ્રમાણપત્ર આપવાની બાબતમાં ખાસ્સી પ્રગતિ સાધી છે. આંધ્રપ્રદેશમાં તમામ વિકલાંગ વ્યક્તિઓને પ્રમાણપત્ર અપાયાં છે. જ્યારે ઝારખંડમાં ૯૭.૮ ટકા, ગોવામાં ૮૯ ટકા, હિમાચલ પ્રદેશમાં ૭૪.૮ ટકા, ચંડીગઢમાં ૫૭.૫ ટકા, આંદામાન-નિકોબારમાં ૫૬.૫ ટકા, પંજાબમાં ૫૩.૮ ટકા અને કર્ણાટકમાં ૫૨.૯ ટકા વિકલાંગોને પ્રમાણપત્ર અપાયાં છે.

## વિકલાંગ વ્યક્તિઓ માટે હેન્ડિકેપ ઈન્ટરનેશનલની હિમાયત

હેન્ડિકેપ ઈન્ટરનેશનલ દ્વારા ૨૦૦૬થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથેના સંકલનમાં હિમાયત અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવે છે. સંસ્થા અને અન્ય હિતધારકોના ટેકાથી ગુજરાતમાં ડિસેબિલિટી એડવોકસી ગ્રૂપ (ડીએજી)ની રચના કરવામાં આવી છે.



આ કાર્યશાળાઓમાં હિમાયતનો અર્થ પુનઃ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. દરેક સામાન્ય વ્યક્તિના અધિકારોની જેમ જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ એ અધિકારોનો લાભ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થાઓ માટેની માંગણી અંગેની તક તરીકે હિમાયતના ખ્યાલને આગળ ધપાવવામાં આવ્યો છે.

જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૦ દરમ્યાન અમરેલી, જૂનાગઠ, જામનગર અને પોરબંદરમાં આ અંગે સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્તરની બેઠકો અગાઉ વિકલાંગતા સાથે સંબંધિત કેટલાંક મુદ્દાઓ ઓળખી કાઢવામાં આવ્યા હતા. તે માટે વિવિધ હિતધારકો સાથે અલગ બેઠકો યોજવામાં આવી હતી.

આ બેઠકોના મુદ્દાઓ વિશે પછીથી આરોગ્ય વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ, શિક્ષણ વિભાગ, રોજગાર વિભાગ અને ડીઆરડીએ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકોમાં સરકારી અધિકારીઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, વિકલાંગોનાં સગંઠનો અને ડીએજીના સભ્યો, બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ તથા પુનર્વસન સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સ્થાનિક સ્તરે સંબંધિત વિભાગો સાથે વિકલાંગોના પ્રશ્નો ઉકેલાઈ જાય તે માટે આ બેઠકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. જિલ્લા સ્તરની આ બેઠકોમાં ૨૦૯ જણાએ ભાગ લીધો હતો.

આ બેઠકોના હેતુઓ નીચે મુજબ હતાઃ (૧) જુદી જુદી પરિયોજનાઓની અસરોનું વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું. (૨) વિકલાંગતા સાથે સંબધિત તમામ મુદ્દાઓ ઉઠાવવા અને સંબંધિત સરકારી અધિકારીઓની તથા અન્ય હિતધારકોની દરમ્યાનગીરી દ્વારા તેમનો ઉકેલ લાવવો. (૩) અનુભવોની આપ-લે માટે સંબંધોની

પ્રસ્થાપના માટે અને જુદા જુદા પ્રયાસોને સંગઠિક કરવા માટે કામ કરવું. જિલ્લા સ્તરની બેઠકોમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણયો નીચે મુજબ છેઃ (૧) અમરેલીમાં હોસ્પિટલ સ્તરની એક સમિતિની રચના કરવા માટે એક બેઠક બોલાવવી કે જેથી ફિઝિયોથેરપી વિભાગ કામ કરતો થાય. (૨) માનસિક બીમારીઓ અને બૌદ્ધિક અક્ષમતા માટેનું પ્રમાણપત્ર જૂનાગઢમાં નિયમિત રીતે અપાય તેવી વ્યવસ્થા કરવી. (૩) ઠકરાર હોસ્પિટલ કે જામનગરથી મનોચિકિત્સકની ભરતી કરવા માટે મુસદ્દારૂપ પત્ર તૈયાર કરવા માટે સીડીએમઓ તૈયાર થયા. (૪) ગ્રામ વિસ્તારોમાં યોજાતી તબીબી શિબિરો માટે તમામ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, બિન-સરકારી સંગઠનો, પુનર્વસન સંગઠનો અને સમાજ સુરક્ષાની કચેરી સહિત સૌની વચ્ચે સતત સંકલન સાધવું.

રાજ્ય સ્તરની પરામર્શ સભામાં થયેલી ચર્ચા બાદ લેવાયેલા કેટલાક નિર્ણયો નીચે મુજબ છેઃ (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વચ્ચે સમાન પ્રશ્નો વિશે ચર્ચા કરવા માટે અને તેમનો ઉકેલ લાવવા માટે એક સંકલન બેઠક બોલાવવી. (૨) ગુજરાતની આરોગ્ય નીતિમાં વિકલાંગતાના પ્રશ્નોનો સમાવેશ કરવા માટેનો પ્રયાસ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ કરશે. (૩) તબીબી શિબિરોમાં મોબાઈલ ઓડિયોમેટ્રી વાન (સાઉન્ટ ટ્રીટમેન્ટ સાથે) શરૂ કરવી. (૪) માનસિક બીમારીઓ સાથે સંબંધિત તાકિદતાની પરિસ્થિતિમાં ૧૦૮ની સેવાઓ ઉપલબ્ધ કરાવવી. (૫) રોગી કલ્યાણ સમિતિઓને ફાળવવામાં આવેલાં નાણાંનું ખર્ચ વિકલાંગતા સંબંધિત પ્રવૃત્તિઓ માટે પણ કરવું. (૬) જિલ્લા સ્તરે વિકલાંગતા અંગે નેત્ર ચિકિત્સક નોડલ ઓફિસ તરીકે કામ કરી શકે.

સંપર્કઃ હેન્ડિકેપ ઈન્ટરનેશનલ, ૧૫, અજન્ટા પાર્ક, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સામે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨. ફોનઃ ૦૭૯-૬૫૪૨૫૬૪૬. ઈમેલઃ apatel@hi-india.org

**પૃષ્ઠ ૧૪નું શેષ**

ઉદ્દેશો અને કારણો જણાવતાં કહેવાયું છે કે, ‘સ્ત્રીઓના સશક્તિકરણનો મુદ્દો દેશના વિભિન્ન મંચો પર અવારનવાર ઉઠતો રહ્યો છે. સ્ત્રીઓનું રાજકીય સશક્તિકરણ લિંગ-આધારિત અસમાનતા અને ભેદભાવને સમાપ્ત કરવા માટે એક શક્તિશાળી અને મજબૂત હથિયારના રૂપમાં યોગ્ય માનવામાં આવ્યું છે. તે માટે સરકાર વિધાનસભાઓ અને લોકસભામાં સ્ત્રીઓ માટે ૧/૩ બેઠકો અનામત રાખવા કટિબદ્ધ છે.’ જો રાજકીય પ્રતિનિધિત્વ આપવા માત્રથી સશક્તિકરણ થઈ જતું હોય તો ૬૦ વર્ષોની દલિત-આદિવાસી અનામતો પછી દર દાયકે એ અનામતો વધારવાની જરૂર પડી નહોત. સમાનતા સ્થાપવા શું માત્ર રાજકીય પ્રતિનિધિત્વ જ એકમાત્ર ઉપાય છે? વળી, કાયદાકીય ઉપચાર કરીને, બંધારણ સુધારો કરીને, મહિલા કે દલિત-આદિવાસી અનામત ન આપવામાં આવે તો ડાબેરી સહિતના કોઈ રાજકીય પક્ષો તેમને પ્રતિનિધિત્વ આપવા માંગે છે ખરા? યાદ રહે કે જ્યાં અનામતની જોગવાઈ નથી એવી કોંગ્રેસ કારોબારીની ચૂંટણીમાં દિગ્ગજ દલિત નેતા બુટાસિંહ પણ હારી ગયા હતા અને નરસિંહરાવના જમાનામાં યોજાયેલી એ ચૂંટણીમાં બુટાસિંહને કોંગ્રેસ કારોબારીમાં કો-ઓપ્ટ કરવા પડ્યા હતા. રાજ્યસભામાં અનામત બેઠકોની જોગવાઈ ન હોવાથી દલિત-આદિવાસી પ્રતિનિધિત્વ લોકસભા જેટલું છે તેટલું રાજ્યસભામાં છે ખરું? કેન્દ્ર અને રાજ્યોનાં પ્રધાનમંડળોમાં અનામત ન હોવાથી દલિત-આદિવાસીઓને કેટલા પ્રમાણમાં સમાવાય છે અને કેવા વિભાગોના મંત્રીઓ બનાવાય છે તે જગજાહેર છે. દેશના સર્વોચ્ચ એવા વડા પ્રધાનપદે માત્ર જાતિને કારણે જ નહીં પહોંચી શકેલા જગજીવનરામના ઐતિહાસિક ઉદ્ગાર હતાઃ “ઇસ દેશમેં ચમારકા બેટા કભી ભી પ્રાઈમ મિનિસ્ટર નહીં બન સકતા.”


**માત્ર સશક્તિકરણ કે સમાનતા પણ?**

મહિલા અનામત બિલ સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાની દિશામાં એક નોંધપાત્ર કદમ છે પણ એ રાજકીય પક્ષોની સ્ત્રીઓ પ્રત્યેની ઉપેક્ષાનું પણ પરિણામ છે. રાજકીય પક્ષોને સ્ત્રીઓના ઢગલાબંધ વોટ તો જોઈએ છે પણ તેમને ઉમેદવાર બનાવવી નથી. મહિલા અનામત મારફતે કદાચ સ્ત્રી સશક્તિકરણ તો થઈ જશે પણ સ્ત્રી સમાનતા તો બહુ દૂરની વાત હશે. વર્તમાન બિલમાં, બંધારણમાં અનુચ્છેદ ૩૩૪ ઉમેરીને સ્પષ્ટ કર્યું છે કે આ મહિલા અનામત માત્ર ૧૫ વરસો માટે જ છે અને મહિલા અનામત બેઠકો દર પાંચ વરસે રોટેશન પ્રમાણે બદલાતી રહેશે. આ જોગવાઈ જ આ બિલમાંની મહિલા અનામતને પાંગળી બનાવે છે. અનુસૂચિત જાતિ-જનજાતિની ૨૨ ટકા અનામતમાં મહિલા અનામત દાખલ કરવી અને ૩૩ ટકા મહિલા અનામતમાં કોઈ જ અનામત ન રાખવી તે કોંગ્રેસ-ભાજપની ગરીબ સ્ત્રી વિરોધી નીતિ જ છે. મહિલા અનામત થશે અને સામાજિક ન્યાયનો તો કૂચો વાળી દેવામાં આવશે. લાલુ-મુલાયમ-માયાવતીના સામાજિક ન્યાયના રાજકારણને અતીત બનાવી મૂકવાની પેરવી ઈટાલીયન સોનિયાના વર્તમાન પગલામાં સ્પષ્ટ જણાય છે. જાતિના રાજકારણનો ઈન્કાર કરવામાં ન ડાબેરીઓનો જયવારો છે, ન જમણેરીઓનો. આ જેટલું વહેલું સમજાય તેટલું સારું છે.

# સંદર્ભ સાહિત્ય

## નાગરિક આગેવાનઃ જે પીડ પરાઈ જાણે રે...

લોકશાહીમાં નાગરિકોની ભૂમિકા સતત સક્રિયતાની હોય એ અપેક્ષિત છે. સતત તકેદારી એ લોકશાહીની કિંમત છે એમ કહેવામાં આવે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓને ઉત્તરદાયી બનાવવા માટે આવી સતર્કતા અનિવાર્ય છે તો જ લોકશાહી સહભાગી બની શકે. સ્થાનિક સ્તરના નાના આગેવાનો કેવી રીતે સ્થાનિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે તેની વાત આ પુસ્તકમાં કરવામાં આવેલી છે. વિવિધ લેખકોએ કુલ ૨૮ વ્યક્તિઓએ કેવી રીતે ગ્રામ વિકાસમાં અને શહેરી વિકાસમાં વિવિધ મુદ્દાઓ સાથે કામ પાડ્યું તે દર્શાવ્યું છે. સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓએ સક્રિય ભાગીદારી દ્વારા સામાન્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં મળેલી સફળતાને દસ્તાવેજી સ્વરૂપ આપવાનો સંસ્થાએ પ્રયાસ કર્યો અને તેના પરિણામરૂપે આ પુસ્તક રજૂ થયું છે. અહીં રજૂ થયેલી દરેક વાત પ્રેરણાદાયી છે અને એ દર્શાવે છે કે સામાન્ય લોકો પણ જો વાસ્તવિકતાનો અનુભવ કરે અને પરિવર્તન લાવવા મક્કમ બને તો પરિવર્તન શક્ય બની શકે છે.




'ઉન્નતિ' દ્વારા સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં સ્થાનિક સ્તરના નેતાઓને તાલીમ આપી તેમના અંગત વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવવામાં આવી. સ્વવિકાસથી જન્મેલો આત્મવિશ્વાસ અંતે ગ્રામ વિકાસમાં પરિણમ્યો અને તેનાં કેટલાંક ઉદાહરણો અહીં આપવામાં આવ્યાં છે.

આ નાગરિકોએ વિકાસ કાર્યોની સાથે સાથે સમાજ સુધારાનાં કાર્યો પણ કર્યાં છે. મૃત્યુ પાછળ ૧૨ દિવસ સુધી ચાલતો જમણવાર બંધ કરાવવો, ખોળો ભરવાના પ્રસંગે દેવું કરીને પણ કરવામાં આવતો ખર્ચ બંધ કરાવવો, દારૂનું દૂષણ દૂર કરવું, પશુબલિ ચઢાવવાનો કુરિવાજ બંધ કરાવવો, વ્યસનમુક્તિનું કાર્ય કરવું, સવર્ણ કોમના લોકો દ્વારા દલિતોની પરેશાની બંધ કરાવવી વગેરે જેવી સામાજિક સુધારાની પ્રવૃત્તિઓ આ નાગરિક નેતાઓએ હાથ ધરી હતી. આ ઉદાહરણોમાં વાત ભલે વ્યક્તિ વિકાસની હોય પણ તે વિકાસ અંગત નથી બની રહેતો, અંતતોગત્વા તે સમાજ વિકાસ અને ગ્રામ વિકાસમાં પરિણમે છે. પુસ્તકના આમુખમાં શ્રી ઈન્દુકુમાર જાની લખે છે તેમ, “જે વ્યક્તિ સંઘર્ષમાંથી તવાઈને, ઘડાઈને જાહેર કામો કરવામાં પલોટાય છે તેનામાં હિંમત અને આત્મવિશ્વાસ જબરજસ્ત જોવા મળે છે. પછી એના દ્વારા જે રચનાત્મક કાર્યો હાથ ધરાય છે તેમાં સફળતા અચૂક મળે છે. સંઘર્ષ અને રચનાનાં બે પૈડાવાળું એ વાહન અનેક શિખરો સર કરે છે.”

'ઉન્નતિ'ની પંચાયત વિકાસ સમિતિઓ દ્વારા નાગરિક સંગઠનોનો પ્રયાસ કરવામાં આવ્યો અને ગ્રામ સભાઓને ચેતનવંતી બનાવવામાં આવી. તેને પરિણામે જે નાગરિક નેતાઓ ઊભા થયા તેમણે કરેલા કાર્યો આ પુસ્તક ખૂબ જ સરસ રીતે રજૂ કરે છે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ'.


## સ્ત્રી સમાનતા અને અધિકારઃ વિશ્વમાં નારી આંદોલનઃ ભાગ–૨
## અને
## સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓઃ ભાગ–૩

આ પુસ્તક નારી આંદોલનના ઈતિહાસ અને વર્તમાનના પડકારોનું આલેખન કરે છે. આ પુસ્તક 'ઉન્નતિ' અને 'સહિયર'નો સહિયારો પ્રયાસ છે. ભારતમાં નારી આંદોલનના ઈતિહાસના આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. પરંતુ આ પુસ્તિકાની એક સવિશેષ ઉપયોગિતા છે. તેમાં સંવાદના સ્વરૂપમાં નારી આંદોલનનો ઈતિહાસ અને વર્તમાન પડકારો વિશે સમજ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રિય કાર્યકરોની સ્ત્રી-પુરુષ ભેદભાવ, પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં

આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળવામાં આવ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ સાંકળવામાં આવ્યા છે.

આ નારી આંદોલનનો ઈતિહાસ ચાર ભાગમાં તૈયાર કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. આ પુસ્તક આ શ્રેણીનો બીજો ભાગ છે. આ સમગ્ર શ્રેણી નારી આંદોલનની ઐતિહાસિક પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થાય તેમ છે. આ શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરોને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતા સમજાવવામાં ઉપયોગી થઈ શકે તેમ છે.




નારી આંદોલનનો ઈતિહાસઃ ભાગ-૨ તરીકે પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં સમાજ પરિવર્તનમાં સ્ત્રીઓ અને સ્ત્રીઓના અધિકાર, સામંતશાહી વ્યવસ્થા, મૂડીવાદનો વિકાસ વગેરે બાબતોને લઈને સ્ત્રી કામદારોના શોષણ સામેના સંઘર્ષની ગાથા ગાવામાં આવી છે. તે પછી ઈંગ્લેન્ડમાં મતાધિકાર માટે સ્ત્રીઓનો સંઘર્ષ, ફ્રાંસની ક્રાંતિ અને નવપ્રકાશનો યુગ, અમેરિકામાં સ્ત્રીઓના અધિકારો અને ગુલામોની મુક્તિ માટેની લડત, આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ૮મી માર્ચના દિવસનું મહત્ત્વ, રશિયન ક્રાંતિ અને સમાજવાદી ચળવળો વિશે વાત કરવામાં આવી છે. પુસ્તકના અંત ભાગમાં ૧૮૫૭થી ૨૦૦૦ સુધીનો સ્ત્રીઓના અધિકારની લડતનો ઈતિહાસ ટૂંકમાં આપવામાં આવ્યો છે. પુસ્તકમાં ચિત્રો અને વાર્તાઓ તથા ફોટાઓ અને કવિતાઓ સાથે થયેલી રજૂઆત સમગ્ર પુસ્તકને રસપ્રદ બનાવે છે.

નારી આંદોલનનો ઈતિહાસઃ ભાગ-૩ તરીકે પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં ભારતમાં ૧૮૫૭થી અત્યાર સુધી થયેલાં નારી આંદોલનો અને સામાજિક સુધારાઓ વિશેની વિગતો આપવામાં આવી છે.




૧૮૫૭ના બળવામાં દલિત અને આદિવાસી સ્ત્રીઓની ભૂમિકા કેવી રહી તથા સુધારકો, પુનરુત્થાનવાદીઓ અને અંગ્રેજોએ દલિત તથા બહુજન સમાજ પ્રત્યે અને સ્ત્રીઓના પ્રશ્નો પ્રત્યે કેવાં વલણો અપનાવ્યાં તેની વિગતો આપવામાં આવી છે. શિક્ષણ અને સમાનતા માટે ચાલેલી લડાઈનું નિરુપણ તેમાં સુપેરે કરવામાં આવ્યું છે. ખાસ કરીને સ્ત્રી સંસ્થાઓની શરૂઆત કેવી રીતે થઈ તથા તેમની ભૂમિકા આઝાદીની લડતમાં કેવી રહી અને ક્રાંતિકારી સ્ત્રીઓએ શું ભૂમિકા ભજવી તેનું આલેખન રસદાયક છે. સ્વતંત્ર ભારતના ઘડતરમાં સ્ત્રીઓની ભૂમિકાની ચર્ચા દુર્ગાબાઈ દેશમુખ, પુષ્પાબહેન મહેતા, મણિબહેન કારા, અનસૂયા સારાભાઈ, મૃદુલા સારાભાઈ, કમળાબહેન પટેલ, હંસા મહેતા, હોમાઈ વ્યારાવાલા વગેરેનાં ટૂંકાં જીવન ચરિત્રો દ્વારા કરવામાં આવી છે.

એ જ રીતે, જન-આંદોલનોમાં નક્સલવાદી ચળવળ, નવનિર્માણ આંદોલન, સંપૂર્ણ ક્રાંતિ ચળવળ, રેલવે કામદારોની હડતાળ, ચિપકો આંદોલન, મોંઘવારી પ્રતિકાર મહિલા આંદોલન વગેરેની ભૂમિકા પણ આ પુસ્તકમાં ચર્ચવામાં આવી છે. ખાસ કરીને 'સેવા' દ્વારા ગરીબ મહિલાઓનું મજૂર મંડળ બનાવીને કેવી રીતે મહિલાઓના જીવનનિર્વાહને મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો તથા બેંક, સહકારી મંડળી, આરોગ્યનો કાર્યક્રમ અને વીમા યોજના દ્વારા બહેનોની સામાજિક સલામતી ઊભી કરવામાં સંસ્થાએ કેવી મહત્ત્વની ભૂમિકા ભજવી તે પણ તેમાં જણાવવામાં આવ્યું છે.

આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે. આ પુસ્તિકા તેની ગરજ સારે છે.

પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્ય વિસ્તારના

લોકસમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કરવામાં આવ્યું છે. પુસ્તિકામાં જણાવવામાં આવેલાં ઉદાહરણો ઉપરાંત સ્થાનિક કક્ષાએ વધુ પ્રચલિત હોય તેવાં ઉદાહરણો અને ગીતોનો સમાવેશ પણ તેમાં કરી શકાય છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા, પ્રભુત્વ ધરાવતાં વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઉઠીને તમામ સીમાંત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમનાં અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિષ કરવામાં આવી છે.


પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલા વિરોધના મહત્ત્વના મુદ્દાઓ અને બનાવો તથા તેમનું વિશ્લેષણ આપવાની કોશિશ આપવામાં આવી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', અને 'સહિયર': જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે, નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. ફોનઃ ૦૨૬૫-૨૫૧૩૪૮૨ ઈમેલઃ sahiyar@gmail.com

## કારીગરોં કે લિયે માર્ગદર્શિકા

પશ્ચિમ રાજસ્થાન પોતાની સ્થાપત્ય કળા માટે જાણીતું છે. ત્યાંના પર્યાવરણ અનુસાર સ્થાનિક સામગ્રીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી અમીરોની હવેલીઓ અને ગરીબોનાં પરંપરાગત મકાનો ત્યાં જોઈ શકાય છે. ગરીબ સમુદાય પોતાનું મકાન પરંપરાગત રીતે માટી, લાકડું અને ઘાસ વગેરેથી બનાવે છે. પારંપરિક ઝૂંપડું સુંદર, ટકાઉ અને પર્યાવરણને સંતુલિત રાખનારું હોય છે. છેલ્લાં કેટલાંક સમયથી પારંપરિક બાંધકામ સામગ્રીને બદલે લોખંડ, એસ્બેસ્ટોસ અને સિમેન્ટ તથા પથ્થરનો ઉપયોગ વધી રહ્યો છે અને તે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. સાથે સાથે આવી સામગ્રીથી બનેલાં મકાનો પશ્ચિમ રાજસ્થાનના વાતાવરણને અનુકૂળ આવતાં નથી.

સરકારની ભિન્ન ભિન્ન આવાસ નિર્માણ યોજનાઓમાં પણ સ્થાનિક ટેક્નોલોજી અને સામગ્રીના ઉપયોગ માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી તેથી સિમેન્ટ, કોંક્રિટ અને વધારે ઊર્જાનો ખર્ચ થાય તેવી સામગ્રીનો ઉપયોગ વધતો જાય છે. સમુદાય પાસે આવાસ નિર્માણની જે સામગ્રી અને ટેક્નોલોજી ઉપલબ્ધ છે તેમના વિકાસ માટે કોઈ સંશોધન કાર્ય કરવામાં આવ્યું નથી. આ કારણે પારંપરિક સામગ્રી અને ટેક્નોલોજીમાં જે ખામીઓ છે તે દૂર થઈ શકતી નથી. સંશોધનના અભાવને કારણે પારંપરિક સામગ્રીઓના ભાવ પણ અત્યારે એટલા બધા છે કે ગરીબ લોકોએ ખરીદતા પણ નથી. જો કે, આજકાલ



ગામના કેટલાક લોકો હજુ પણ પારંપરિક બાંધકામ સામગ્રી અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પોતાનાં મકાનો બાંધે છે.

આ સ્થિતિમાં સંશોધન અને અધ્યયન કરીને સ્થાનિક સમુદાય સમક્ષ નવી વૈકલ્પિક ટેક્નોલોજી તથા બાંધકામ સમગ્રી રજૂ કરવાની આવશ્યકતા છે. આ આવશ્યકતાને ધ્યાનમાં લઈને માટી તથા સિમેન્ટની ઈંટ અને ફેરો સિમેન્ટની છત કેવી રીતે બનાવી શકાય તે માટે કારીગરોને માર્ગદર્શન પૂરું પાડવા માટે આ નાનકડી પુસ્તિકા હિંદી ભાષામાં તૈયાર કરવામાં આવી છે. વિકલ્પ સ્વરૂપે સમુદાય સમક્ષ કોઈક ટેક્નોલોજી આવે તે આ પુસ્તિકાનો હેતુ છે.


આ નવી ટેક્નોલોજી સ્થાનિક પર્યાવરણને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. આ ટેક્નોલોજી સુંદર, ટકાઉ અને રોજગારી વધારનારી છે. આ નવી રીતો વિશે જાણકારી વધારવા માટે ગ્રામજનો, પંચાયતનાં પ્રતિનિધિઓ અને કારીગરોને ધ્યાનમાં રાખીને આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે.

પુસ્તિકામાં માટી તથા સિમેન્ટની ઈંટો બનાવવાની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. યોગ્ય માટી કંઈ તથા માટી અને સિમેન્ટ ભેળવવાની પ્રક્રિયા કંઈ અને અને ઈંટો બનાવવાની રીત તથા મશિનની દેખભાળ કેવી રીતે કરવી વગેરે બાબતો કઈ સાવચેતીઓ રાખવી તે સાથે દર્શાવવામાં આવી છે. આ પ્રકારની ઈંટો બનાવવામાં ૯ જાતની પ્રક્રિયાઓ હોય છે અને તે સચિત્ર સમજાવવામાં આવી છે.

એ જ રીતે, ફેરો સિમેન્ટની છત બનાવવાની પ્રક્રિયામાં જે ૯ પ્રક્રિયાઓ સામેલ છે તેની પણ સચિત્ર સમજૂતી સાવચેતીઓ સાથે આપવામાં આવી છે. ગુજરાતમાં કચ્છના ભૂકંપ સમયે ૨૦૦૧માં અને રાજસ્થાનમાં  બાડમેર જિલ્લામાં પૂર સમયે ૨૦૦૬માં આ પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરીને મોટા પ્રમાણમાં પુનર્વસનનું કાર્ય કરવામાં આવ્યું હતું. કારીગરો આ નવી ટેક્નોલોજીને અપનાવે અને સ્વરોજગારની સાથે સાથે ગ્રામીણ રોજગાર તથા પર્યાવરણના સંતુલનને આગળ વધારે એ આ પુસ્તિકાનો હેતુ છે. આવી ટેક્નોલોજીને મુખ્ય ધારામાં લાવવા માટે લોકજાગૃતિ તથા સરકારી ધોરણોમાં ફેરફાર જરૂરી છે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', ૬૫૦ રાધાકૃષ્ણનપુરમ, લહેરિયા રિસોર્ટ પાસે, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર - ૩૪૨ ૦૦૮. ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮. ઈમેલઃ unnati@datainfosys.net

## સિવિક એંગેજમેન્ટ ફોર અર્બન ડેવલપમેન્ટ




શહેરો એટલે ભૂગોળનો વિરોધાભાસ. એક તરફ સુઆયોજિત અને સુનિયમિત શહેર છે અને તેમાં લોકો પાસે સલામત આવક છે તથા તેઓ સારી સેવાઓ પ્રાપ્ત કરે છે. તેમની ગણતરી થાય છે, સરકાર તેમને સેવાઓ પૂરી પાડે છે અને તેમના પ્રત્યે ઉત્તરદાયિત્વ પણ હોય છે. બીજી તરફ આયોજન વિનાનું અને આડેધડ વિકસેલું શહેર હોય છે. આવા શહેરમાં લોકો પાસે યોગ્ય ઘર નથી, કામની સલામતી નથી, સામાજિક સલામતીના લાભો પ્રાપ્ત થતા નથી અને જો નિયમો કે ધોરણોનો ભંગ થાય અથવા અધિકારોનું પાલન ન થાય તો તેનો પ્રતિકાર કરવાની તેમનામાં તાકાત પણ નથી. ઘણી વાર તેમને માથે સતત તેમને ઉખાડી ફેંકવામાં આવશે એવો ડર ઝઝૂમતો હોય છે. તેઓ શહેર પર બોજો છે એમ પણ સમજવામાં આવે છે. આ રીતે જુઓ તો શહેરી ગરીબો અને શહેરી અમીરો વચ્ચે એક પ્રકારની મોટી ખાઈ અસ્તિત્વમાં આવેલી હોય છે.

આ પુસ્તકમાં શહેરી ગરીબી વિશે અને શહેરી વિકાસમાં રહેલી અસમાનતા સામેની લડત વિશે ચર્ચા કરવામાં આવી છે. શહેરોમાં કેવી રીતે અનેક શહેરો વસે છે અને ગરીબોની તેમાં કેવી રીતે બાદબાકી થાય છે તે સમજાવીને શહેરી ગરીબો કોણ છે તેની વ્યાખ્યા આપવામાં આવી છે. શહેરી ગરીબીનું ચક્ર આવક, આરોગ્ય, શિક્ષણ, સલામતી અને સશક્તિકરણ તરફ કેવી રીતે વારંઘડીએ ઝૂકે છે તે સમજાવવામાં આવ્યું છે. શહેરી ગરીબીનાં દૃશ્યમાન કારણો, નીતિ સાથે સંબંધિત કારણો અને ગરીબીનાં અન્ય પાસાંની અસરો પારસ્પરિક સંબંધો સાથે સમજાવવામાં આવી છે. ગરીબી અને બેકારી તથા ગરીબી અને આવાસ વચ્ચેનો સંબંધ અને શાસનની નિષ્ફળતાનો અર્થ એ સંબંધના સંદર્ભમાં કેવી રીતે થાય છે તે દર્શાવવામાં આવ્યું છે.

નાગરિકોની સામેલગીરી અને નાગરિકોનાં સંગઠનોની સામેલગીરીથી શહેરોની સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય અને તેના લાભ કયા કયા છે ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યું છે. નાગરિકોની સામેલગીરી માટે માહિતીની આપ-લે, ક્ષમતાનિર્માણ, દેખરેખ અને સહભાગી આયોજન તથા નિર્ણય પ્રક્રિયા મહત્ત્વનાં પગથિયાં છે તે દર્શાવીને નાગરિકોની સામેલગીરીથી ઊભો થતો ફેરફાર કેટલો ટકાઉ હોય છે તે સમજી શકાય છે. છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા ગુજરાત અને રાજસ્થાનની નગરપાલિકાઓમાં ખાસ કરીને ગરીબો માટે નાગરિક સુવિધાઓ સુધરે તે માટે નાગરિકોની સામેલગીરી ઊભી કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમાં એક અગત્યનું પાસું માહિતીની આપ-લેનું હતું. આ માટે નાગરિક સહયોગ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. નાગરિક સહયોગ કેન્દ્ર પાલિકાના અધિકારીઓને, ચૂંટાયેલા પ્રતિનિધિઓને તથા સમુદાયને સહાય કરીને ટેકો પૂરો પાડે છે તે ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યું છે. નાગરિકો માટે શહેરની માહિતીનો પાયો ઊભો કરવામાં આવ્યો અને જાહેર શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. એ જ રીતે રિપોર્ટ કાર્ડ તૈયાર કરીને નાગરિક સવલતો ઉપર ધ્યાન રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને પાણી, ગટર વ્યવસ્થા, રસ્તા વગેરે જેવી પાયાની સવલતો નગરપાલિકાઓ કેવી રીતે પૂરતા પ્રમાણમાં સારી રીતે આપી શકે તેને વિશે નાગરિકો અને પાલિકાના અધિકારીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સંવાદ ઊભો કરવામાં આવ્યો.

શહેરના આયોજનમાં ગરીબોનો સમાવેશ ખૂબ જ અગત્યનો મુદ્દો છે. આયોજનમાં વિસ્તારલક્ષી આયોજન, સામાજિક આયોજન અને આર્થિક આયોજનનો સમાવેશ થવો જોઈએ. આયોજનના પરંપરાગત અભિગમમાં માત્ર ભૌગોલિક આયોજનનાં પાસાંનો સમાવેશ થતો હોય છે. તેથી બધા જ હિતધારકોને સામેલ કરીને નીતિનિર્ધારણ થાય અને સામાજિક ન્યાય સાથે નીતિઓનો અમલ થાય તેવો ઉદ્દેશ આયોજનની પ્રક્રિયામાં રાખવામાં આવ્યો હતો. વિકાસના આયોજનમાં ગરીબોનો સમાવેશ કરવા માટે હિમાયતલક્ષી મુદ્દાઓ પણ હાથ ધરવામાં આવ્યા હતા. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં માળખાગત વિકાસ થાય અને ગરીબોને આવાસની જમીનો ઉપર અધિકાર પ્રાપ્ત થાય તે પણ આ સમગ્ર પ્રક્રિયાનો એક હિસ્સો હતો. ગરીબોની સહભાગિતા સાથે આયોજન કરવાનું અનિવાર્ય છે અને તે એક મોટો પડકાર છે એમ ચોક્કસ કહી શકાય. શહેરી આયોજનમાં અને વિકાસમાં પારદર્શિતા, ઉત્તરદાયિત્વ અને સહભાગિતા દાખલ કરવાના આ પ્રયાસો મૂળભૂત રીતે સમાવેશી છે.

પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ'

'ઉન્નતિ' મુખ્યત્ત્વે ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનમાં સામાજિક સમાવેશ અને સશક્તિકરણ, નાગરિક નેતૃત્વ અને શાસન તથા આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો એમ ત્રણ ક્ષેત્રોમાં કામ કરે છે. આ મુદ્દાઓ પરત્વે સામેલગીરી ઊભી થાય તે માટે જ્ઞાનના સર્જન, હિમાયત અને નાગરિક સમાજનાં સંગઠનોના ક્ષમતાવર્ધન માટે ક્ષેત્રીય સ્તરે પ્રયોગો કરવામાં આવે છે. છેલ્લા ચાર માસ દરમ્યાન આ ક્ષેત્રોમાં થયેલી કામગીરીનો અહેવાલ ટૂંકમાં નીચે મુજબ છેઃ

## સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

| વિગત | માર્ચ ૨૦૧૦ સુધી |
|---|---|
| દલિતો સામેના ભેદભાવના કિસ્સામાં નિવારણ | ૩૪૩ |
| દલિતો પરના અત્યાચારના કિસ્સા હાથ ધરાયા | ૪૨૨ |
| મહિલાઓ પરના અત્યાચારના કિસ્સા હાથ ધરાયા | ૧૫૫ |
| દબાણ હેઠળની દલિતોની જમીન છૂટી કરાઈ (વીઘા) | ૧૧૫૪ |
| જમીન છૂટી થવાથી લાભાન્વિત પરિવારો | ૭૯ |
| કાનૂની પ્રક્રિયા હેઠળ જમીન (વીઘા) | ૭૧૪૯ |
| જમીનના દબાણના કિસ્સા હેઠળ આવરી લેવાયેલા પરિવારો | ૨૨૧ |
| સરકારી યોજનાઓનો ટેકો મેળવનારા પરિવારો | ૪૫૧૯ |

પશ્ચિમ રાજસ્થાનના ત્રણ જિલ્લામાં સ્થાનિક નાગરિક સમાજનાં સંગઠનો ઊભાં કરવામાં આવ્યા છે કે જેથી તેઓ દલિતોને સંગઠિત કરે અને અત્યાચારો તથા ભેદભાવ સામે અવાજ ઉઠાવે અને પોતાના હકો માટે લડત આપે. ગ્રામ સ્તરે દલિત મહિલાઓ અને પુરુષોનાં જૂથો દ્વારા આ મુદ્દાઓ ઉઠાવવામાં આવે છે. તાલુકા સ્તરે તેમનાં મહામંડળોની રચના કરવામાં આવી છે. તેમને સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડીને ટેકો આપવામાં આવે છે. આ પ્રયાસને ૧૦ વર્ષ પૂરાં થયાં છે. ઓક્ટોબર ૨૦૦૯માં આ કાર્યક્રમનું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેની ભલામણોને આધારે આ પ્રયાસ નવેસરથી ગોઠવવામાં આવી રહ્યો છે. આ મૂલ્યાંકનમાં લાંબા ગાળા સુધી અધિકાર આધારિત સામેલગીરી માટે લોકોનાં સંગઠનોની તાકાત અને સંસ્થાગત ટેકાની વ્યવસ્થા જરૂરી છે એમ જણાવવામાં આવ્યું હતું. નવા પોલિસ ધારા-૨૦૦૭નો અસરકારક અમલ થાય તે માટે કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિએટિવ (સીએચઆરઆઈ)ના સહયોગમાં જોધપુર ખાતે તા. ૨૭-૩-૨૦૧ના રોજ એક કાર્યશાળાનું આયોજન કરવામા આવ્યું હતું. આ ધારામાં સમુદાયની સહભાગિતા, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ માટે અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. આ કાર્યશાળામાં બિન-સરકારી સંગઠનોના ૨૦ પ્રતિનિધિઓ, ૫ વકીલો, ૪ પત્રકારો અને ૩ કર્મશીલોએ ભાગ લીધો હતો.

ગુજરાતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તકોમાં વધારો થાય તે હેતુથી નાગરિકોની સામેલગીરીને પ્રોત્સાહન આપવામાં આવે છે. 'ઉન્નતિ' વિકલાંગતાના મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ૧૯ વિકાસલક્ષી સંગઠનો સાથે મળીને કામ કરે છે. માનસિક આરોગ્યની પ્રવર્તમાન સેવાઓ વિશે જાણકારી મેળવવા માટે માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કરનારાં ૭ સંગઠનોની મુલાકાત લેવામાં આવી. અંધજન મંડળ સાથેના સહયોગમાં બાળકોની કાર્યગત ક્ષમતા વધારવા માટે અને વ્યક્તિ શૈક્ષણિક યોજના તૈયાર કરવા માટે બે સંગઠનોને ક્ષમતાનિર્માણનો ટેકો પૂરો પાડવામાં આવે. આ કેન્દ્રોમાં બાળકોને ટેક્નિકલ સેવાઓ પૂરી પાડવા માટે યોગ્ય સંસ્થાઓની જાણકારી પૂરી પાડવામાં આવી. સ્થપતિઓ, ઈજનેરો, ડિઝાઈનરો, બિન-સરકારી સંગઠનો, પુનર્વસનની સંસ્થાઓ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વગેરે માટે ત્રણ દિવસનો એક પ્રશિક્ષકોની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો કે જેથી સાર્વત્રિક ડિઝાઈન અને પહોંચનાં પાસાંને વધારે સારી રીતે સમજી શકાય. પહોંચના પ્રશ્ને કામ કરનારા દિલ્લીના એક બિન-સરકારી સંગઠન સામર્થ્યમ્ દ્વારા આ કાર્યક્રમ ચલાવવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારના આદિ જાતિ વિકાસ વિભાગ સાથેના સહયોગમાં સેટકોમ મારફતે આદિવાસી વિદ્યાર્થીઓને અંગ્રેજીનું ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ભણતરનાં નવાં સ્વરૂપો માટે આ પ્રયોગ દ્વાર ખોલશે અને તેની પહોંચ ઘણી મોટી હશે. આ કાર્યક્રમમાં દૂર શિક્ષણ સાથે સંબંધિત વિવિધ પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને તેના ઉપર દેખરેખ રાખવા માટેનું એક તંત્ર પણ ઊભું થયું છે. ૧૪ જિલ્લાના ૧૧૦ શિક્ષકોને આ કાર્યક્રમના અભિગમ અને તેમની ભૂમિકા વિશે માહિતી આપવા માટે બે અભિમુખતા શિબિરો યોજવામાં આવી હતી. ધોરણ ૮ના વિદ્યાર્થીઓ માટે ૨૬ વર્ગોનો બ્રીજ કોર્સ ચલાવવા માટેનો અભ્યાસક્રમ ક્ષેત્રીય વાસ્તવિકતાઓનું સઘન મૂલ્યાંકન કર્યા પછી અને નિષ્ણાતોના માર્ગદર્શન સાથે ઘડવામાં આવ્યો છે. એક કલાકના એક વર્ગમાં વાર્તાઓ, ગીતો અને સ્વાધ્યાયો છે તથા તેને પૂરક એવાં ચિત્રાત્મક પુસ્તકો છે. અત્યાર સુધીમાં આવી બે સ્વાધ્યાયપોથીઓની ૯૦૦૦ નકલો છાપવામાં આવી અને વિતરીત કરવામાં આવી. વર્ગોમાં જે ગીતોનો ઉપયોગ કરવામાં આવે છે તેમની સીડી શાળાઓમાં વહેંચવામાં આવી છે કે જેથી આ કાર્યક્રમના કલાકો બાદ વિદ્યાર્થીઓને સહાય મળી શકે. તા. ૧૪-૨૩ ડિસેમ્બર, ૨૦૦૯ના સમયગાળા દરમ્યાન આ કાર્યક્રમનો પ્રાયોગિક ધોરણે અમલ કરવામાં આવ્યો કે જેથી કાર્યક્રમ સાથે સંબંધિત પ્રશ્નોનું મૂલ્યાંકન કરી શકાય. તા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ આ કાર્યક્રમના વર્ગોનું સંવહન

શરૂ કરવામાં આવ્યું. અભ્યાસક્રમનો નવતર રીતે વિકાસ થાય તે માટે ટુકડીના સભ્યોનું સતત ક્ષમતાનિર્માણ કરવામાં આવે છે. સેટકોમ દ્વારા શિક્ષણના અનુભવો અંગે એક કાર્યશાળા 'શિક્ષણ માટે આઈસીટીનો ઉપયોગઃ નવી પેઢી માટે તકોનું સર્જન' વિષય વિશે યોજવામાં આવી હતી.

## નાગરિક નેતૃત્વ અને શાસન

છેવાડાના લોકોના અવાજને મજબૂત કરવા અને શાસનની સંસ્થાઓને વધારે પારદર્શક અને ઉત્તરદાયી રીતે કામ કરતી કરવા માટે સક્ષમ બનાવવા નાગરિકોની સામેલગીરી વધે તેવો પ્રયાસ આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવે છે. ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ અને દલિત પ્રતિનિધિઓ તથા નેતાઓની સહભાગિતા અને નેતૃત્વ મજબૂત બને તે માટે પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગયા વર્ષથી 'ઉન્નતિ' ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના અંગેનો સેલ ચલાવવામાં સહયોગ કરી રહી છે. તેને પરિણામે સમગ્ર રાજ્યમાં આ કાયદાના અમલમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરવાની તક ઊભી થઈ છે. તા.૨૭.૧.૨૦૧૦થી તા.૭.૨.૨૦૧૦ દરમ્યાન સમગ્ર રાજ્યમાં સામાજિક અન્વેષણ હાથ ધરવા માટે ઝુંબેશ ચલાવવામાં આવી. તે માટે વ્યૂહરચના ઘડવા અને કાર્ય સરળ બનાવવા ટેકો પૂરો પાડવામાં આવ્યો. જિલ્લા સ્તરના અધિકારીઓને મુખ્ય પ્રશિક્ષક તરીકે તાલીમ આપવામાં આવી. પછીથી તેમણે દરેક તાલુકામાં નિવૃત્ત શિક્ષકો, આચાર્યો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના બનેલાં તાલુકા સંસાધન જૂથોને અભિમુખ કર્યાં. આ જૂથોએ ગ્રામ સ્તરની તકેદારી અને દેખરેખ સમિતિના સભ્યોને અભિમુખ કર્યા અને તેમની પંચાયતોમાં સામાજિક અન્વેષણ હાથ ધરવા માટે તેમને ટેકો પૂરો પાડ્યો. આ વ્યૂહરચના ધીમે ધીમે સારાં પરિણામો આપશે અને સમુદાય વધારે સક્ષમ બનશે કારણ કે કોઈ બહારની સંસ્થા દ્વારા આ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી નથી પરંતુ ગ્રામ સ્તરની સમિતિ દ્વારા તે હાથ ધરવામાં આવે છે. યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને બાહ્ય નિરીક્ષકો તરીકે સામેલ કરવામાં આવ્યા અને તેમણે ૩,૪૦૯ ગ્રામ સભાઓમાં હાજરી આપી. આ સમગ્ર પ્રક્રિયા અંગે એક દસ્તાવેજી વીડિયો તૈયાર કરવામાં આવી રહ્યો છે. નાગરિકોના રિપોર્ટ કાર્ડનો સામાજિક ઉત્તરદાયિત્વના એક સાધન તરીકે ઉપયોગ કરવા મે-૨૦૦૯ દરમ્યાન ગુજરાતમાં ૧૦ નગરોમાં ત્રણ સેવાઓ માટે ૬ બિન-સરકારી સંગઠનો સાથે સહયોગ સાધવામાં આવ્યો. રિપોર્ટ કાર્ડ વિશે એક દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. ગુજરાતમાં સામાજિક ઉત્તરદાયિત્વના જે અભિગમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે સમજવા માટે ૨૦મી ફેબ્રુઆરી અને ૪થી માર્ચ, ૨૦૧૦ના રોજ ફોર્ડ ફાઉન્ડેશનની બે ટુકડીઓએ મુલાકાત લીધી હતી.

ગુજરાતનાં ૪૦ ગામોમાં ૨૦૦૩થી નાગિરક મંડળોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ ગામોના ૧૨૦ નાગરિક નેતાઓને નિયમિત રીતે ક્ષમતાનિર્માણનો ટેકો પૂરો પાડવામાં આવે છે. નાગરિક નેતાઓએ ભ્રષ્ટાચાર, મદ્યપાન જેવા પ્રશ્નોમાં પરિવર્તનના એજન્ટ તરીકે કામ કર્યું છે અને ગુણવત્તાસભર પાયાની સેવાઓ મળે તે માટે પ્રયત્ન કર્યો છે. ૨૯ નાગરિક નેતાઓની સફળ કહાણીઓ એક પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવી છેઃ 'નાગરિક આગેવાનઃ જે પીડ પરાઈ જાણે રે...' તા. ૧૨.૧૨.૨૦૦૯ના રોજ નાગરિક નેતોઓનું સન્માન કરવામાં આવ્યું અને આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. નાગરિકત્વ અને શાસન વિષય વિશે નાગરિક સમાજનાં સંગઠનો માટે દર વર્ષે એક પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવે છે. ભચાઉ ખાતે તા. તા.૪-૬, માર્ચ ૨૦૧૦ દરમ્યાન યોજાયેલી આ પ્રકારની તાલીમમાં ૮ સંગઠનોના કુલ ૨૭ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

**માહિતીના અધિકારના શિક્ષકો તરીકે નાગરિક નેતાઓ**

ક્ષેત્રીય પ્રયોગના વિસ્તારોમાંથી ૧૪ નાગરિક નેતાઓ માહિતી અધિકારના શિક્ષકોની ભૂમિકા ભજવે તે માટે જાન્યુઆરી ૨૦૦૯થી તેમની ક્ષમતાઓનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેઓ અગાઉથી નક્કી કરવામાં આવેલાં સ્થળોએ માહિતી અધિકાર વિશે શિબિરો યોજીને લોકોમાં જાગૃતિ ઊભી કરે છે અને તેઓ લોકોને માહિતી મેળવવા માટેની અરજી કરવામાં અને એ અરજી પછીની કાર્યવાહી ઉપર ધ્યાન રાખવા માટે મદદ કરે છે.

| વિગત | માર્ચ ૨૦૧૦ સુધી |
|---|---|
| જાગૃતિ શિબિરો | ૨૮૯ |
| હાજરી આપનાર લોકો | ૪૬૦૫ |
| અરજીઓ | ૩૦૦ |

રાજસ્થાનમાં ૭૩મા બંધારણ સુધારા પછી ગ્રામ પંચાયતોની ૪થી વખતની ચૂંટણી યોજવામાં આવી. 'ઉન્નતિ' દ્વારા નિયમિત રીતે ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી પૂર્વેની મતદાર જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે છે. તેમાં લોકોને મતદાનનું મહત્ત્વ સમજાવાય છે, મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે વાતાવરણ ઊભું કરાય છે અને મહિલાઓ તથા દલિતોને તેમનાં ઉમેદવારી પત્રો ભરવામાં આવે છે. આ વખતે રાજસ્થાનનાં ૨૧ સંગઠનો, ધ હંગર પ્રોજેક્ટ અને 'પ્રિયા' સાથેના સહયોગમાં ઝુંબેશ ચલાવવામાં આવી. તેમાં મહિલાઓ અને દલિતોના નેતૃત્વને મજબૂત કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો અને મતદાન કરવાના તથા ઉમેદવારી કરવાના તેમના અધિકારો વ્યવહારમાં ઉપયોગમાં આવે તે ઉપર ધ્યાન આપવામાં આવ્યું. જોધપુર જિલ્લાનાં લુણી તાલુકામાં વિકલાંગ ધરાવતી વ્યક્તિઓ મતદાન મથકો ઉપર

દેખરેખ રાખે તેવો પણ પ્રયાસ કરવામાં આવ્યો. રાજસ્થાનમાં સમાન તકો અને સમાન અધિકારો વિશે મહિલાઓનું અધિવેશન બોલાવવામાં આવ્યું હતું. મહિલા નેતાઓમાં ઐક્યની ભાવના ઊભી થાય અને સમુદાય સ્તરે ન્યાય ઊભો કરવા માટે તેમણે કરેલા ઉદાહરણીય કાર્યનું સન્માન થાય તે માટે આ અધિવેશન બોલાવાયું હતું. ચાર જિલ્લાના ૭ તાલુકાના ૨૫૦ મહિલા નેતાઓએ તેમાં ભાગ લીધો હતો અને ૩૦ મહિલાઓ નેતાઓનું તેમાં સન્માન કરાયું હતું. ગુજરાતના ૯ જિલ્લાના ૨૫ કાર્યકરો, ૭ મહિલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ૨૦ મહિલા સરપંચોએ તા. ૩.૧૨.૨૦૦૯ના રોજ મહિલા સ્વરાજ અભિયાન સાથેના સહયોગમાં યોજાયેલી રાજ્ય સ્તરની વિમર્શ સભામાં હાજરી આપી હતી. તેમાં ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓની પરિસ્થિતિ વિશે સમજ કેળવવામાં આવી અને તેમને તેમના અનુભવો, પડકારો અને સફળતાઓ વિશે વાતચીત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું.

## આપત્તિ જોખમ ઘટાડાના સામાજિક નિર્ધારકો

આપત્તિ જોખમ ઘટાડા માટે કંઈક શીખી શકાય અને કાર્ય થાય અને તાકીદતાની પરિસ્થિતિમાં પ્રતિભાવ આપવા માટેની ક્ષમતાનું નિર્માણ થાય તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. પશ્ચિમ રાજસ્થાનમાં દુષ્કાળના સંદર્ભમાં અસહાય દલિત પરિવારોને પાણી અને ઘાસચારાની સહાય કરાઈ છે. આ પરિવારો સરકાર દ્વારા પૂરી પડાતી રાહત મેળવી શકતા નથી. ૨૩ ગામોના ૭૮ અસહાય પરિવારોને ટાંકલી બાંધવા ટેકો પૂરો પડાયો, ૧૫૦ પરિવારોને ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. ૧૦૩૮ બકરીઓ ધરાવનારા ૨૦૯ પરિવારોને ૯૦ દિવસ સુધી એક બકરી દીઠ ૨૫૦ ગ્રામ ઘાસચારો પૂરો પાડવામાં આવ્યો હતો. જોધપુર અને બાડમેરમાં આપત્તિ માટેની નીતિ અને જિલ્લા સ્તરીય તંત્ર તથા દુષ્કાળ રાહત અંગેની સરકારની વિવિધ યોજનાઓ વિશે એક દિવસની કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. તેમાં ૨૯ બિન-સરકારી સંગઠનોએ ભાગ લીધો હતો. રાહત સેવાઓના વિતરણમાં ઉત્તરદાયિત્વ આવે અને અસહાય જૂથોને આ સેવાઓ પ્રાપ્ત થાય તે માટે તેમને મદદ કરવા સમુદાય આધારિત દેખરેખ વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. તેનાં પરિણામે સરકારી સત્તાવાળાઓને સુપરત કરવામાં આવે છે. દુકાળ ઉપરાંત લોકો મેલેરિયાને પણ ખૂબ જ મોટું જોખમ ગણે છે. ઢાણીમાં રહેતાં અસહાય પરિવારોને સરકારી સેવાઓનો લાભ પ્રાપ્ત થતો નથી. અમદાવાદના સેવા સાથે મળીને મહિલા આરોગ્ય કાર્યકરો તૈયાર કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૦ દરમ્યાન ૨૮ મહિલાઓ માટે ત્રણ દિવસની એક તાલીમ આ વિષયે યોજવામાં આવી હતી. તેમને પાંચ વખત આ પ્રકારની તાલીમ આપવામાં આવશે. તેઓ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનું હાલ મૂલ્યાંકન અને નકશાંકન કરી રહ્યાં છે. તે ઉપરાંત તેઓ માતૃત્વ, રસીકરણ અને પોષણલક્ષી સેવાઓ મહિલાઓ અને બાળકોને કેટલા પ્રમાણમાં મળે છે તેનું પણ મૂલ્યાંકન કરી રહ્યાં છે. ઓરિસ્સાના એક્સઆઈએમબી સેન્ડરનેટના ૧૨ જણાએ તા. ૨૦-૨૪ માર્ચ ૨૦૧૦ દરમ્યાન દુકાળના જોખમના ઘટાડા માટે પાણી અને ઘાસચારાની સલામતીના તંત્રને સમજવા માટે રાજસ્થાનની મુલાકાત લીધી હતી. બચાવ, પ્રાથમિક સારવાર, પાણી, સફાઈ, આરોગ્ય, સાધન-સામગ્રીનું સંચાલન, આવાસનું બાંધકામ અંગેની તાલીમમાં ૯૫ જેટલા બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ, પંચાયત નેતાઓ, કારીગરો, કાર્યદળના સભ્યો વગેરેએ હાજરી આપી હતી. આ તાલીમને રેડક્રોસ, ગુજરાત અને રેડ-આર ઈન્ડિયા દ્વારા ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. લોકભારતી-સણોસરા અને મોતીભાઈ ચૌધરી ફાઉન્ડેશન-મહેસાણાના સહયોગમાં તા.૨૩.૧.૧૦થી ૨૦.૨.૧૦ દરમ્યાન આબોહવામાં પરિવર્તનની અસરો અને તે નિવારવાનાં પગલાં વિશે પ્રાદેશિક કાર્યશાળાઓ યોજાઈ કે જેમાં બિન-સરકારી સંગઠનો, સમુદાય આધારિત સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ખેડૂતો સહિત ત્રણસો જણાએ ભાગ લીધો હતો.


**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: **sie@unnati.org** વેબસાઈટ: **unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: **unnati@datainfosys.net**

ડિઝાઈન : રમેશ પટેલ અને હિતેશ ગોલકીયા 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૧૫૬૪૦૨



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.